
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૯મું
એપ્રિલ : ૨૦૨૪
અંક : ૫૫૧

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૫૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




Eat Healthy
Limited Processed Food
Exercise Regularly

: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665   marketing@vtransgroup.com   www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સંકુલની સામે કચ્છી સપૂત, જીવદયા અને સમાજસેવાને સમર્પિત એવા નિષ્ઠાવાન કાર્યકર્તા "સ્વ. શ્રી ધીરૂભાઈ સ્વરૂપચંદ શાહ – અન્ડરપાસ"નું લોકાર્પણ કરવામાં આવ્યું

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ભારતીય રેલવે અને ગુજરાત મેટ્રો રેલની સંયુક્ત કામગીરીથી શ્રી કચ્છી જૈન ભવનની સામે તૈયાર થયેલા અન્ડરપાસ 'બ્રિજ'નું તા. ૪-૩-૨૦૨૪ના રોજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા ઉદ્‌ઘાટન કરીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અન્ડરપાસને કચ્છના નિષ્ઠાવાન રાજકીય કાર્યકર્તા અને એક સમયના ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષ સ્થાન સુંદર રીતે શોભાવનાર સ્વ. શ્રી ધીરૂભાઈ સ્વરૂપચંદ શાહનું નામ આપવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી ધીરૂભાઈ શાહ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હિતેચ્છુ અને આદરણીય રીતે સભ્યપદ ધરાવતા હતા. તેઓશ્રીના સુપુત્ર શ્રી આશિષભાઈ પણ આ સમાજ સાથે લાંબા સમયથી સંકળાયેલા રહ્યા છે.

ઉપરોક્ત અન્ડરપાસની બંને બાજુએ દીવાલ ઉપર શહેરના કોટ વિસ્તારના વારસા સ્વરૂપે વનસ્પતિ તથા પ્રાણી સૃષ્ટિની ખાસ ઝલક દર્શાવતું એક ખાસ પ્રકારનું આર્ટ વર્ક કરવામાં આવ્યું છે. હવે આ અન્ડરપાસના કારણે આંબાવાડી, લૉ ગાર્ડન, પાલડી વગેરે વિસ્તારના રહેવાસીઓને અને વાહનોને ઉત્તમ કનેક્ટીવિટી મળશે.

આ અન્ડરપાસ લગભગ રૂપિયા ૮૩ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. ફોરલેનના અન્ડરપાસની લંબાઈ ૪૫૦ મીટર તથા પહોળાઈ અંદાજે ૧૭ મીટર જેવી છે. અન્ડરપાસને તૈયાર કરાવવામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ભારતીય રેલવે અને ગુજરાત મેટ્રો રેલ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે.

અન્ડરપાસના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિના સભ્યોની ખાસ ઉપસ્થિતિ રહી હતી. હજુ ૧૦ થી ૧૫ દિવસ આ અન્ડરપાસથી લોકો અવર-જવર કરી શકશે નહીં. તેની અંદર આવેલા રોડમાં ડામરનું લેયર લગાડવાનું કામ બાકી છે. તે ઉપરાંત પાલડી તરફના છેડે પાંચ રસ્તા હોવાથી ત્યાં જંકશન બનાવવાનું પણ બાકી છે અને મોબાઈલ ટાવરને હટાવવાની કામગીરી પણ હવે થશે.

ઉપરોક્ત પ્રસંગ નિમિત્તે સ્વ. શ્રી ધીરૂભાઈ શાહના સુપુત્ર શ્રી આશિષભાઈના પરિવાર દ્વારા શ્રી કચ્છી જૈન ભવન ખાતે એક મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્વ. શ્રી ધીરૂભાઈના પરિવારજન તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સ્વ. ધીરૂભાઈ માત્ર જ્ઞાતિ સંગઠન માટે નહીં પરંતુ સમગ્ર કચ્છી સમાજ અને કચ્છના વિકાસના સ્વપ્ન સેવી તેને ચરિતાર્થ કરવા સતત પ્રયત્નશીલ રહેતા હતા. જીવદયા ક્ષેત્રમાં પણ કાર્યરત રહેતા હતા. કચ્છમાં ગ્રામ વિકાસ, ખેતી વિકાસ, પાંજરાપોળોની સ્વાયત્તતા અને તેના ઉત્થાન અર્થે તેઓશ્રીની આગવી વિચારધારા હતી. ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ સ્થાનની કામગીરી ખૂબ જ યશસ્વીપૂર્વક નિભાવીને કચ્છનું નામ રોશન કર્યું હતું.

ઉપરોક્ત સમારંભમાં રાજકીય ક્ષેત્રની હસ્તીઓ, વિવિધ સમાજના અગ્રણીઓ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો તથા પરિવારજનો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત હતા. તે પૈકી કેટલાક મહાનુભાવોએ પોતાના પ્રવચનમાં સ્વ. શ્રી ધીરૂભાઈની વિવિધ ક્ષેત્રની કાર્યશૈલીને બિરદાવી હતી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**નોંધ :** *ઉપરોક્ત અન્ડરપાસ તા. ૨૧-૩-૨૦૨૪થી કાર્યરત કરી દેવામાં આવેલ છે.*

# "સ્વ. શ્રી ધીરૂભાઈ સ્વરૂપચંદ શાહ – અન્ડરપાસ"નું લોકાર્પણ



















છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- મારું આરોગ્ય, મારો અધિકાર ........ **અશોક મહેતા** ....... ૭

**પ્રેરણાત્મક પ્રસંગો**

- મણકો-૫ : અન્યને મદદ કરવાની શક્તિ ........ **સંકલન : ડૉ. આશિષ ચોક્સી** ....... ૯
- મણકો-૬ : અમર રહે અવિનાશ ........ ૯

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૪ : ભાઈ પરમાનંદ ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૧૦

**એરિસ્ટોક્રેટ્સ**

- પ્રકરણ-૧ : અંબાલાલ સારાભાઈ ........ **દેવેન્દ્ર પટેલ** ..... ૧૧

**કચ્છી બોલી**

- કચ્છી બોલી, માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરી શકાય? ........ **મહેન્દ્ર દોશી** ..... ૧૩

**તંદુરસ્તી**

- વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ : ૨જી એપ્રિલ ....... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૧૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- વૈશ્વિક સ્વાસ્થ્ય દિવસ : ૭ એપ્રિલ ૨૦૨૪ ........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૨૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- મીકાસ બાયપાસ સર્જરી ........ **ડૉ. કમલેશ એન. શાહ** ..... ૨૨
- નાભિનું હર્નીયા – સારણગાંઠ ........ **ડૉ. તપન શાહ** ..... ૨૩

**વિવિધતા**

- જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો ........ **દ્રષ્ટિ મહેતા / યેશા મહેતા** ..... ૨૪

**વ્યક્તિ વિશેષ**

- સ્વ. રમણીકલાલ કરમશી શાહ ........ **કેકીન રમણિકલાલ શાહ** ..... ૨૫

**તીર્થ દર્શન**

- દર્શન-૫૦ : શ્રી ભરૂચ તીર્થ
- દર્શન-૫૧ : શ્રી ઝઘડિયા તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૨૭

**અન્ય સંસ્થાઓના સમાચાર**

- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૮

**નિયમિત વિભાગો**

- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૨ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૩૦
- ઉડતી નજરે ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

● *Nano Nine* શબ્દ રમત-૨૦૫ .................. **સંકલન : રજનીકાંત પારેખ**..... ૩૩
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૬૩) .................. **સંકલન : રજનીકાંત પારેખ**..... ૩૫
● દેશ - વિદેશ .................. **ચૌલા કુરૂવા**..... ૩૬
● જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી .................. **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૪૦
● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૧ : ડૉ. કમલેશ એન. શાહ .................. **અશોક મહેતા**..... ૪૨

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

● મહિલા ઉત્કર્ષ સમિતિ .................. ૪૫
● વયસ્ક સમિતિ .................. ૪૭
● યુવા વિકાસ સમિતિ .................. ૪૯
● અંગદાન સમિતિ : રક્તદાન અનુમોદના .................. ૪૯
● બાળ કલ્યાણ સમિતિ .................. ૫૦
● શ્રી કચ્છી વિશ્રામગૃહ પર અચલગચ્છીય મહારાજ સાહેબની પધરામણી .................. ૫૧
● 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી .................. ૫૧
● અગત્યની જાહેરાત .................. ૫૧
● સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર .................. ૫૨

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● સમાતી નથી.................. **કેતના છેડા 'કેતુ'**..... ૧૦
● ફાગણ આયો રે .................. **દેવચંદ ગાલા**..... ૧૯
● રામ શરણમાં .................. **દીપક પૂરી 'દર્દેદિલ'**..... ૨૩
● દર્પણ .................. **રણજિતસિંહ રાણા**..... ૩૪
● હાઈકુ .................. **અરવિંદ સોમૈયા**..... ૪૧
● પ્રેમનો કારોબાર .................. **નેહા શાહ 'નેહ'**..... ૪૪

*ભાઈઓ વચ્ચે આત્મીયતા હોય ભાઈબંધ જેવી અને ભાઈબંધો વચ્ચે લાગણી હોય સગા ભાઈઓ જેવી બસ... પછી તો આનંદ જ આનંદ.*

*દરેક સંબંધોમાં છીંડા શોધવા કરતાં દરેક સંબંધોમાં લાગણીના છેડા જોડીશું તો ફાવી જશું.*

*જીતનો આનંદ કે આનંદની સાચી જીત ત્યારે જ છે, જ્યારે સૌ સાથે મળીને જીત કે આનંદની ઉજવણી કરી શકે... સાચું કહું...?*

*સંબંધો સાચવવામાં કે એ સંબંધોને આત્મીય ગરિમા આપવામાં આપણે સૌ છેતરાયા છીએ. પણ, સબૂર...*

*આપણને છેતરનારું અન્ય કોઈ જ નહીં, આપણે જ છીએ હોં!*

**ચેત્યા તો જીત્યા, નહિંતર હાર પાકી છે.**

*– ડૉ. ત્રિકાલદાસજી બાપુ, રાપર (વાગડ), કચ્છ*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# મારું આરોગ્ય, મારો અધિકાર



અશોક મહેતા

*વિશ્વના દરેક દેશમાં ૭મી એપ્રિલને "વિશ્વ આરોગ્ય દિવસ" તરીકે મનાવાય છે. યુનોએ ૭મી એપ્રિલ ૧૯૪૮ના રોજ "વિશ્વ આરોગ્ય સંસ્થા"ની સ્થાપના કરી અને ૭મી એપ્રિલ ૧૯૫૦થી દુનિયાના દરેક દેશમાં "વિશ્વ આરોગ્ય દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.*

*વિશ્વ આરોગ્ય દિવસ મનાવવાનો મુખ્ય હેતુ, વિશ્વના દરેક રાષ્ટ્ર તથા દરેક રાષ્ટ્રની સામાન્ય પ્રજાનું વિશ્વવ્યાપી બીમારીઓ તરફ ધ્યાન દોરવાનું તથા આ બીમારીઓ કાબૂમાં આવે અને તેને અટકાવી શકાય તેવા સંયુક્ત પ્રયાસો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવે. આ સંદર્ભમાં સંસર્ગજન્ય બીમારીઓ (ચેપી બીમારીઓ), જેવી કે અછબડા, શીતળા, રક્તપિત્ત, ટી.બી., કોવિડ-૧૯ પર વિશ્વકક્ષાએ કાબૂ મેળવાયો છે. પરંતુ સંસર્ગજન્ય સિવાયના રોગો જેવા કે ડાયાબિટીસ, ડિપ્રેશન વગેરે પર કાબૂ મેળવવાનો બાકી છે કે જેના પર જનજાગૃતિ જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.*

*વિશ્વ આરોગ્ય સંસ્થા વૈશ્વિક આરોગ્ય દિવસ નિમિત્તે દર વર્ષે એક સૂત્ર (થીમ) બહાર પાડે છે.* ***વર્ષ ૨૦૨૪નું સૂત્ર છે : "મારું આરોગ્ય, મારો અધિકાર."***

*વિશ્વ આરોગ્ય સંસ્થાની આરોગ્યને લગતી કમિટીએ "ઈકોનોમિક્સ ઓફ હેલ્થ ફોર ઓલ" ઉપરના તાજેતરના રીપોર્ટમાં નોંધ્યું છે કે વિશ્વના ૧૪૦ દેશોએ પોતાના બંધારણમાં આરોગ્યને માનવીનો અધિકાર માન્યો છે પરંતુ ફક્ત ૪ દેશોએ આ માટેના નાણાંકીય નિર્ણયો લીધેલ છે. વિશ્વના દેશોની સરકારો માટે પણ આરોગ્ય, એ મહત્ત્વનો વિભાગ છે પરંતુ આરોગ્ય વિભાગ માટેનું ફાળવાયેલું બજેટ ટોટલ બજેટની ગણનાએ નહીં જેવું જ હોય છે. વિશ્વભરના દેશોએ આ અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરવી જરૂરી છે.*

*વિશ્વ આરોગ્ય સંસ્થાના સૂત્ર સાથે નીચે મુજબની એક વધુ લાઈન ઉમેરવી જરૂરી લાગે છે.*

***"મારું આરોગ્ય, મારો અધિકાર***
***મારું આરોગ્ય, મારી જવાબદારી."***

*વ્યક્તિ જ્યારે અધિકારની વાત કરે ત્યારે સહજપણે એ વ્યક્તિની જવાબદારી પણ આવે છે અને આરોગ્યની બાબતમાં તો એ જવાબદારી સ્વાભાવિકપણે નિભાવવી જરૂરી બની રહે છે.*

*આરોગ્ય જાળવી રાખવા સરકારશ્રીની એ જવાબદારી રહે છે કે પ્રદૂષણ રહિત શુધ્ધ હવા, શુધ્ધ પીવાનું પાણી, પૌષ્ટિક અને શુધ્ધ ખોરાક (જંક ફુડ નહીં) આપે. પરંતુ સાથે સાથે દરેક નાગરિકની પણ જવાબદારી બની રહે છે કે તેઓ વાતાવરણને પ્રદૂષિત ના કરે, કચરો રસ્તા પર ન ફેંકે, રસ્તા પર થૂંકે નહીં, પ્રદૂષણ વધારનારી વસ્તુઓનું (પ્લાસ્ટીક વગેરે) યોગ્ય નિકાલ કરે, કચરો બાળીને ધૂમાડો ન કરે, વૃક્ષો વાવે તથા તેની યોગ્ય જાળવણી કરે.*

*આરોગ્યનું એક પાસું છે કે વ્યક્તિ બીમાર પડે તો તેને સારવારની સુવિધાઓ તરતથી મળી રહે. ગવર્નમેન્ટ આ બાબતમાં પોતાનાથી શક્ય રીતે ધ્યાન આપે જ છે. પરંતુ સાથે સાથે કેટલીક સેવાભાવી સંસ્થાઓ પણ આ ક્ષેત્રે કાર્યરત રહેતી આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ સેવાઓ ખૂબ જ કિફાયતી દરે અને ખૂબ જ પ્રશંસનીય રીતે જન સામાન્યને મળતી રહે છે. અહીં વિવિધ પ્રકારના ડૉક્ટરો અને વિવિધ પ્રકારના*

પરીક્ષણની સેવાઓ છેલ્લા ૨૫થી પણ વધુ વર્ષોથી સમાજના દરેક વર્ગની વ્યક્તિને અવિરતપણે મળતી રહે છે.

આરોગ્યનું એક અન્ય પાસું છે – પ્રિવેન્શન (અગાઉથી બચવાના પગલા લેવા). દરેક નાગરિક એવી જીવનશૈલી અપનાવે કે જેથી રોગ થવાની શક્યતા ખૂબ જ પ્રમાણમાં ઘટી જાય. શારીરિક કસરત, યોગ, પૌષ્ટિક આહાર, સપ્રમાણ ઊંઘ વગેરેનું નિયમિત રીતે પાલન કરે કે જેથી રોગ પ્રતિકારક શક્તિ વધી શકે.

એપ્રિલ મહિનામાં બીજી એક બીમારીને પણ "જાગૃતિક વિશ્વ આરોગ્ય દિવસ" તરીકે મનાવાય છે. બીજી એપ્રિલનો દિવસ "વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ" તરીકે સારાયે વિશ્વમાં મનાવાય છે. ઓટીસ્ટીક બીમારી એક ન્યુરોડેવલપમેન્ટ ડિસઓર્ડરની બીમારી છે. મગજ જોઈએ એ પ્રમાણે બરાબર ડેવલપ ના થયું હોય તેને લગતી આ બીમારી છે. ઓટીઝમની બીમારી વિશ્વવ્યાપી છે. વિશ્વની વસ્તીના ૧ ટકા બાળકોમાં આ બીમારી જોવા મળે છે. આ બીમારીના કારણે બાળકના મગજમાં મુખ્યત્વે ત્રણ અલગ અલગ કારણથી ખલેલ પહોંચે છે : (૧) અન્ય બાળકો તથા વડીલો જોડેના પરસ્પરના સંબંધોમાં ગરબડ ઉભી થવાના કારણે (Social Communication Deficit), (૨) મર્યાદિત પ્રવૃત્તિઓમાં રસ હોવો તથા એ જ પ્રવૃત્તિઓ વારંવાર કરવી (Restricted repetitive interest) અને (૩) સંવેદનાને વ્યક્ત કરવામાં અક્ષમતા.

વિશ્વ આરોગ્ય દિવસ તથા ઓટીઝમ જાગૃતિ દિવસ વિશેની વિસ્તારપૂર્વક માહિતી આ અંકના તંદુરસ્તી વિભાગમાં બે અલગ અલગ લેખો દ્વારા આપવામાં આવેલ છે.

"વિશ્વ આરોગ્ય દિવસ" આપણે સ્વાસ્થ્ય માટે જાગૃત બનીએ એ હેતુથી મનાવાય છે. આપણું સ્વાસ્થ્ય એ આપણી સંપત્તિ છે (Health is Wealth). રોગની સારવાર કરવા કરતાં રોગને થતો અટકાવવો એ વધુ સારું છે (Prevention is better than Cure). આપણે આજે નિશ્ચય કરીએ કે હકારાત્મક જીવનશૈલી અપનાવી, ભવિષ્યમાં થતા રોગને અટકાવીએ.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

## મંગલ મંદિરનું લવાજમ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.**

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
- ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
- ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
- ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
- ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :**

- સંસ્થાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- એકાઉન્ટ નંબર : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- IFSC કોડ : CNRB0017007

**રજનીકાંત પારેખ, માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો-૫ : અન્યને મદદ કરવાની શક્તિ
# મણકો-૬ : અમર રહે અવિનાશ

● સંકલન ●
ડૉ. આશિષ ચોકસી

## મણકો - ૫ : અન્યને મદદ કરવાની શક્તિ

જ્યારે તમે કોઈના આંસુને ખુશીમાં બદલવાનાં કાર્યો કરો છો કે તરત તમે ઈશ્વરની નજરમાં આવી જાવ છો. હવે તમારી રક્ષા, સુરક્ષા, પરીક્ષા અને જીવનમાં આવતી જવાબદારીઓની ચિંતા તે કરશે. ધીરે ધીરે તમે ઈશ્વર સાથે ઐક્ય અનુભવશો. તેના દિવ્ય પણ અદૃશ્ય તેજને પણ તમે અનુભવી શકશો. જાણે તમારું સમગ્ર અસ્તિત્વ ઝળહળી ઉઠશે.

સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૦માં અમદાવાદની દિવાન બલ્લુભાઈ સ્કૂલ - કાંકરીયાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કોરોનામાં નિધન થયેલ માતા-પિતાનાં જે બાળકો સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યાં હોય તેમના માટે ભંડોળ એકઠું કરી રહ્યા હતા. બધા વિદ્યાર્થીઓ યથાશક્તિ ફાળા માટે જે બેંક ડીટેઈલ આપવામાં આવી હતી તેમાં પૈસા ટ્રાન્સફર કરતા હતા.

સ્કૂલના જ એક ભૂતપૂર્વ વિદ્યાર્થી જે હાલ અમેરિકા સ્થિત છે તેમણે પણ ૧૦૦૦ ડોલરનો ફાળો તેમના વતી ઓનલાઈન આપેલ એકાઉન્ટમાં બેંક ટ્રાન્સફર કર્યા. કોઈ ટેકનિકલ ખામીને કારણે તેમના જ એકાઉન્ટમાંથી ૧૦૦૦ ડોલર બે વખત ટ્રાન્સફર થયા. શાળાના સંચાલકોએ તેમનું ધ્યાન દોર્યું કે ૧૦૦૦ ડોલર (તે વખતના પ્રમાણે ૭૩,૦૦૦ રૂપિયા) જેટલી રકમ બે વખત આવી ગઈ છે તો તેઓ ૧૦૦૦ ડોલર પાછા મોકલી આપે છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ તે રકમ પાછી લેવાનો ઈન્કાર કર્યો.

ઉપરોક્ત વાતમાં માનવીય અથવા કોઈ ટેકનિકલ ક્ષતિને કારણે વધુ પૈસા અપાઈ ગયા. પરંતુ વિદ્યાર્થીએ આ ભૂલને ઈશ્વર ઈચ્છા સમજી, ઈશ્વર તેમની પાસે વધુ સેવાનું કામ કરાવવા માંગે છે તેમ માની ભૂલને સહર્ષ સ્વીકારી ‘હરિ ઈચ્છા’ ગણી પોતાના કાર્યને ઈશ્વરને સમર્પણ કર્યું.

● **છેલ્લો બોલ :**

***ઈશ્વર તમને આર્થિક રીતે સુખી એટલા માટે કરે છે કે તમારી અન્યને મદદ કરવાની શક્તિ વધે. તમારી જીવનશૈલી વૈભવી બનાવવા માટે તે ક્યારેય તમને સુખી નથી કરતો.***

## મણકો - ૬ : અમર રહે અવિનાશ

ગુજરાતના એક વિશ્વવિખ્યાત ગીતકાર-સંગીતકારને ૧૯૭૫-૧૯૭૬ના સમયમાં ‘લાખો ફુલાણી’ પિક્ચરમાં એક ગુજરાતી ગીતને કિશોરકુમારના અવાજમાં ગવડાવવાની ઈચ્છા થઈ. આ માટે પિક્ચરના નિર્માતા સાથે તેઓ મુંબઈમાં જુહુ સ્થિત કિશોરકુમારના ઘરે પહોંચી ગયા.

કિશોરકુમારના ઘરના ઝાંપે જ તેમને ખબર મળ્યા કે કિશોરકુમાર મહેમૂદ સાથે કોઈ ગંભીર ચર્ચા કરી રહ્યા છે. પછી તેઓએ કિશોરકુમારને રૂબરૂ મળી શકાય તે હેતુથી પોતાનું નામ, ટેલિફોન નંબર ચિઠ્ઠીમાં લખી કિશોરકુમારને પહોંચાડાવી. ચિઠ્ઠીમાં ‘ફુરસદે વાત કરવા’ વિનંતી કરી હતી. કિશોરકુમારે ચબરખીમાં બારણે આવનારનું નામ વાંચ્યું – “અવિનાશ વ્યાસ.” તેઓ જાતે ઊભા થઈ બહાર આવ્યા. બૂમ પાડીને અવિનાશભાઈને રોક્યા. વાંકા વળી ચરણરજ માથે ચઢાવી અને કહ્યું, ‘ગુરુજી, મેરે ઘર આપ પહેલી બાર પધારે ઔર બિના આશીર્વાદ દિયે હી લૌટ જાના ચાહતે થે.”

પદ્મશ્રી અવિનાશ વ્યાસ એટલે બારેક હજાર ગીતોના ગીતકાર, ૨૫૦ જેટલી ફિલ્મોના સંગીત નિર્દેશક, અસંખ્ય ગીત-ગરબાઓના રચયિતા, ૪૦ વર્ષ સુધી ગીત-સંગીતની દુનિયામાં છવાયેલું અવિનાશી નામ એટલે અવિનાશ વ્યાસ.

૧૯૪૯માં રજૂ થયેલ ‘મંગલફેરા’ ફિલ્મનું ગીત ‘રાખના રમકડાં’ અમર થઈ ગયું. ૧૯૭૭માં આવેલ ‘દાદા હો દીકરી’નું ટાઈટલ સોંગ વાગતું ત્યારે જાણે અડધું થિયેટર રડતું તેમ કહેવાતું. ‘માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો’ તેમની કારકિર્દીનો માસ્ટર પીસ હતો. ‘પંખીડાને આ પીંજરું જૂનું જૂનું લાગે’ અને ‘હુ, તુ, તુ, તુ... જામી રમતોની ઋતુ..’ જેવા ગીતો હજી લોકોની જીભે રમે છે.

● **છેલ્લો બોલ :** ***આવી ઈર્ષા ઉપજાવે તેવી લોકચાહના છતાં તેઓ સ્વભાવે ખૂબ નમ્ર અને સૌજન્યશીલ હતા. કિશોરકુમારે તેમને શ્રેષ્ઠ અંજલિ આપતાં કહ્યું હતું, ‘લક્ષ્મી-પ્યારે હો યા કલ્યાણજી-આનંદજી, સબ ઈનકે આસિસ્ટન્ટ રહ ચૂકે હૈ, ઈતના બડા આદમી કિતના સીધા હૈ.’***

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૪ : ભાઈ પરમાનંદ

• લેખક •
રાજ ભાસ્કર /
અનંત શુક્લ /
મધુકાંત પ્રજાપતિ

## ભાઈ પરમાનંદ

*જન્મ : ૪ નવેમ્બર, ૧૮૭૬ • મહાપ્રયાણ : ૮ ડિસેમ્બર, ૧૯૪૭*

ભાઈ પરમાનંદનો જન્મ ૪ નવેમ્બર, ૧૮૭૬ના રોજ પંજાબના જેલમ (હાલ પાકિસ્તાનના) શહેરમાં થયો હતો. પ્રખર વિદ્વાન ભાઈ પરમાનંદે દેશમાં વૈચારિક ક્રાંતિ આણવાનું કામ કરેલું. 'તવારીખે હિંદ' પુસ્તક લખવા બદલ તેમને કાળાપાણીની સજા થયેલી. તેમનું વતન હાલના પાકિસ્તાનમાં આવેલું જેલમ જિલ્લાનું કરિયાળા ગામ. તેઓ બાલ્યકાળથી આર્યસમાજી. ઉચ્ચ અભ્યાસ માટે વતનનું ગામ છોડી લાહોર જવાનું થયું. ત્યાંની દયાનંદ ઍંગ્લો વૈદિક કોલેજમાંથી સ્નાતક થઈને એ જ કોલેજમાં પ્રાધ્યાપક બન્યા. ૧૯૦૬માં તેમને આર્યસમાજના પ્રચારક માટે દક્ષિણ આફ્રિકા મોકલવામાં આવ્યા. જ્યાં તેમને ગાંધીજી સાથે ભેટો થયો. ગાંધીજી તેમના પ્રવચનોથી ખૂબ પ્રભાવિત થયા. છ મહિના દક્ષિણ આફ્રિકામાં રહીને તેઓ ઇંગ્લેન્ડ ગયા. એ વખતે લંડનમાં શ્યામજી કૃષ્ણવર્મા ઇન્ડિયા હાઉસ નામની ક્રાંતિકારી સંસ્થા ચલાવતા હતા. ભાઈ પરમાનંદ આ સંસ્થાના મહેમાન બન્યા. લંડનની બ્રિટીશ મ્યુઝીયમ લાઇબ્રેરીમાં કલાકો સુધી અધ્યયન કરી તેમણે ભારતમાં બ્રિટીશ રાજ્યનો અભ્યુદય નામનો લઘુ શોધ-નિબંધ લખ્યો. પછીથી તેમણે સ્વતંત્ર અધ્યયનના આધાર પર 'તવારીખે હિંદ' પુસ્તક લખ્યું. આ પુસ્તક માટે તેમણે બ્રિટીશ લાઈબ્રેરીમાંથી મળ્યાં એ તમામ પુસ્તકો વાંચી નાખ્યા. 'તવારીખે હિંદ' પુસ્તકમાં તેમણે અંગ્રેજોની કૂટનીતિ પર પ્રકાશ પાડ્યો હતો. ૧૯૦૭માં ભાઈ સ્વદેશ પરત થયા. ભારતમાં એમના પુસ્તક 'તવારીખે હિંદે' ખળભળાટ મચાવ્યો. આ અરસામાં જ ક્રાંતિકારીઓએ લાહોરના લોરેન્સ ગાર્ડનમાં બોમ્બ વિસ્ફોટ કર્યો. અનેક લોકોની ધરપકડ કરીને તેમના પર લાહોર ષડયંત્ર નામથી કેસ ચલાવવામાં આવ્યો. ધરપકડ થનારાઓમાં એક ભાઈ પરમાનંદ પણ હતા. સરકારે તેમના પર આક્ષેપ લગાવ્યો કે તેમનું 'તવારીખે હિંદ' પુસ્તક વાંચીને જ ક્રાંતિકારીઓ આ ષડયંત્ર કરવા પ્રેરાયેલા છે. એવો પણ આરોપ મૂકવામાં આવ્યો કે ભાઈ પરમાનંદ અમેરિકા અને કેનેડામાંથી ક્રાંતિકારીઓને બોલાવીને ભારતમાં ગદર પાર્ટી શરૂ કરવા માંગે છે. રાજદ્રોહનો આક્ષેપ મૂકી પરમાનંદજીને ફાંસીની સજા સંભળાવવામાં આવી. પછીથી તેને કાળાપાણીની સજામાં ફેરવી નાંખીને તેમને આંદોલનકારીઓની જેલમાં મોકલી આપવામાં આવ્યા. આંદામાનની જેલમાં અસહ્ય યાદના વચ્ચે પણ તેમણે લેખન પ્રવૃત્તિ ન છોડી. જેલની યાતના તેમણે પોતાના પુસ્તક 'આપવીતી'માં વ્યક્ત કરી. અંતે ૧૯૨૦માં ગાંધીજીના પ્રયાસને કારણે તેમને આંદામાનની જેલમાંથી મુક્તિ મળી. જેલમાંથી છૂટીને તેઓ અસહકારના આંદોલનમાં જોડાયા. ખિલાફત ચળવળને ગાંધીજીએ અસહકારના આંદોલન સાથે જોડવાથી તેમણે કોંગ્રેસ છોડી. ત્યાર પછી તેઓ હિંદુ સંગઠન માટે કામ કરવા માંડ્યા અને સ્વતંત્રતા બાદ ૮ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો. ■

*અધીરો છે ઈશ્વર તને બધુંયે આપવા માટે,*
*તું ચમચી લઈને ઊભો છે દરિયો માંગવા માટે?*
*– અનિલ ચાવડા*

## સમાતી નથી

રોગીને અમસ્તા સારવાર અપાતી નથી,
અખબારમાં બધી ખબરો છપાતી નથી.

સાદગીની તોલે ન આવે કોઈ શણગાર,
સાચી સુંદરતા ભપકામાં દેખાતી નથી.

કાગળ, કલમ લઈ બેઠા દરિયા કિનારે,
રમતિયાળ વાતો હૃદયમાં સમાતી નથી.

વૃંદાવનમાં રાસ રમે ગોપીઓ સંગ કાન,
મીરાંની ભક્તિ શબ્દોમાં લખાતી નથી.

મન જાણે છે જળ ને ઝાંઝવાનો ભેદ,
'કેતુ' દિલની વાતો શબ્દોમાં કહેવાતી નથી.

*કેતના છેડા 'કેતુ'*
*મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦*

એરિસ્ટોક્રેટ્સ

એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧

# અંબાલાલ સારાભાઈ

## ગોદાવરી પાન ચાવતાં તો ગળે ઊતરતું જોઈ શકાતું

• લેખક •
દેવેન્દ્ર પટેલ

*વરિષ્ઠ પત્રકાર અને કટાર લેખક શ્રી દેવેન્દ્ર પટેલે 'એરિસ્ટોક્રેટ્સ' નામની બુક વર્ષ ૨૦૧૦માં બહાર પાડેલ, કે જેનું પ્રકાશન નવભારત સાહિત્ય મંદિર દ્વારા કરવામાં આવેલ હતું.*

*આ પુસ્તકમાં અમદાવાદની નામાંકિત, પ્રતિષ્ઠિત અને સન્માનનીય વ્યક્તિઓની જીવનગાથા અને તેઓએ કરેલ અદ્વિતીય કાર્યોની વિગતવાર નોંધ લઈ આપણને તેઓના જીવન ચરિત્રના દર્શન કરાવેલ છે.*

*આ બુકના એકે એક પ્રકરણ આપણને સચોટ માહિતી આપે છે અને નજીકના ભૂતકાળના જ આ મહાનુભાવોએ કરેલ પોતાના જીવનની પ્રગતિ અને તેઓએ અમદાવાદ અને ગુજરાતની જનતા માટે કરેલ આદર્શ કાર્યોની અનુભૂતિ કરાવે છે.*

*અમદાવાદ અને ગુજરાતના એરિસ્ટોક્રેટ્સની કહાની આપણે 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૨૪ના અંકથી પ્રસારિત કરવાનું શરૂ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે 'મંગલ મંદિર'ના વાચક વર્ગને તેના થકી ઉત્તમ માહિતી પ્રદાન થઈ શકશે.*

*– તંત્રી મંડળ*

સારાભાઈ શેઠનાં પત્ની ગોદાવરી પાન ચાવતાં તો ગળે ઊતરતું જોઈ શકાતું.

એ વખતે અમદાવાદ શહેરની વસ્તી માંડ દોઢેક લાખની હશે.

શહેરમાં કોઈનીયે પાસે મોટરકાર નહોતી. ઈ.સ. ૧૮૮૦ની આસપાસનો સમય હતો. શહેરના શ્રીમંતો ભાતભાતની બગીઓ અને ઘોડાઓ રાખતા હતા. એ વખતે અમદાવાદમાં મગનભાઈ શેઠના ઘરમાં ભારે જાહોજલાલી. તેમના પૂર્વજો ચીન-ભારત વચ્ચેના અફીણના અને રેશમના વેપારમાં ખૂબ પૈસા કમાયા હતા. મગનભાઈ શેઠ ગળામાં મોટો કંઠો પહેરીને પાલખીમાં નીકળતા ત્યારે છડી પોકારવામાં આવતી. પૈસા ઉછાળવામાં આવતા. અંગ્રેજ સરકારે તેમને રાવ બહાદુરનો ઈલ્કાબ આપ્યો હતો. મગનભાઈ શેઠ રાયપુરની હવેલીમાં રહેતા. તેમને સંતાન નહોતું. તેથી દોહિત્ર સારાભાઈને ખોળે લીધા.

એક દિવસ તેમની હવેલીને આગ લાગી. આગને બુઝાવતાં ત્રણ દિવસ થયા હતા. કહેવાય છે કે હવેલીના પાવડા બળીને તૂટી પડ્યા ત્યારે તેમાંથી ઝવેરાત નીકળ્યું હતું. એ ઝવેરાત આજે પણ સારાભાઈ પરિવાર પાસે મોજૂદ છે.

મગનભાઈ શેઠના અવસાન પછી સારાભાઈ શેઠ બધી મિલ્કતના વારસદાર બન્યા હતા. સારાભાઈ શેઠનું લગ્ન ગોદાવરીબહેન સાથે થયું છે. એવી દંતકથા છે કે ગોદાવરી નાગરવેલનું પાન આરોગતાં તો ગળામાં ઊતરતું જોઈ શકાતું, એટલાં તો તેઓ ગૌર, ગુલાબી અને રૂપાળાં હતાં. ઘરમાં પુષ્ટીમાર્ગી જેવો મરજાદ પાળતાં. પૂજામાં હોય ત્યારે બાળકો પણ અડી ના શકે. બપોરે તેમના પતિ સારાભાઈ શેઠ સ્પર્શ કરવા જાય તો પણ ખસી જઈને બોલતાં : 'અરે, જોતા નથી, અંબાલાલ જાગે છે.'

ગોદાવરી અંબા માતાની પૂજા કરતા. 'પુત્ર થશે તો તેનું નામ અંબાલાલ રાખીશ' તેવી બાધા લીધી હતી. તેથી જ પુત્રજન્મ પછી દીકરાનું નામ અંબાલાલ રાખ્યું હતું. અંબાજીનાં દર્શને તેઓ નિયમિત જતાં હતા. ગોદાવરી એ જમાનામાં અંગ્રેજી સાહિત્ય વાંચતા. તેમના ઓશીકા નીચે શેક્સપિયરનું 'હેમ્લેટ' રાખતાં.

કમનસીબ ઘટના એ બની કે સારાભાઈ શેઠનું ૨૮ વર્ષની વયે અવસાન થયું. ગોદાવરીબહેનને એટલો આઘાત લાગ્યો કે તેમણે અંબાજી માતાની મૂર્તિ ફગાવી દીધી અને છ માસ બાદ તેઓ પણ મૃત્યુ પામ્યા.

સારાભાઈ શેઠ ગુજરી ગયા તે વખતે અંબાલાલની ઉંમર માત્ર પાંચ વર્ષની હતી. એમના કુટુંબની એ ટ્રેજેડી હતી કે અગાઉ કોઈ ૫૦ વર્ષથી વધુ જીવતું નહીં. અંબાલાલને એક બહેન હતાં : અનસૂયા. અનસૂયાબહેન અંબાલાલથી ચાર વર્ષ મોટાં. માતા-પિતા વિહોણા અંબાલાલ હવે અઢળક સંપત્તિના માલિક હતા. તેમના કાકા ચીમનભાઈ નગીનદાસે ભત્રીજા અને ભત્રીજીને જીવની જેમ સાચવીને મોટા કર્યા અને મિલ્કત પણ થાપણની જેમ સાચવી. **ચીમનભાઈ નગીનદાસ** એટલે આજે આંબાવાડીમાં **સી.એન. વિદ્યાવિહાર** તરીકે ઓળખાય છે તે સંસ્થા તેમના નામે છે.

બાળક અંબાલાલને પશુ-પક્ષી ને ઝાડપાનનો શોખ હતો. પરીક્ષાના ઉદ્દેશથી ઓછું વાંચતા. મેટ્રિક છેક ત્રીજા પ્રયાસે પાસ કરી. મેટ્રિક પછી કોલેજનું ભણવા ગુજરાત કોલેજમાં ગયા. રોજ બગીમાં બેસીને ભણવા જતા. એ જમાનામાં એમના પરિવારમાં ઘરની સ્ત્રીઓ ઘોડેસવારી કરતી. સ્ત્રીઓને ઘરમાં અંગ્રેજી શીખવવા પારસી અને યુરોપિયન બાનુઓ આવતી.

રાયપુરની હવેલી એ એમનું પહેલું ઘર. પછી ઘીકાંટા વાડી. ત્યાર પછી ખાનપુરના ચાંદા સૂરજ મહેલમાં બધા રહેવા ગયા હતા. પછી મિરજાપુરનો શાંતિસદન આલીશાન બંગલો. છેવટે શાહીબાગનું નિવાસસ્થાન 'રિટ્રીટ' બંગલો. 'રિટ્રીટ' બંગલામાં વેનિસની બનાવટનાં ભવ્ય ઝુમ્મરો આજે પણ જોઈ શકાય છે. આઝાદીનાં ૩૦-૪૦ વર્ષ પહેલાં પણ એ પરિવારમાં ટેનિસ રમાતું. ઉનાળામાં આખો પરિવાર આબુ જતો. પરિવારની મહિલાઓ ખાસ્સા જાજરમાન ઠસ્સાથી રહેતી.

અંબાલાલ ૧૮ વર્ષના થયા ત્યારે કાકા ચીમનભાઈ નગીનદાસે કન્યા શોધવા વિચાર કર્યો. અંબાલાલ ગર્ભશ્રીમંત, કાંતિમાન, રૂપાળા નવયુવક હતા. દેહ ગૌર હતો. તેઓ હવે અમદાવાદની સુપ્રસિદ્ધ કેલિકો અને જ્યુબિલી મિલના માલિક પણ હતા. ઢગલાબંધ હવેલીઓ, વાડીઓ અને બાગ-બગીચાના માલિક હતા. ઘરમાં ઘોડાગાડીઓ અને બગીઓ પણ હતી. શાહીબાગમાં હાલના અંડર ગ્રાઉન્ડ પાસે એ વખતે ૨૧ એકર જમીનમાં 'રિટ્રીટ' બંગલો બન્યો તે પહેલાંનું મકાન હતું. એ વખતે શાહીબાગમાં ગણ્યાગાંઠ્યા જ ઘર હતાં. થોડે જ દૂર સર ચીનુભાઈ બેરોનેટનો શાંતિકુંજ બંગલો અને બાજુમાં શાહજહાંનો બંગલો (જૂનું રાજભવન) હતાં. અંબાલાલના ૨૧ એકરના કમ્પાઉન્ડવાળા મકાનમાં વીજળીના દીવા માટે જનરેટર ચાલતું. દિવસે આખો પરિવાર મીરજાપુર રહે અને રાત્રે બધાં શાહીબાગ રહેવા જતાં. ૧૯૧૮નો એ સમય હતો.

આવા ગર્ભશ્રીમંત અંબાલાલ માટે કન્યા શોધવાનું કામ ચીમનલાલે મિલના મેનેજર જમનાદાસને સોંપ્યું. અંબાલાલનો પરિવાર દશા શ્રીમાળી જૈન હતો. એ વખતે અમદાવાદનાં શાહપુર વિસ્તારમાં મૂળ રાજકોટના ઍડવોકેટ હરિલાલ ગોસલિયા રહેતા હતા. તેમને પાંચ દીકરીઓ, તે પૈકીનું એકનું નામ રેવા.

તે બધાં રાજકોટમાં સુખેદુઃખે જીવન વીતાવતાં. સાડલાંની કોર ઉતારે અને દોરા સાચવીને કાઢે. ફરીથી વાપરે. નાનકડી રેવા તેની બા સાથે નદીએ કપડાં ધોવા જાય. સ્કૂલે જાય પણ ઉઘાડા પગે. પરંતુ ઘર સુઘડ અને સાફ રાખે. કરકસરથી ઘર ચલાવે. પિતા હરિલાલે અમદાવાદમાં વકીલાત શરૂ કરી પરંતુ પત્નીનું મૃત્યુ થતાં દસ વર્ષની રેવા પર ઘરની જવાબદારી આવી પડી. બહેનોને નવડાવે, ધોવડાવે, વાળ ઓળી આપે. ગોસલિયા પરિવાર ઢુંઢાળા જૈન હોવા છતાં રેવા રોજ રામાયણ વાંચે. રેવાનો વર્ણ સહેજ શ્યામ પણ નયન તેમાં કોઈ ખોવાઈ જાય તેવા. વાળ ખૂબ લાંબા.

કોઈકની ભલામણથી મિલ મેનેજર જમનાદાસ યુવાન અંબાલાલ માટે કન્યા શોધવા હરિલાલને ઘેર આવ્યા. હરિલાલના ઘરની સંસ્કારિતા અને રહેણીકરણી જોઈ તેઓ પ્રભાવિત થયા. ઘરમાં રેવાની બીજી બહેન તારા. હરિલાલે ફોટા પાડ્યા. ઘરમાં એક જ સાળુ એટલે કે જરી ભરેલી ભારે સાડી. બંને બહેનોએ વારાફરતી સાળુ પહેરીને ફોટા પડાવ્યા.

મિલ મેનેજરે અંબાલાલને તથા કાકાને ફોટા બતાવ્યા. અંબાલાલની પસંદગી રેવા પર ઊતરી. મુલાકાત ગોઠવાઈ. અંબાલાલ અઢાર વર્ષના અને રેવા ચૌદ વર્ષની. અંબાલાલે પ્રશ્ન પૂછ્યો : 'તમારી પોતાની ઈચ્છાથી સંબંધ કરવા ચાહો છો કે કોઈના દબાણથી?'

રેવાએ મુગ્ધ ભાવથી કહ્યું : 'મારી ઈચ્છાથી!'

આ વાતને મહિનાઓ વીતી ગયા. કાકા ચીમનલાલનું ૪૫ વર્ષની વયે અવસાન થયું. અંબાલાલે મિલો અને મિલકતનો વહીવટ ઉપાડી લીધો. મિલમાં ઘણી ખટપટો ચાલતી હતી. અંબાલાલે અચાનક વિઝીટો કરી કરતૂતો પકડી પાડ્યા. કેલિકો અને જ્યુબીલી મિલ બરાબર ચાલવા લાગી. લગ્નની વાત વિસારે પડી ગઈ હતી. અંબાલાલની ખ્યાતિ હવે વધવા માંડી હતી. તેમની મિલમાં બનતું કાપડ મુંબઈમાં ધનાઢ્ય લોકોમાં પણ વખણાવા માંડ્યું હતું. છેક કલકત્તા સુધી અંબાલાલની ખ્યાતિ પ્રસરી ગઈ હતી. રેવાએ એક દિવસ કાગળ લખ્યો : 'તમે શું વિચાર કર્યો?'

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૭ ઉપર)**

કચ્છી બોલી

# "કચ્છી બોલી, માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરી શકાય?"



દોશી મહેન્દ્ર સાકરચંદ

*"કચ્છી બોલીને માતૃભાષા દિન નિમિત્તે ઉજવણી કરી શકાય?" – આ વિષયે શ્રી મહેન્દ્રભાઈ દોશીનો ઈન્ટરવ્યુ લોકલ ચેનલ મારફતે યુ-ટ્યુબ પર તા. ૨૧-૨-૨૦૨૪ના રોજ શ્રી લાલજીભાઈ મેવાડા તથા શ્રી ભાટીયાએ લીધેલ હતો. આ વિષયે અત્રે નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.*

*– તંત્રી મંડળ*

ભાષા, એ અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ છે. ભાષાના માધ્યમથી જ જ્ઞાન અને સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસારણ કરવા માટેનું માધ્યમ છે. ભારત દેશમાં જેટલી ભાષાઓ છે તેટલી જ ભાષા પોતપોતાની આગવી વિશિષ્ટ ભાતીગળ, વૈવિધ્યસભર અભિવ્યક્તિનું સાધન છે. એટલે એવું કહી શકાય કે વિવિધ ભાષાઓમાં વસેલું ભારત અને તેને અભિવ્યક્ત અને અભિભૂત કરવા માટેની જનભાષા એટલે કે લોકવ્યવહાર માટેની લોકોની 'ભાષા' એટલે 'માતૃભાષા.'

વિશ્વમાં માતૃભાષા - જનભાષાના વિભાવને મૂર્ત સ્વરૂપમાં પ્રસારણ થાય તે માટે યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે ઉજવણી કરવા માટે નવેમ્બર-૧૯૯૯ના રોજ ૨૧ ફેબ્રુઆરીને "માતૃભાષા દિન" તરીકે સ્થાપિત કર્યો છે. આ નિમિત્તે પ્રસંગોચિત માતૃભાષા વિષયક ઘણું લખાય છે / ઘણું બોલાય છે.

ભાષા, એ 'હ્યુમન રાઈટ્સ'નો એક હિસ્સો છે, એક ભાગ છે. આથી ભાષાની માવજત કરવા ભાષાને ટકાવી રાખવા માટે ભારત સરકારે ભાષાનું જતન થાય એવા કાયદાઓ ઘડીને તેનું અમલીકરણ કરવા માટે ભાષાકીય અને સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતી ભારતીય જનસંસ્કૃતિમાં 'આંતરરાષ્ટ્રીય ભાષા દિવસ'નું ખાસ મહત્ત્વ છે, કારણકે માતૃભાષાના માધ્યમથી ભારતીય તેમજ પ્રાદેશિક સંસ્કૃતિ અને સાહિત્યને પોતાની બોલીમાં પ્રદર્શિત કરી શકાય છે.

વર્તમાન સમયમાં બહુભાષીયતા અને દ્વિભાષિતના આક્રમણ અને દબાણે લોકમાનસમાં અન્ય પ્રભાવશાળી ભાષાઓએ લોકોના 'માઈન્ડસેટ'માં કબજો કરેલ છે. અને આથી પોતાની માતૃભાષાની અવગણના કરીને ખોટી ગુરૂગ્રંથિથી પીડાતા ભાષકો પોતાને સંસ્કૃતિના લેબલ ધરાવવા માટે પ્રભાવશાળી ભાષાનું વળગણનું લેબલ લગાડે છે, જે આપણી મનોવૈજ્ઞાનિક ગુલામીનું પ્રતીક સમાન છે.

## કચ્છી બોલીના સંદર્ભે તેને લગતા પ્રાથમિક તેમજ સંવિધાનીક વર્તમાન પરિસ્થિતિને લગતી પ્રશ્નોત્તરી.

***પ્રશ્ન*** : કચ્છી બોલીને માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરી શકાય?

***ઉત્તર*** : ગુજરાત રાજ્યમાં ગુજરાતી માન્ય ભાષા હોવાથી ગુજરાતી ભાષાને માતૃભાષા તરીકે ગુજરાત રાજ્યમાં ૨૧મી ફેબ્રુઆરીએ ઉજવણી કરવામાં આવે છે.

***પ્રશ્ન*** : કચ્છી બોલીને માતૃભાષા તરીકે ગુજરાત રાજ્યમાં ઉજવણી થાય છે?

***ઉત્તર*** : ના. ગુજરાત રાજ્યની સ્ટાન્ડર્ડ લેંગ્વેજ (મધર ટંગ) ગુજરાતી હોવાથી ગુજરાત રાજ્યમાં ગુજરાતીને માતૃભાષા તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે.

***(બ)*** : ગુજરાત રાજ્યમાં ગુજરાતી ઉપરાંત અન્ય કેટલી ભાષાઓ અસ્તિત્વમાં છે?

ગુજરાત રાજ્યના 'ગુજરાત, દીવ, દમણ અને દાદરાનગર હવેલીની ભાષાઓ વોલ્યુમ નં.-૯-ખંડ-૩ના સર્વેક્ષણમાં

ગુજરાતી ભાષા ઉપરાંત અન્ય ૪૬ ઉપબોલીઓ અને એક સ્વતંત્ર ભાષા કચ્છી બોલી અસ્તિત્વમાં છે.

**(ક)** : આ પૈકીની ભાષાઓમાં અન્ય કોઈ સ્થાનિક ભાષાને માતૃભાષા કહી શકાય?

ગુજરાત રાજ્યની ગુજરાતી એ માન્યભાષા સ્ટાન્ડર્ડ ભાષા હોવાથી રાજ્યની ગુજરાતી માતૃભાષા ગણાય. પણ આ ઉપરાંતની ગુજરાત રાજ્યનાં કચ્છ પ્રદેશમાં બોલાતી કચ્છી એ ગુજરાતી ભાષાની ઉપબોલી નથી, પણ સ્થાનિક પ્રભાવશાળી સ્વતંત્ર ભાષા છે. આથી કચ્છી ભાષાને માતૃભાષા તરીકે પણ કચ્છ પ્રદેશમાં ઉજવણી કરી શકાય.

**પ્રશ્ન** : માતૃભાષાની ઉજવણી કરવાનો હેતુ અને તેની શરૂઆત ક્યારે થઈ?

**ઉત્તર** : ભાષા વિજ્ઞાનીઓએ લુપ્ત થતી ભાષાઓની સંભાવનાથી ચિંતિત હોવાથી લુપ્ત થતી ભાષાઓને ટકાવી રાખવા / જીવંત રાખવાના હેતુથી યુનેસ્કોએ “ભાષા બચાવ”ના અભિયાનમાં જાગૃતિ લાવવા માટે ૨૧ ફેબ્રુઆરીને ‘માતૃભાષા દિન’ તરીકે ઉજવણી કરવાનું ઠરાવ્યું છે.

ભારતમાં આવી લુપ્ત થતી ભાષાના સર્વેક્ષણમાં ભારતમાં બોલાતી, અસ્તિત્વ ધરાવતી ભાષાઓની યાદી નીચે મુજબ છે.

આવી લુપ્ત થતી ભાષાઓની સંખ્યામાં કુલ ૭૮૦ ભાષાઓનો સમાવેશ થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | અનુસૂચિત ભાષાઓ | : | ૨૨ |
| ૨. | જનજાતિની અને વિચરતી જાતિની ભાષાઓ | : | ૪૮૦ |
| ૩. | દરિયાઈ કિનારાની ભાષાઓ | : | ૯૮ |
| ૪. | જે ભાષાઓની લિપિ નથી એવી ભાષાઓ | : | ૬૬ |

**પ્રશ્ન** : ભાષા અને બોલી વચ્ચેનો તફાવત શું?

**ઉત્તર** : ભાષા અને બોલી વચ્ચે તફાવત ભાષા વિજ્ઞાનીઓએ કરેલ છે. તેથી પરિભાષા સમજવી પડે. ભાષા અને બોલીની પરિભાષામાં એક બાબત સમાન છે. બંનેમાં વાકવ્યવહારના માધ્યમથી સંદેશાનું સંક્રમણ કરવાનો મુખ્ય હેતુ છે. કાર્યક્ષેત્રની દૃષ્ટિએ બોલી કરતાં ભાષાનો વ્યાપ બહોળો અને વિશાળ છે. બંને માતૃભાષાને ‘મધરટંગ’ તરીકે ઓળખવામાં આવે છે. સમાન કાર્ય અને સમાન કાર્યક્ષેત્ર હોવા છતાં બોલી (ડાયલેક)નો માન્ય ભાષાની પરિભાષામાં સમાવેશ થતો નથી પણ ભાષા વિજ્ઞાનીઓ માન્ય ભાષા ‘મધરટંગ’ અને સ્થાનિક બોલી નેટીવ સ્પીકર અથવા નેટીવ લેંગ્વેજનું કાર્યક્ષેત્ર સમાન હોવાનું જણાવે છે. બંને ભાષાઓને પરિભાષાને અલગ વર્ગીકરણ કરવા માટે એક અપવાદ કે જે માન્યભાષા અને સ્થાનિક ભાષા વચ્ચેની ભેદક લીટી દોરેલ છે. માતૃભાષા ભાષકની જન્મથી પણ હોય અને જે તે વિસ્તારમાં બોલાતી ભાષાને ભાષક સ્થાનિક ભાષાને અવગત કરી તે ભાષાનો ઉપયોગ કરતો હોય તેને પણ માતૃભાષા ગણાય. જ્યારે સ્થાનિક બોલીના ભાષકોની ભાષાની બોલીમાં કોઈ અપવાદ નથી કારણકે જે તે વિસ્તારમાં બોલાતી સ્થાનિક ભાષા એટલે કે એ ‘નેટીવ સ્પીકર’ જે વ્યક્તિ જન્મથી જ પોતાના ઘરમાં જે ભાષા બોલતો હોય તે જ ભાષાનો દૈનિક વ્યવહારમાં ઉપયોગ કરતો હોય તે ભાષકની ભાષાને ‘નેટીવ સ્પીક્ટર’ કે ‘નેટીવ લેંગ્વેજ’માં વર્ગીકૃત કરવામાં આવે છે. તેને ભાષકની માતૃભાષા કહેવાય. આથી જન્મથી ભાષકની જે ભાષા હોય તેને પણ ‘માતૃભાષા’ કહેવાય. આમ બંને બોલાતી ભાષાની પરિભાષાનું અર્થઘટન જોતાં માતૃભાષા (મધરટંગ)ની પરિભાષામાં થોડીક સંદિગ્ધતા લાગે પણ પ્રાદેશિક પ્રભાવશાળી બોલીનો ઉપયોગ થતો હોય તેને પણ માતૃભાષામાં કહી શકાય.

ઉપરોક્ત સ્પષ્ટીકરણ પછી ગુજરાત રાજ્યમાં બોલાતી ગુજરાતી ભાષા ઉપરાંત રાજ્યના અન્ય વિસ્તારમાં બોલાતી બોલી પણ માતૃભાષા તરીકે સ્થાપિત કરી શકાય.

સંક્ષિપ્તમાં વર્ણવેલી ભાષાના આધારે કચ્છીને પણ માતૃભાષા તરીકે ઉજવણી કરવાની શરૂઆત કરી શકાય.

**પ્રશ્ન** : ડેન્જર ઝોનમાં સંભવિત લુપ્ત થતી ભાષાઓને જીવંત રાખવા માટે ભારત સરકારની કોઈ યોજના છે?

*ઉત્તર* : ભાષાના સંવર્ધન અને વિકાસ માટે ભારત સરકારે ભારતીય ભાષાની સ્થાપના કરેલ છે. જેનો સૌ પ્રથમ લાભ ગુજરાત રાજ્યમાં બોલાતી કચ્છી ભાષાએ આ યોજનાનો લાભ લીધેલ છે.

*પ્રશ્ન* : આ પ્રોજેક્ટમાં કચ્છી ભાષાના કયા એકમોનો અભ્યાસ કરવામાં આવેલ છે?

*ઉત્તર* : કચ્છી ભાષાના મૂળ સ્વરૂપને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે કચ્છ પ્રદેશના ૧૦ જિલ્લામાં બોલાતી સ્થાનિક ભાષાની 'ડેટા સામગ્રી'નું એકત્રીકરણ પ્રથમ વાર ભાષા પદ્ધતિથી કરવામાં આવેલ છે. જેમાં એકત્રિત કરેલી ડેટા સામગ્રીની વિગત નીચે મુજબ છે :

| *નામ* | *શબ્દો* | *વાક્યો* |
|---|---|---|
| જાડેજી | ૧૫૦૦ | ૨૪૦-૨૦૦ ક્રિયાપદ |
| સ્થાનિક કચ્છી | ૧૪૦૦ | ૩૩૫-૪૧૩ અકર્મ અને સકર્મક ક્રિયાપદ |
| વાઘેરી કચ્છી | ૧૨૫૦ | ૨૫૦-૩૫ અવ્યય |
| હાલારી કચ્છી | ૯૦૦ | ૨૦૦ |

*પ્રશ્ન* : આ અભ્યાસથી કચ્છીને શું લાભ થાય?

*ઉત્તર* : આ પ્રોજેક્ટથી સૌથી મહત્ત્વનો લાભ કચ્છી ભાષાને લાંબા સમય સુધી મૂળ સ્વરૂપમાં સંગ્રહિત રાખવા માટેનો આ સૌ પ્રથમ વૈજ્ઞાનિક પ્રયાસ છે. કારણકે કચ્છીના ભાષકોના ઉચ્ચારણને લાંબા સમય સુધી મૂળ ઉચ્ચારણ સંગ્રહિત રહે તે માટે કચ્છ વિસ્તારના મૂળ કચ્છી ઉચ્ચારણનું સૌ પ્રથમવાર આ ડેટા સામગ્રીના આધારે કચ્છ જિલ્લાના સ્થાનિક ભાષકોની ભાષાના 'વોઈસ રેકોર્ડિંગ' કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે :

| *સ્થળ* | *ભાષકો* |
|---|---|
| ભુજ | ૧૮ |
| લખપત દયાપર | ૦૭ |
| મુંદ્રા | ૦૯ |
| ખાવડા બન્ની | ૦૬ |
| માંડવી | ૦૭ |
| *કુલ* | *૫૨* |

કુલ ૫૨ ભાષકોનું રેકોર્ડિંગ થયું છે. આ રેકોર્ડિંગ પ્રથમવાર મૂળ ભાષાના ભાષકોના ઉચ્ચારણને (આઈ.પી.એ.) ઈન્ટરનેશનલ ફોનેસ્ટીક આલ્ફાબેટની લિપિમાં લિપ્યંતર કરવામાં આવેલ છે. અને બીજા તબક્કામાં કચ્છ પ્રદેશમાં જુદા જુદા વિસ્તારમાં બોલાતા આ સ્થાનિક ભાષાનો ગુજરાતી ધોરણ-૧ અને ૨ના પાઠ્ય પુસ્તકના માધ્યમથી કચ્છીમાં અનુવાદ કરવામાં આવેલ હતો.

*પ્રશ્ન* : આ અભ્યાસથી કચ્છી ભાષાને શું લાભ થાય? ખાસ કરીને કોને લાભ થાય?

*ઉત્તર* : કચ્છી ભાષાના અસ્તિત્વને લાંબા સમય સુધી ટકાવી રાખવા તેમજ કચ્છના જિલ્લાઓમાં બોલાતી ભાષાઓના પ્રાથમિક શિક્ષણ લેતા દ્વિભાષી બાળકોને માટે સમાંતર પાઠ્ય પુસ્તકના નિર્માણમાં માર્ગદર્શક બનશે.

આ ઉપરાંત તાજેતરમાં ભારત સરકારની નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ની માતૃભાષાના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવાની જોગવાઈનો લાભ કચ્છ પ્રદેશના દસ જિલ્લામાં બોલાતી સ્થાનિક ભાષાના વૈવિધ્ય અને પ્રાદેશિક ભાતીગળને ધ્યાનમાં રાખીને પ્રાથમિક શિક્ષણ લેતા દ્વિભાષીક બાળકો માટે તૈયાર કરેલ સમાંતર પાઠ્ય પુસ્તકોના વર્ગકાર્યમાં ઉપયોગ શિક્ષક કરી શકે તો દ્વિભાષીક બાળકોને શિક્ષણ ગ્રહણ કરવામાં સરળતા રહેશે.

આ પદ્ધતિનો ગુજરાત રાજ્યમાં આંશિક પ્રયાસ ભરૂચ જિલ્લાની શાળામાં ખાસ મોડ્યુલર તૈયાર કરીને આ જિલ્લામાં બોલાતી આદિવાસી બોલી આંબુડિયો અને દેહલાવી બોલીના જાણકાર ૩૧ શિક્ષકોએ ત્રણ હજાર

શબ્દોનું મોડ્યુલર તૈયાર કરીને બહારથી આવતા શિક્ષકોને તાલીમ આપવાની શરૂઆત કરી છે. કચ્છી બોલીના દસ જિલ્લાઓમાં બોલાતી સ્થાનિક બોલીઓના કુલ સાત હજાર શબ્દો તથા વાક્યોનો મૂળ સ્થાનિક ભાષાના ભાષકોના વોઇસ રેકોર્ડિંગ કરવામાં આવેલ છે જેને કચ્છ સ્થિત તાલીમ શાળાએ આ પ્રોજેક્ટની વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર કરેલ ડેટા સામગ્રીને નજર અંદાજ કરેલ છે એની નોંધ પણ લેવી પડે. ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી સાહેબે ભારતીય શિક્ષણ સંઘના અધિવેશનમાં તેના સંબોધનમાં નવી શિક્ષણ પદ્ધતિ પર્સનલ અને પ્રોફેશનલ સાથે Learn, Unlearn & the relearn સૂત્ર આપેલ હતું. જેને નજર અંદાજ કરવામાં આવશે તો કચ્છી ભાષાનો બંધારણીય મોભો તો ઠીક પણ માતૃભાષાના માધ્યમનો આવિષ્કાર પણ કચ્છના રણમાં ગોથા ખાતો રહેશે.

***પ્રશ્ન*** : બંધારણના સંવિધાનમાં ભાષાનો બંધારણમાં સમાવેશ કરવા માટે બંધારણમાં શું જોગવાઈ છે?

***ઉત્તર*** : ભારતના સંવિધાનના બંધારણના આઠમા ખંડના આર્ટીકલ ૩૪૪-૧ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે અને વૈકલ્પિક ભાષા માટે આર્ટીકલ ૩૫૧ હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે. આ સિવાય શિક્ષણ માટે બંધારણના જે ચોથા ખંડના આર્ટીકલ ૩૫૦-એ હેઠળ જોગવાઈ કરવામાં પણ આવેલ છે.

***પ્રશ્ન*** : ઉપરોક્ત બંધારણની જોગવાઈ હેઠળ વર્તમાનમાં કચ્છી ભાષા લાભ મેળવવા માટે સક્ષમ છે?

***ઉત્તર*** : કચ્છીનો બંધારણ આયોજિત ૩૫૧ હેઠળ લાભ લેવા માટે હાલમાં કચ્છી સક્ષમ નથી કારણ કે મોભો મેળવવા માટે કેટલીક પ્રાથમિક શરતોનું પાલન થતું નથી.

***પ્રશ્ન*** : તો બંધારણીય શરતો કઇ છે?

***ઉત્તર*** : (૧) કચ્છી ભાષાના ભાષકોની સંખ્યા ૧૦,૦૦૦ (દસ હજાર) કરતા વધારે હોવી જોઈએ.
(૨) ભાષા તરીકે રાજ્ય સરકારે માન્યતા આપેલી હોવી જોઈએ.
(૩) ભાષાનું ક્લાસિક સાહિત્ય.
(૪) ભાષાના પ્રચાર અને પ્રસારણ.
(૫) લિપિ ન હોય તેવી ભાષાને મોભો મેળવવા માટેની ગૌણ શરત ગણાય.

***પ્રશ્ન*** : ઉપરોક્ત શરતોનું કચ્છી ભાષા પાલન કરે છે?

***ઉત્તર*** : ઉપરોક્ત શરતો પૈકીની કેટલીક શરતોનું પાલન ૨૦૧૧થી કચ્છી ભાષાએ કરેલ છે અને ઉપરોક્ત આર્ટીકલ અન્વયે બંધારણમાં શરતોનું પાલન કરવા માટે સક્ષમ નથી. કચ્છી ભાષાનો બંધારણીય મોભો મેળવવા માટે બંધારણીય નિયમોનો અભ્યાસ કર્યા વિના ખોટી ભ્રમણા ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આગળ જણાવ્યા મુજબ બંધારણીય મોભો મેળવવા માટે તેની પૂર્વ શરતોનું પાલન થાય તે માટે ગુજરાત સરકારને લગતા પ્રયત્નો કરવા માટે ગુજરાત સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

પ્રથમ શરત ભારતના વસ્તી પત્રક ૨૦૧૦માં કચ્છી સાહિત્ય એકેડેમિ અને કચ્છી મિત્ર-૨૦૧૦ના વસ્તી પત્રકમાં ભાષાનું કોલમ અલગ કરવા માટે અભિયાન કરેલ. આ પહેલાં વસ્તી પત્રકમાં સિંધી ભાષાના ભાષકો સાથે ભાષાની કોલમમાં કચ્છી ભાષાના ભાષકોની નોંધ લેવામાં આવતી ન હતી. જે ૨૦૧૦માં કચ્છી ભાષકોની નોંધ લેવાઈ. આથી પ્રથમ શરતનું પાલન થયું ગણાય.

આ શરતનું પાલન હાલમાં કુલ ૩૮ ભાષાઓએ કરેલ છે. જેમાં કચ્છીનો ક્રમાંક ૧૫મો છે. ૨૦૦૪ પછી કોઈપણ ભાષાને બંધારણીય માન્યતા આપવામાં આવી નથી.

કચ્છીને ભાષા તરીકેના હાલમાં ગુજરાત સરકાર સમક્ષ ગુજરાત રાજયના ભૂતપૂર્વ માનનીય મુખ્યમંત્રી શ્રી રૂપાણી સાહેબ અને હાલના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ સાહેબનો રૂબરૂ સંપર્ક કરવામાં આવેલ છે. જેના અનુસંધાને મુખ્યમંત્રીએ રજુઆતની ચકાસણી કરવા માટે જે તે વિભાગને જરૂરી આદેશો આપેલ છે. ગુજરાત સરકારના વિભાગીય અધિકારીઓ સકારાત્મક વલણ પણ દાખવી રહ્યા છે.

**પ્રશ્ન** : બંધારણીય મોભા માટેની કાર્યવાહી કરવા માટે સક્ષમ ઓથોરીટી ભારત સરકાર કે રાજ્ય સરકાર?

**ઉત્તર** : ભારતીય બંધારણીય મોભા માટે રાજ્ય સરકાર ભાષાની ક્ષમતાની ચકાસણી સરકારે કર્યા બાદ રાજ્ય સરકારની વિધાનસભામાં ભાષાને બંધારણીય મોભો આપવા માટે ખરડો પસાર કર્યા બાદ રાષ્ટ્રપતિની નિયુક્તિ કરેલ કમિટીની મંજુરી મળ્યા બાદ રાજ્ય સરકાર મારફતે દરખાસ્ત મોકલવી પડે.

**પ્રશ્ન** : બંધારણમાં કચ્છીનો સમાવેશ કરવા માટેની કાર્યવાહી કરવા માટે ભારતના સંસદમાં રજુઆત થઈ છે?

**ઉત્તર** : કચ્છી બોલીને સંવિધાનના આઠમાં ખંડમાં સમાવેશ કરવા માટે તા. ૨૨-૦૨-૨૦૨૧ના રોજ માન. શ્રી શક્તિસિંહ ગોહિલ સાહેબે સંસદમાં રજુઆત કરેલ હતી. ભારતના આઠમા ખંડનો વ્યાપ મોટો છે. જેથી આ રજુઆતની સ્પષ્ટતા કરવાની રહે.

આ કાર્યવાહી કરવા માટે સહયોગ ખાસ કરીને કચ્છ પ્રદેશના ધારાશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી શ્રી શંકરભાઈ સચદેવાએ ધારાકીય સલાહ આપવા ઉપરાંત આર્થિક સહાય પણ કરેલ છે. આ સિવાય શ્રી કચ્છી જૈન સેવા સમાજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો રૂબરૂ રજુઆત કરવા માટે આપેલ સહયોગ તથા ભવિષ્યમાં આ કાર્યવાહી માટે આર્થિક સહાય આપવા માટેની તત્પરતા પણ બતાવેલ છે. ■

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧ : અંબાલાલ સારાભાઈ

(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)

વ્યસ્ત અંબાલાલને અચાનક લગ્નની વાત યાદ આવી ગઈ. તેમણે હા ભણી. અંબાલાલ અને રેવાનાં લગ્ન નક્કી થયાં. સસરા હરિલાલને ત્યાં મુંબઈથી દરજી મોકલ્યા. ભરતવાળાએ નવી ફેશનની સાડીઓ અને બ્લાઉઝ બનાવ્યાં. એ લગ્ન લોકોને વર્ષો સુધી યાદ રહે તેવા શાનદાર હતા. જેઓ એ લગ્નમાં હાજર હતા તેઓ વર્ષો સુધી કહેતા : 'અમે અંબાલાલ શેઠનો વરઘોડો જોયો હતો.'

અંબાલાલ સ્થાનકવાસી શ્વેતાંબર મૂર્તિપૂજક દશા શ્રીમાળી જૈન હતા અને રેવાનાં પિતા ઢુંઢિયા સ્થાનકવાસી જૈન હતા. એટલે અમદાવાદના જૈનોનો એક પક્ષ ઘણો નાખુશ હતો. વરકન્યા પરણીને આવે ત્યારે લાકડીઓથી તેમનું સન્માન કરવા કાવતરું ગોઠવાયું પરંતુ તેમાં વિરોધ કરનારાઓ ફાવ્યા નહીં.

રેવાના પિતા હરિલાલને મૂંઝવણ હતી : 'આવડા મોટા ઘરમાં દીકરીને વિદાય વખતે શું આપું?' કરિયાવરમાં સોનાની મોહનમાળા આપી. પતિએ તો ભારે કિંમતી વસ્ત્રો સીવડાવ્યા હતા, પરંતુ એક ગર્ભશ્રીમંતના ઘેર આવેલી નવવધૂ પાસે સાદા કપડાંની એક જોડ પણ નહોતી. પતિના ઘેર આવ્યા પછી રેવા લજ્જા પામી. પ્રથમ દિવસે તેણે નણંદના કપડાં પહેર્યા. તેમ કરવામાં તેણે ક્ષોભ અનુભવ્યો.

રેવાનું હવે નામ બદલવામાં આવ્યું. અંબાલાલે રેવાને 'સરલાદેવી' નામ આપ્યું. તદ્દન સાધારણ પરિવારની યુવતીને માત્ર સંસ્કારિતાના બળ પર જ પરણીને ઘરમાં લાવેલા. અંબાલાલ શેઠની આ પ્રથમ ક્રાંતિ હતી. ઘર આલીશાન હતું. બાગ-બગીચા અને ઘોડા. નવી ફેશનના કેશ અને વસ્ત્રપરિધાન એ બધું જ હોવા છતાં સરલાદેવીએ સરળ બાળા જ બની રહેવાનું પસંદ કર્યું. આ બધી અબજોની સંપત્તિની હું માલિકણ છું એવા ભાવને બદલે તેને સાચવનાર હું રખેવાળ છું - ટ્રસ્ટી છું એવી ઉદાત્ત ભાવના તેમણે સ્વીકારી.

અઢાર વર્ષના અંબાલાલને લોકો 'શેઠ સાહેબ' અને પંદર વર્ષનાં સરલાદેવીને 'બાઈ સાહેબ' કહીને બોલાવવા માંડ્યા. એક તરફ તેમનો ઘરસંસાર શરૂ થયો તો બીજી બાજુ એક નાનકડી વયે અંબાલાલે કેલિકો અને જયુબિલી એ બે મિલો, કરમચંદ પ્રેમચંદની શરાફી પેઢી અને ઘણીબધી મિલ્કતોનો કારોબાર સંભાળી લીધો.

એ જ ઉંમરે અંબાલાલ શેઠે એક નિયમ બનાવ્યો : 'કોઈનીય નિંદા કરતા નહીં અને કોઈ ચાડીચુગલી કરવા આવે તો તે સાંભળતા નહીં. ખટપટ તે સમય બગાડવાનો ધંધો છે તેમ સમજતા. તેમને બે જીભ નહોતી. બે મોઢા નહોતા. બે હૈયા કે બે મન નહોતા. ઊંચા સાદે કોઈનેય બોલતા નહીં. કોઈને અપશબ્દ બોલતા નહીં. ઉદ્ધતાઈ કે અભિમાનનો છાંટોય નહોતો. છતાં સિદ્ધાંતોમાં તેઓ મક્કમ હતા. સગાસંબંધીઓને તથા જ્ઞાતિજનોને કદીયે નોકરીમાં રાખવા નહીં તેવો તેમનો નિર્ણય લાંબી સમજ ને લાંબી દૃષ્ટિવાળો હતો.

અંબાલાલે હવે પિતાના નામને જ અટકમાં પરિવર્તિત કર્યું. તેઓ અંબાલાલ શેઠને બદલે 'અંબાલાલ સારાભાઈ' તરીકે ઓળખાવા લાગ્યા અને ટૂંક સમયમાં 'અંબાલાલ સારાભાઈ' પરિવારની ખ્યાતિ છેક ઈંગ્લેન્ડ સુધી પહોંચી. ■

*જે કાર્ય કરવાથી ઈશ્વર પ્રસન્ન રહે, એ કાર્ય કોઈ પણ પૂજાથી ઓછું નથી.*

તંદુરસ્તી

# વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ : ૨જી એપ્રિલ

## (World Autistic Awareness Day : 2nd April)



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

સંયુક્ત રાષ્ટ્રસંઘે (United Nations Organization – UNO) ૨જી એપ્રિલ – 'વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ' તરીકે જાહેર કરેલ છે. યુનોના મેમ્બર દેશો ૨જી એપ્રિલ ૨૦૦૮થી વિશ્વ ઓટીસ્ટીક જાગૃતિ દિવસ તરીકે મનાવે છે.

આ વર્ષનું સૂત્ર છે : "સમાવેશક ગુણવત્તાભર્યું શિક્ષણ સૌને માટે" (Inclusive Quality Education for All)

વિશ્વમાં ઓટીસ્ટીક બીમારીનો ફેલાવો વધતો જાય છે.

● **ઓટીઝમની બીમારી**

ઓટીઝમની બીમારી એક ન્યુરોડેવલપમેન્ટ ડિસઓર્ડર (Neurodevelopmental Disorder)ની બીમારી છે.

સામાન્ય રીતે નોર્મલ બાળકના મગજ (Brain)ની વૃદ્ધિ તથા વિકાસ નિયમિત રીતે થાય છે. મગજમાં આવેલા અલગ અલગ અવયવો તથા એમની કોશિકાઓ સૂક્ષ્મ કોષો (Neuron) નિયમિત રૂપે એકબીજા જોડે સંકળાયેલા રહે છે. અબજો કોશિકાઓ - ન્યુરોન એકબીજા સાથે સંકળાયેલા રહીને પોતાના કાર્યો કરે છે. જેના લીધે બાળકના મગજનો વિકાસ થાય છે. આ વૃદ્ધિથી મગજના કાર્યો સમજશક્તિ, એકબીજા જોડે વાતચીત તથા સંદેશા વ્યવહારાની આપ-લે, શારીરિક હલનચલન, વર્તણૂંક જેવા કાર્યોમાં પણ વિકાસ થાય છે.

ઓટીઝમની બીમારીમાં આ કોશિકાઓ - ન્યુરોનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. આથી મગજનો અપેક્ષિત વિકાસ રૂંધાય છે તથા મગજના અવયવોના કાર્યોમાં રૂકાવટ સર્જાય છે. મુખ્યત્વે બ્રેઈનના ત્રણ મુખ્ય કાર્યોમાં ખલેલ પહોંચે છે : (૧) અન્ય બાળકો તથા વડીલો જોડેના પરસ્પરના સંબંધોમાં ગરબડ (Social Communication and interaction deficit) (૨) પ્રવૃત્તિઓમાં મર્યાદિત રસ તથા એ જ પ્રવૃત્તિઓ જ વારંવાર કરવી (Restricted and repetitive interest) (૩) સંવેદનાઓ / લાગણીઓ વ્યક્ત કરવામાં અક્ષમતા (Sensory abnormalities).

*દીપકનું જીવન વંદનીય છે. તે બીજા માટે જલે છે, બીજાથી નહીં.*

● **વ્યાપ અને વિસ્તાર**

ઓટીઝમની બીમારી વિશ્વવ્યાપી છે. વિશ્વની વસ્તીના ૧% બાળકોમાં ઓટીઝમની બીમારી જોવા મળે છે. આ બીમારીનો ફેલાવો તથા પ્રમાણ વધી રહ્યું છે.

● **ઓટીઝમની બીમારીના લક્ષણો**

ઓટીઝમની બીમારીના લક્ષણો ત્રણ વર્ષની ઉંમરમાં જોવા મળે છે. માતા-પિતા તથા વડીલો જો સજાગ હોય તો બીમારીનું નિદાન જલ્દીથી થઈ શકે તથા સારવાર જલ્દી શરૂ કરી શકાય. જેના પરિણામે સારવારના અપેક્ષિત પરિણામો મળી શકે છે.

● **લક્ષણો :**

ઓટીઝમ બીમારીના લક્ષણોને મુખ્ય ત્રણ ઉપવિભાગમાં વહેંચી શકાય

**(અ) સામાજિક - ભાવનાત્મક સંદેશ વ્યવહારમાં તકલીફ તથા સામાજિક ક્રિયા-પ્રતિક્રિયાની અક્ષમતા (Persistent Deficits in Social Communication and social interactions)**

૧. આ બાળકો અન્ય બાળકો જોડે હળતા ભળતા નથી.
૨. એકલા રહેવાનું પસંદ કરે છે. પોતાની દુનિયામાં રહે છે.
૩. સામાજિક આદાન પ્રદાનની સમજ ધરાવતા નથી.
૪. આ બાળકો અન્ય બાળકોની જેમ વાતચીત કરી શકતા નથી.
૫. સમવયસ્ક મિત્રો બનાવી શકતા નથી તથા બનેલા મિત્રોને જાળવી શકતા નથી.
૬. અન્ય બાળકોની લાગણીઓ સમજી શકતા નથી.
૭. પોતાની લાગણીઓ અન્ય સાથે વ્યક્ત કરી શકતા નથી.
૮. આંખોમાં આંખ ભેરવી સંવાદ કરી શકતા નથી.
૯. સામેના બાળકના હાવભાવ તથા લાગણીઓ સમજવામાં

તકલીફ અનુભવે છે કે સમજી શકતા નથી.

૧૦. અન્ય બાળકોની પ્રવૃત્તિમાં રસ ધરાવતા નથી.

**(બ) મર્યાદિત પ્રવૃત્તિઓ તથા વારંવાર એક જ પ્રકારની તથા એક જ પદ્ધતિથી વર્તણુંક કરવી. એ જ રસ ધરાવવો (Restricted, Repetitive Patterns of Behaviour, interest or activities)**

૧. મર્યાદિત પ્રવૃત્તિઓમાં રસ ધરાવવો.

૨. નવી રમત, નવી પ્રવૃત્તિમાં બિલકુલ રસ ન લેવો.

૩. એકની એક વર્તણુંક વારંવાર કરવી દા.ત. હાથની કોણી વાળી હથેળી એક જ રીતે હલાવવી (Hand flapping), કમરથી શરીર હલાવવું (Rocking), સ્પીનિંગ (Spinning) વગેરે.

૪. પોતાની વસ્તુઓ, રમકડાં એક જ પદ્ધતિથી ગોઠવવા. એમાં જરા પણ આગળ પાછળ થાય તો પરેશાન થવું, ગુસ્સે થવું.

૫. પોતાનું રોજિંદુ કાર્ય પોતાની મુજબ જ કરવું. એમાં થોડું પણ આગળ પાછળ ચલાવી લેતા નથી. પોતાના રૂટીનમાં સંજોગોવસાત ફેરફાર પણ આ બાળકોથી સહન થતો નથી.

**(ક) જ્ઞાનેન્દ્રિયોની અતિ સંવેદનશીલતા (Sensory Hypersensitivity)**

૧. વધુ પડતા અવાજ કે ઘોંઘાટથી આ બાળકો અકળાઈ જાય છે. ઘણી વખત ગુસ્સે થઈ જાય છે.

૨. એકના એક શબ્દો અનેકવાર બોલે છે.

૩. સામેની વ્યક્તિ / બાળક બોલે એ જ વાક્ય બોલે છે. 'તું કેમ છે?' – એ પ્રશ્નનો જવાબ આ બાળકો 'તું કેમ છે?' – એમ આપે છે (Echolatia)

૪. ઘણી વખત ઝબકતી લાઈટમાં (flashing light) આ બાળકો વધારે રસ લે છે.

૫. કોઈ બોલાવે અને પૂછે તો પણ જવાબ ખબર હોવા છતાં પોતાને જવાબ આપવો હોય તો જ આપે છે અથવા ઘણી વખત એ વ્યક્તિ સામે જોતા પણ નથી. પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખે છે.

- **સારવાર :**

ઓટીઝમની બીમારીમાં બાળકના અલગ અલગ કાર્યક્ષેત્રમાં ખલેલ પહોંચે છે. આથી સારવાર મલ્ટી સ્પેશિયાલિસ્ટ નિષ્ણાત થેરાપીસ્ટ દ્વારા થાય છે. આને લીધે ઓટીસ્ટીક બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે છે. નિષ્ણાતોની ટીમ નીચે પ્રમાણે હોય છે :

૧. મનોચિકિત્સક

૨. ઓક્યુપેશનલ થેરાપીસ્ટ

૩. સ્પીચ થેરાપીસ્ટ

૪. કાઉન્સેલર

૫. રેમેડિયલ એજ્યુકેટર

***(ક્રમશઃ)***

---

*તારું કશું ન હોય તો છોડીને આવ તું,*
*તારું બધું જ હોય તો છોડી બતાવ તું.*

***– રાજેશ વ્યાસ 'મિસ્કીન'***

---

## ફાગણ આયો રે...

ફાગણ આયો રે... ફાગણ આયો રે...
મધુમાસ પરાગે છલકાયો,
કોકિલ પંચમે શૂરે ગાયો,
જનજનમાં પ્રિતે ઉજવાયો
ફાગણ આયો રે... ફાગણ આયો.

અંબરે મખમલ ઓઢ્યો
કોકિલ કંઠે કોલયું ગીત
જુગ જુગની વરણપરીછી પ્રીત
ઉમંગ ઓરતા લાયો
ફાગણ આયો રે... ફાગણ આયો.

પરાગ પ્રિયાની આંગળીએ વિંટાયો
ફૂલનાં ઝુમખે પ્રીત પ્રસારી છાયો
રજની ઊરે ઘેલો ચાંદ કોરાયો
ફાગણ આયો રે... ફાગણ આયો.

વળગ્યા ભ્રમરો પ્યાસી
પીયુ પીયુ રટે પ્રીત પિયાસી
પીયુડો પરદેશથી આયો...
ફાગણ આયો રે... ફાગણ આયો.

આજ લુટાવો ઉમંગ
પૂરીને રસના રંગ
રસ મસ્તીનો રેલાવતો છંદ
ફાગણ આયો રે... ફાગણ આયો....

***– દેવચંદ ગાલા***

તંદુરસ્તી

## ૭ એપ્રિલ, ૨૦૨૪ :

# વૈશ્વિક સ્વાસ્થ્ય દિવસ





ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા
બાળ મનોચિકિત્સક)

૭મી એપ્રિલ વિશ્વમાં જાગતિક સ્વાસ્થ્ય / આરોગ્ય દિવસ તરીકે મનાવાય છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનાઈટેડ નેશન ઓર્ગેનાઈઝેશન - યુનો) ૧૯૪૮માં મળેલી સર્વે દેશોની સામાન્ય સભાએ (General Assembly)એ નક્કી કર્યું કે ૧૯૫૦થી દર વર્ષે ૭મી એપ્રિલ વિશ્વભરમાં ''જાગતિક સ્વાસ્થ્ય / આરોગ્ય દિવસ'' તરીકે મનાવવો. ૭મી એપ્રિલ વિશ્વ આરોગ્ય સંસ્થાનો (World Health Organization – WHO) સ્થાપક દિવસ છે.

વિશ્વ આરોગ્ય દિવસ મનાવવાનો મુખ્ય હેતુ છે કે વિશ્વના દરેક રાષ્ટ્ર તથા સામાન્ય પ્રજાનું ધ્યાન વિશ્વવ્યાપી બીમારીઓ તરફ દોરવું તથા વિશ્વવ્યાપી બીમારીઓ કાબૂમાં આવે અને આ બીમારીઓને અટકાવી (Prevent) શકાય એવા સંયુક્ત પ્રયાસો આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાએ લેવા.

આ સંદર્ભમાં સંસર્ગજન્ય રોગો જેવા કે અછબડા (Chiken pox), શીતળા (Small pox), ટી.બી., રક્તપિત્ત (Leprosy), કોવિડ-૧૯ જેવી બીમારીઓ વિશે જનજાગૃતિ લાવી વિશ્વકક્ષાએ આ બીમારીઓ પર કાબૂ મેળવાયો છે. ૧૯૯૫માં પોલીયોની બીમારી નાબૂદ કરવામાં સફળતા મેળવી છે.

સંસર્ગજન્ય સિવાયના રોગો (Non communicable diseases) જેવા કે ડાયાબિટીસ, ડિપ્રેશન પર પણ જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા છે.

● **જાગતિક સ્વાસ્થ્ય / આરોગ્ય દિવસનું સૂત્ર (થીમ) :**

વિશ્વ આરોગ્ય સંસ્થા આરોગ્ય દિવસ નિમિત્તે દર વર્ષે એક સુત્ર (થીમ) બહાર પાડે છે. એ દિવસે તથા સંપૂર્ણ વર્ષ દરમિયાન આ સૂત્રને લઈ જનજાગૃતિના કાર્યક્રમો દરેક સભ્ય દેશો યોજે છે.

તાજેતરના વર્ષોમાં માનસિક સ્વાસ્થ્ય - મનદુરસ્તી, ગર્ભવતી મહિલા, માતા તથા બાળ સંભાળ, વાતાવરણની પ્રદૂષણની અસર વગેરે વિશેના સૂત્રો વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપ્યા હતા.

૨૦૨૪નું સૂત્ર : ***''મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર'' (My Health My Right).***

તાજેતરના આરોગ્ય વિશેના મહત્ત્વના મુદ્દાઓ તથા સમસ્યાઓને ધ્યાનમાં લઈ WHO આ સૂત્ર નક્કી કરે છે.

WHO ની આરોગ્યને લગતી અર્થશાસ્ત્રની કમિટીએ એના તાજેતરના રીપોર્ટમાં નોંધ્યું છે કે વિશ્વના ૧૪૦ દેશોએ પોતાના બંધારણમાં સ્વાસ્થ્યને માનવીનો અધિકાર (Right) માન્યો છે પરંતુ ફક્ત ૪ દેશોએ આ માટેના નાણાંકીય નિર્ણયો લીધા છે.

કોઈપણ દેશની સરકાર માટે આરોગ્ય, એ મહત્ત્વનો વિભાગ છે. પરંતુ આરોગ્ય વિભાગ માટેનું બજેટ નહિંવત જેવું જ હોય છે. જરૂરત છે કે આ બજેટ વધારવું જેથી જાહેર આરોગ્ય સેવામાં જરૂરી અગત્યના ફેરફારો લાવી શકાય અને આરોગ્યનો અધિકાર સામાન્ય જનને મળે.

● **ભારતીય બંધારણ :**

ભારતના બંધારણમાં પણ આર્ટીકલ ૨૧માં લખેલું છે કે ગૌરવભર્યું જીવન તથા વ્યક્તિગત સ્વતંત્રતા દરેક ભારતીયનો મુળભૂત અધિકાર છે. ગૌરવભર્યા જીવનમાં સ્વાસ્થ્યનો અધિકાર આવી જાય છે.

● **સ્વાસ્થ્ય માટે વ્યક્તિની જવાબદારી :**

પોતાના સ્વાસ્થ્ય/આરોગ્ય માટે વ્યક્તિની પોતાની જવાબદારી પણ મહત્ત્વની છે. પોતાનું સ્વાસ્થ્ય કેવી રીતે જાળવવું, બીમારીઓથી કેમ દૂર રહેવું, એ પ્રકારની જીવનશૈલી અપનાવવી એ વ્યક્તિની પોતાની જવાબદારી છે.

● **સ્વાસ્થ્ય/આરોગ્ય (HEALTH) :**

સ્વાસ્થ્ય - આરોગ્ય - હેલ્થ એક બહુ પ્રચલિત શબ્દ છે. આપણામાંથી કેટલી વ્યક્તિઓને સ્વાસ્થ્યની વ્યાખ્યા વિશે જાણકારી છે? અમારો અનુભવ કહે છે કે બહુ ઓછા લોકોને (આંગળીના વેઢે ગણી શકાય) એટલા જ લોકોને આરોગ્યની

વ્યાખ્યાની જાણકારી છે.

● **વ્યાખ્યા :**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ સ્વાસ્થ્ય - આરોગ્યની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે :

***"શારીરિક (તંદુરસ્તી), માનસિક (મનદુરસ્તી) તથા સામાજિક સ્તર પર સુસ્થિર સ્થિતિ હોવી એ જ ખરું સ્વાસ્થ્ય છે. ફક્ત બીમારી ન હોવી એ નહીં."***

આ વ્યાખ્યામાં સ્વાસ્થ્યનું ત્રણ ઘટકોમાં વર્ગીકરણ કર્યું છે તથા દરેક ઘટકમાં હકારાત્મક રીતે (સુસ્થિર સ્થિતિ) વર્ણન કર્યું છે. બીમારી ન હોવી એ નકારાત્મક વલણ છે.

આપણા સ્વાસ્થ્ય માટે નીચે મુદ્દાઓ લક્ષમાં લેવા જરૂરી છે :

**(અ) શારીરિક સ્વાસ્થ્ય - તંદુરસ્તી (Physical Health) :**

૧. યોગ્ય પૌષ્ટિક સપ્રમાણ આહાર : જેમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ્સ, ફેટ, વિટામિન્સ, લોહ તથા અન્ય તત્ત્વો, તાજા લીલા શાકભાજી, સીઝન પ્રમાણેના ફળો, દૂધ વગેરે યુક્ત આહારનું નિયમિત સેવન કરવું જરૂરી છે.

૨. સપ્રમાણ કસરત : નિયમિત રીતે શારીરિક વ્યાયામ (મોર્નિંગ વૉક, ગેમ્સ રમવી, તરવું વગેરે) કરવો જરૂરી છે. ઉંમર તથા રોજિંદી પ્રવૃત્તિ પ્રમાણે વ્યાયામ કરવો જરૂરી છે.

૩. સપ્રમાણ ઊંઘ

૪. સપ્રમાણ વિશ્રામ (Relaxation) પણ અગત્યનું છે.

**(બ) માનસિક સ્વાસ્થ્ય - મનદુરસ્તી (Mental Health) :**

પરિપક્વ વ્યક્તિત્વનું ઘડતર થવું જોઈએ. બાળકનો યોગ્ય માનસિક ઉછેર થવો જોઈએ. જેથી બાળક યુવાની તથા વૃદ્ધાવસ્થામાં પરિપક્વતા પામી શકે.

૧. વાસ્તવિક્તાના આધારે અપેક્ષાઓ રાખવી જોઈએ.

૨. માનસિક સહનશક્તિની મર્યાદા વિસ્તૃત હોવી જોઈએ.

૩. હકારાત્મક વલણ અપનાવવું જોઈએ.

૪. મુશ્કેલ સંજોગોનો સામનો કરવાનું મનોબળ કેળવવું જોઈએ.

૫. વાસ્તવિક્તાનો મનથી સ્વીકાર કરવો જોઈએ.

૬. સમસ્યાના નિરાકરણ માટે (અ) યોગ્ય રીતે વિચારી, (બ) નિર્ણય કરી, (ક) એ નિર્ણય અમલમાં મૂકવા જોઈએ.

૭. વ્યવસાય/ધંધા સિવાયના અન્ય શોખ કેળવી એમાં માનસિક તૃપ્તિ મેળવવી જોઈએ.

**(ક) સામાજિક તંદુરસ્તી (Socialization) :**

મનુષ્ય સામાજિક પ્રાણી છે. સામાજિક તંદુરસ્તી પણ મહત્ત્વનું ઘટક છે.

૧. અન્યો જોડે પરસ્પરના સંબંધો જળવાઈ રહે.

૨. નવા સંબંધો ઉમેરાય.

૩. મિત્રતા, મૈત્રી, સહકાર્યની ભાવના જળવાઈ રહે.

૪. મિત્રતામાં દ્વેષભાવના કદી પણ ન આવે.

૫. અપેક્ષા વગર સંબંધો જાળવવા મહત્ત્વનું છે.

૬. સંબંધો જાળવવા પોતાને ઘસાવાની તૈયારી હોવી જોઈએ.

પોતાની જીવનશૈલીમાં ઉપરોક્ત મુદ્દાઓને અપનાવવાથી સ્વાસ્થ્ય / આરોગ્ય સારું રહે છે. બીમારીઓથી દૂર રહી શકાય છે. તે છતાં પણ જો બીમારી થાય તો યોગ્ય નિદાન કરાવી યોગ્ય સારવાર લેવી જરૂરી છે. નિષ્ણાતની સલાહ મુજબ સારવાર કરો. સાથે ઉપરોક્ત જીવનશૈલી અપનાવો.

● **સારાંશ :**

૧. ૭ એપ્રિલ, ૨૦૨૪નો વૈશ્વિક સ્વાસ્થ્ય દિવસનું સૂત્ર છે : "મારું સ્વાસ્થ્ય, મારો અધિકાર."

૨. આપણે આશા કરીએ કે મેમ્બર દેશોની સરકારો સ્વાસ્થ્યના બજેટમાં વધારો કરે. જેથી સ્વાસ્થ્યની મુળભૂત જરૂરિયાતો એ દેશના દરેક નાગરિકને મળે.

૩. સરકાર સ્વચ્છ હવા, પ્રદૂષણ રહિત વાતાવરણ, શુધ્ધ પીવાનું પાણી દરેક નાગરિક માટે વ્યવસ્થા કરે. જેથી સ્વાસ્થ્ય જળવાઈ રહે.

૪. આપણે સ્વાસ્થ્ય માટે જાગૃત બનીએ તથા સ્વાસ્થ્યના દરેક ઘટક (શારીરિક, માનસિક તથા સામાજિક) માટે યોગ્ય જીવનશૈલી અપનાવીએ. જેથી આપણે બીમારીથી દૂર રહીએ.

***(સંપૂર્ણ)***

**નાનકડી કથા**

*કેરીના ઝાડ પર ચઢીને કેરીને ચોરતા છોકરાંઓને રખેવાળે લાકડી મારી અને તેમને બીવડાવવા માટે થોડી વાર માટે ઝાડના થડ સાથે બાંધી દીધા. કોણ જાણે કેમ એ ઝાડને ફરી કદીયે ફળ આવ્યા નહીં!!*

તંદુરસ્તી

# મેડિકલ સાયન્સનું નજરાણું
# મીકાસ બાયપાસ સર્જરી



ડૉ. કમલેશ એન. શાહ
M.D., FICA USA

● **મીકાસ બાયપાસ સર્જરી એટલે શું?**

ઓછામાં ઓછા ચીરા સાથેની ધબકતા હૃદય સાથેની બાયપાસ સર્જરી. આ એવા પ્રકારની બાયપાસ સર્જરી છે, જે બાયપાસ તો કહેવાય છે પરંતુ છાતી એટલે કે વચ્ચેનું હાડકું ચીર્યા સિવાય.

● **મીકાસ સર્જરી કેવી રીતે કરાય છે?**

આ સર્જરીમાં ડાબી છાતીના નીચેના ભાગમાં નાનો ચીરો ૨-૩ ઇંચ જેટલો કરી ખાસ સાધન દ્વારા હૃદય સુધી પહોંચવામાં આવે છે.

● **મીકાસ સર્જરીના ફાયદા :**

ઓછો દુઃખાવો, નાનો ચીરો, શારીરિક અને માનસિક અશાંતિમાં રાહત, હોસ્પિટલમાં ૪-૫ દિવસ, આઈ.સી.યુ.માં ૨ દિવસ. મોટાભાગની રોજિંદી પ્રવૃત્તિઓ ઓપરેશન પછી ૩-૪ અઠવાડિયામાં થઈ શકે છે. કોઈ ડ્રેલીંગ નથી.

● **આ પ્રકારની સર્જરી એન્જિયોપ્લાસ્ટી કરતાં સારી કહેવાય?**

જ્યારે હૃદયની ડાબી નળી સખત અને વધારે પડતી બરડ હોય ત્યારે એન્જિયોપ્લાસ્ટી કરવી ખૂબ જ અઘરી છે. માટે આ સર્જરી હિતાવહ છે.

● **આ પ્રકારની સર્જરી પછી લોહી પાતળું કરવાની દવાઓની જરૂરિયાત કેટલી?**

બિલકુલ નથી.

● **મીકાસ સર્જરીનું ફુલ ફોર્મ જણાવો**

MICS – Micro Incision Cataract Surgery.

● **મીકાસ સર્જરી કેટલી સેઇફ છે?**

એકદમ સેઈફ. બ્લોક આર્ટરીને બાયપાસ કરીને LIMA TO LAD.

● **આ સર્જરી હૃદયરોગના કેવા દર્દીઓ માટે ઉપયોગમાં લેવામાં આવે છે?**

★ આગળની અસફળ એન્જિયોપ્લાસ્ટી. ★ હૃદયની ડાબી મુખ્ય નળી ૯૦% કરતાં વધારે બ્લોક હોય તથા જમણી નળી લગભગ નોર્મલ હોય.

**LAD - RCA**

★ હૃદયની ડાબી નળી ખૂબ જ બરડ હોય તથા તેની શાખાઓ નોર્મલ હોય. ★ વધુ ઉંમરવાળા દર્દીઓ જેઓમાં ફેફસાની પણ બીમારી હોય (COPD). ★ જેઓ ટ્રેડિશનલ બાયપાસ સર્જરી માટે ફીટ ના હોય.

● **આ સર્જરીની સફળતા કેટલા ટકા છે?**

૯૫% – ઓપન હાર્ટ સર્જરી કરતાં સમય કદાચ વધારે લાગે.

● **મીકા સર્જરી ધબકતા હૃદય ઉપર થાય છે?**

હા. બિલકુલ. ડાબી છાતીમાં આશરે પાંચમાં પાંસળાને છઠ્ઠા પાંસળા વચ્ચેની જગ્યામાં ૨-૩ ઇંચ જેટલા કાપા દ્વારા હૃદય સુધી પહોંચવામાં આવે છે.

● **મીકા સર્જરીનો ભારતમાં ખર્ચ કેટલો? ગુજરાતમાં થાય છે? ક્યાં?**

મીકા સર્જરીનો ભારત - ગુજરાતમાં ખર્ચ રૂા. ૪,૬૦,૦૦૦/-થી ૬,૫૦,૦૦૦/- સુધીનો છે. એપોલો CVHF માં સફળતાપૂર્વક થઈ રહી છે.

● **મીકા સર્જરીમાં ગ્રાફ્ટ હાથ કે પગમાંથી લેવામાં આવે છે?**

ના અને પછી હા. આ સર્જરીમાં હૃદયની મુખ્ય નળી (LAD) વધારે પડતી ખરાબ અને તેની શાખામાં અવરોધો ન હોય તો હૃદયની ડાબી બાજુ આવેલી એક ધમની (LIMA - Left Internal Mamary Artery)નો ઉપયોગ ગ્રાફ્ટ તરીકે કરવામાં આવે છે. જો એક કરતાં વધારે ગ્રાફ્ટની જરૂર હોય તો પગમાંથી ગ્રાફ્ટ લેવાય છે.

● **મીકા સર્જરીના ગેરલાભો :**

★ ઈમરજન્સીમાં ઉપયોગમાં ન આવે. ★ સ્પેશિયલ ટ્રેઇનિંગ અને સાધનોની જરૂર પડે. ★ સામાન્ય બાયપાસ સર્જરી કરતાં લાંબો સમય લાગે. ★ વધુ ખર્ચાળ. પરંતુ કોઈ હાડકાંની કાપકૂપ વિના. હોસ્પિટલમાં ઓછા દિવસનું રોકાણ. ૨-૪ અઠવાડિયામાં કામ માટે જઈ શકાય છે. ■

તંદુરસ્તી

# નાભિનું હર્નીયા – સારણગાંઠ



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

નાભિ (Umbilical)નું Hernia – સારણગાંઠ, પેટના બટનનું હર્નીયા, Inguinal હર્નીયા પછીનું એક ખૂબ જ સામાન્ય હર્નીયા છે.

તે તમામ વયજૂથોમાં થાય છે. પછી ભલે તે બાળકો હોય, પુખ્ત વયના હોય કે વૃદ્ધ હોય. ભારતમાં દર વર્ષે નાભિની હર્નીયાના આશરે ૧ મિલિયન કેસ જોવા મળે છે. તે સ્ત્રી/મહિલા દર્દીઓમાં વધુ કોમન છે. (સ્ત્રી - પુરુષ રેશિયો ૩:૧ છે.) પરંતુ ૧૦માંથી દર ૭ નાભિના હર્નીયાની સર્જરી પુરુષ દર્દીઓમાં થાય છે.

જ્યારે નાભિ પર દબાણ વધે છે અથવા સ્નાયુઓ નબળા પડે છે ત્યારે તે બહાર નીકળે છે. ચામડીની નીચે ચરબી અથવા આંતરડા બહાર આવે છે.

સ્ત્રી/મહિલા દર્દીઓમાં સામાન્ય કારણો સ્થૂળતા, ગર્ભાવસ્થા, જીવનશૈલી વગેરે છે.

શરૂઆતના તબક્કામાં માત્ર પેટની ચરબી બહાર આવે છે. પરંતુ ધીમે ધીમે સ્નાયુઓ વચ્ચેની જગ્યા વધે છે અને પેટની ચરબી સિવાય નાના આંતરડા પણ તેમાંથી બહાર આવે છે. જો સર્જરી દ્વારા સારવાર ન કરવામાં આવે તો સારણગાંઠ મોટી અને મોટી થશે.

અવરોધ - Obstruction (આંતરડા હર્નીયાની કોથળી (sac)માં અટકી જશે), Strangulation (આંતરડા અટકી જશે અને તેનો રક્ત પુરવઠો ગુમાવશે) જેવા કોમ્પ્લિકેશન્સ, જો આવું થાય તો દર્દીઓ તાવ, ઉલટી, કબજિયાત અથવા દિવસો સુધી મળ પસાર કરવામાં અસમર્થતા વિશે ફરિયાદ કરશે. જો હર્નીયાની ચામડી પર માત્ર પેટની ચરબી દબાય છે, તો ચામડી કાળી થવાની શક્યતાઓ કરતાં, હર્નીયા (સાઈનસ)માંથી સ્રાવ થાય છે.

નાભિની હર્નીયાની સારવાર ઓપન ટેકનિક અને લેપ્રોસ્કોપિક ટેકનિક દ્વારા કરવામાં આવે છે. જો ત્યાં અવરોધ અથવા મોટા હર્નીયા અથવા ચેપ હોય તો સર્જન નક્કી કરે કે ઓમ્ફેલેક્ટોમી તરીકે ઓળખાતા નાભિ (પેટનું બટન) દૂર કરવાની જરૂર પડી શકે છે કે નહીં. ઓપન અને લેપ્રોસ્કોપિક સર્જરી – બંનેના ફાયદા અને ગેરફાયદા હોય છે પરંતુ નિષ્ણાતોના હાથમાં બંને યોગ્ય અને સલામત છે.

Tabu અથવા નાભિ/પેટના બટનને દૂર કરવાનો ડર, ભારતીય મહિલાઓ સર્જરીથી ડરે છે.

***Take Home message :***

***નાભિની હર્નીયા સર્જરીથી ડરશો નહીં પરંતુ વહેલી તકે તેની સારવાર કરાવો અને કોમ્પ્લિકેશન્સ ટાળો.***

## રામ શરણમાં

સિંધુ મટીને જ્યારે બિંદુ થઈ શકાય,
ત્યારે જ મનવા રામ શરણમાં જવાય.
અંતર મન સ્વચ્છ રાખીને ગંગા નવાય,
ત્યારે જ મનવા રામ શરણમાં જવાય.
ચિત્ત એક રાખી પ્રભુ સ્મરણ જો થાય,
ત્યારે જ મનવા રામ શરણમાં જવાય.
પરોપકારે જ્યારે હક્કનું ધન વપરાય,
ત્યારે જ મનવા રામ શરણમાં જવાય.
આડંબર તજીને જો હરિ ગીત ગવાય,
ત્યારે જ મનવા રામ શરણમાં જવાય.

*દીપક પૂરી 'દર્દેદિલ' - ગાંધીધામ*

KISHOR ROADWAYS
Pratik K. Lalka
M. : 98250 65844, 98986 58444, 88498 27053
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો


દૃષ્ટિ મહેતા


યેશા મહેતા

*દૃષ્ટિ મહેતા અને યેશા મહેતા હોનહાર દીકરીઓ છે. તેઓમાં વિવિધ પ્રકારની શક્તિઓનો સ્રોત ભરેલો છે. જેઓ આ દીકરીઓથી પરીચિત હશે તેઓ આ વિગતોથી પૂરેપૂરા વાકેફગાર હશે. તેઓ મંગલ મંદિરમાં "જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો" પર એક લેખમાળા શરૂ કરવા માંગે છે. આપણે આ લેખમાળાને રસપૂર્વક માણીએ*

*– તંત્રી મંડળ*

*સુજ્ઞ વાચકમિત્રો,*

આપ સર્વેને દૃષ્ટિ મહેતા અને યેશા મહેતાના વંદન.

અમે એક સ્પર્ધામાં ભાગ લીધેલ હતો કે જેમાં પરિવારની વ્યક્તિઓને સાહિત્યરસમાં તરબોળ કરાવવાનો એક અનેરો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. સમાજની ગૃહિણીઓ, યુવાનો, વડીલો અને ઉર્જાસભર બાળકો સર્વેનાં હૃદયમાં સંસ્કારો અને સંસ્કૃતિનાં પ્રતિનિધિત્વ સમાન એવી ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય ધબકતા રહે તે અર્થે ડાયરીલેખન-૧, ડાયરીલેખન-૨, પ્રશ્ન શતક અને પ્રશ્નશતક શ્રી ૧। – એમ ચાર અનોખી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

તે પૈકી બે અનોખી અને અદ્‌ભુત સ્પર્ધા પ્રશ્નશતક અને પ્રશ્નશતક શ્રી ૧। – જેમાં જીવનનાં વિવિધ રસ – હાસ્ય રસ, કરુણા રસ, શૃંગાર રસ, ભયાનક રસ, વીર રસ, અદ્‌ભુત રસ, શાંત રસ અને રૌદ્ર રસને સમાવિષ્ટ એવા અનુક્રમે ૧૦૦ અને ૧૨૫ પ્રશ્નો મૂકવામાં આવેલા હતા.

પ્રેમ, સાધના, આરાધના, તત્ત્વ, ચિંતન, અનુકંપા, કરુણા, દયા, સહજીવન, એકલતા, શાંતિ, સદ્‌ભાવ, સંબંધોની ગહનતા, વડીલોને આદર, પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ, જીવનની ક્ષણભંગુરતા, પારંપરીક રીતરિવાજો અને ખાનપાન, ધર્મ પ્રત્યેનો આદરભાવ, ચિંતન તથા અર્થપૂર્ણ શબ્દોની સરવાણી, મિલનનું મહત્ત્વ, અસ્તિત્વની સાતત્યતા, આકાંક્ષા, અપેક્ષા અને સૌથી મહત્ત્વપૂર્ણ એવા કલ્પના શક્તિ અને જ્ઞાનના અખૂટ ભંડાર સમાન એવી આ જીવન વૈભવ મહાશોધ સ્પર્ધા હતી. જે સ્પર્ધામાં પ્રશ્નોનાં ઉત્તરો થકી જીવનના વિવિધ રંગોને માણવાના હતા. અમે તે રંગોની સુંદર રંગોળી રચેલ છે. તે રંગોળીના રંગો આપ પણ ખૂલીને માણશો તેવી અભિલાષા છે.

પ્રશ્નશતક અને પ્રશ્નશતક શ્રી ૧। સ્પર્ધાઓ – એ "જીવનના બે મહત્ત્વના બિંદુ 'ગંભીરતા' અને 'હળવાશ'ને સંયુક્ત રીતે સાંકળવાનો સેતુ છે."

સમાજના લોકોની વૈચારીકતાને ખૂલ્લું આકાશ મળે, તેમની કલ્પનાશક્તિને પાંખો મળે અને તેમનામાં રહેલી વહેવારીકતા ઉજાગર થાય, તે જ આ સ્પર્ધાનો હેતુ છે.

અને આવી આ સ્પર્ધાના હેતુને સિધ્ધ કરવા પીરસાયેલા ગુજરાતી સાહિત્યના પ્રશ્નોની આછેરી ઝલકને માણીએ :

- ☞ આ સ્પર્ધામાં વ્યક્તિએ પોતાની જાત સાથે વાત કરીને, પોતાની જાતનો જ ઈન્ટરવ્યુ લેવાનો છે.
- ☞ દુનિયાભરના ગપ્પા મારતા આપણે સર્વેએ ગપ્પા મારવાની કળા વિકસાવી સુંદર મજાનું ગપ્પું મારવાનું છે.
- ☞ તમારા મનગમતા પંખીને નયનોમાં ભરી, ગગનમાં કલ્પનાવિહાર પણ કરવાનો છે.
- ☞ સર્વે ગૃહિણીઓની પરમસખી એવી કામવાળીને કાગળ પર કલમથી કંડારવાની છે.
- ☞ પામર એવી 'પાણીપુરી'ને શબ્દોરૂપી પુષ્પથી નવાજવાની છે.
- ☞ તમારી ઈચ્છા અને કલ્પના અનુસાર તમને મનગમતી સૃષ્ટિનું સર્જન કરવાનું છે.
- ☞ ભોળા નંદીએ કરેલી ભૂલ 'ત્રણ વાર ખાવું, એક વાર નહાવું'ને સુધારી નવી ભાવસૃષ્ટિ સર્જિત કરવાની છે.
- ☞ ફાસ્ટફુડ, ફરસાણ, જંકફુડ જેવી આજની પાંઉભાજી પ્રજાને આરોગ્યપ્રદ જીવન જીવાડવા આરોગ્યનીતિ જ બદલી નાંખવાની છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૩ ઉપર)**



કેકીન રમણિકલાલ શાહ

વ્યક્તિ વિશેષ


# સ્વ. રમણીકલાલ કરમશી શાહ

**(જન્મ : તા. ૩-૪-૧૯૩૪ ● અવસાન : તા. ૨૯-૧૨-૧૯૯૭)**

*આજથી લગભગ ૪૬-૪૭ વર્ષ અગાઉ તા. ૨૯-૭-૧૯૭૭ના રોજ 'કચ્છમિત્ર'માં નીચે મુજબના સમાચાર પ્રસારીત થયેલ હતા :*

## ફોટોગ્રાફિક સોસાયટી ઓફ અમેરિકાનો સુવર્ણચંદ્રક : પ્રથમ ભારતીય કચ્છી રમણીકલાલ શાહ

*માંડવીના સુવિખ્યાત ફોટોગ્રાફર રમણીકલાલ શાહે હોંગકોંગ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ફોટો પ્રદર્શનમાં ફોટોગ્રાફિક સોસાયટી ઓફ અમેરિકાનો સર્વોત્તમ સુવર્ણ ચંદ્રક મેળવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કચ્છનું નામ રોશન કર્યું હતું. આવું સન્માન મેળવનાર તેઓ પ્રથમ કચ્છી જ નહીં પરંતુ પહેલા ભારતીય નાગરિક છે.*



કચ્છમિત્ર

અતીતના ઝરુખેથી

તા. ૨૯/૦૭/૧૯૭૭, વર્ષ : ૩૩, અંક : ૮

કચ્છ :

ફોટોગ્રાફિક સોસાયટી ઓફ અમેરિકાનો સુવર્ણચંદ્રક :

પ્રથમ ભારતીય કચ્છી રમણીકલાલ શાહ

ભુજ : માંડવીના સુવિખ્યાત ફોટોગ્રાફર રમણીકલાલ શાહે હોંગકોંગ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ફોટો પ્રદર્શનમાં ફોટોગ્રાફિક સોસાયટી ઓફ અમેરિકાનો સર્વોત્તમ સુવર્ણચંદ્રક મેળવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કચ્છનું નામ રોશન કર્યું હતું. આવું સન્માન મેળવનાર તેઓ પ્રથમ કચ્છી જ નહીં, પરંતુ પહેલા ભારતીય નાગરિક છે.

***ઉપરોક્ત સમાચારમાં ઉલ્લેખિત કરાયેલ સુવિખ્યાત ફોટોગ્રાફર રમણીકલાલ શાહ મારા પિતાશ્રી થાય.***



**રમણીકલાલ કરમશી શાહ**

તેઓ માંડવી તાલુકાના નાગલપર ગામના વતની. પિતાશ્રી કરમશીભાઈ અને માતુશ્રી દેવકાબેનના ૩ સંતાન. મોટાનું નામ મૂલચંદભાઈ, વચેટનું નામ રમણીકભાઈ અને નાનાનું નામ અમૃતભાઈ.

શ્રી રમણીકભાઈ સ્વભાવે બહુ જ શાંત અને કોઈ સાથે દલીલબાજીમાં ઉતરવું તેમને ના ગમે. ૭ ધોરણ સુધીનો અભ્યાસ તેમણે નાગલપરમાં રહીને કર્યો. ત્યારબાદ પિતાશ્રીના વાસણ વેચવાના વ્યવસાયમાં કામે લાગી ગયા. આ માટે તેઓને દરરોજ નાગલપરથી માંડવી અને માંડવીથી નાગલપર પગપાળા આવવા - જવાનું થતું.

કુદરતે રમણીકભાઈને કલાકાર બનવાની અફાટ બક્ષીસ આપેલ હતી. તેઓ નાનપણથી

જ સંગીતમાં ખૂબ જ રસ ધરાવતા હતા. કામની વચ્ચે વચ્ચે જ્યારે તેમને સમય મળતો ત્યારે અલગ અલગ પ્રકારના સંગીતના વાજીંત્રો પર તેઓ હાથ અજમાવતા અને એમ કરતા તેઓ હાર્મોનિયમ, તબલા અને જલતરંગ ખૂબ જ સારી રીતે વગાડવા લાગ્યા. કંઠ્ય સંગીતનું પણ જ્ઞાન કેળવ્યું.

એ સમયે રાઈફલ શુટીંગ એ તેમનો બીજો શોખ હતો. ધીરે ધીરે આ ક્ષેત્રે પણ તેમણે પારંગતતા મેળવી અને તે માટે તેમને માંડવીના ટાગોર રંગ મંદિરમાં સન્માનવામાં આવ્યા અને સર્ટીફિકેટ પણ આપવામાં આવ્યું.

કલાપ્રેમી રમણીકભાઈ ફોટોગ્રાફી તરફ આકર્ષાયા અને આ ક્ષેત્રે પણ તેમણે વિવિધ પ્રકારના અનુભવો મેળવ્યા. માંડવીના જ ટી.એસ. લાલ અને વસંતભાઈ સંઘવીની મિત્રતાએ તેમને આ ક્ષેત્રે ખૂબ જ સારો સાથ અને સહકાર આપ્યો. એ જ રીતે ભુજ સ્થિત વિખ્યાત ફોટોગ્રાફર શ્રી એલ. એમ. પોમલ સાથે પણ તેમના સંબંધ વિકસ્યા અને તેમણે પણ શ્રી રમણીકભાઈને સારું એવું પ્રોત્સાહન પૂરૂં પાડ્યું.

શરૂઆતમાં તેઓ યાશીકા કેમેરાથી પરિવારના ફોટા પાડતા. પછી પેન્ટેક્ષ અને કેનોન કેમેરા આવ્યા. જેમ જેમ ફોટોગ્રાફીનો શોખ વિકસતો ગયો તેમ તેમ તેઓશ્રી ઝુમ લેન્સ સહિત નવા સાધનો વસાવતા ગયા. ઘરમાં એક ડાર્કરૂપ પણ બનાવી લીધું અને ફોટોગ્રાફ ડેવલપ કરવા એક એન્લાર્જર પણ વસાવી લીધું. એ સમયે ઘરમાં અમે બધા ભાઈ-બહેનો આ કામમાં તેઓને મદદ કરતા. હું પણ તેઓશ્રીને સારી એવી મદદ કરતો હતો.

જેમ જેમ તેઓનો ફોટોગ્રાફીનો શોખ વિકસતો ગયો તેમ તેમ તેઓ નેચર ફોટોગ્રાફી તરફ આકર્ષાયા. સોમથી શનિ તેઓ પોતાના પારીવારિક વ્યવસાય વાસણના ધંધામાં વ્યસ્ત રહેતા અને રવિવાર આખો દિવસ ફોટોગ્રાફી માટે ફાળવતા. તેમને આસિસ્ટ કરવા હું તેમની સાથે રહેતો અને શ્રી વસંતભાઈ સંઘવી પણ સાથે જોડાતા. નિસર્ગના સૌંદર્યના શોખીન એવા શ્રી રમણીકભાઈએ ખભે કેમેરા લટકાવી દરિયા કાંઠે, ગામના ભાગોળે અને વિવિધ વાડીઓમાં ફોટા લેવા રખડવાનું શરૂ કર્યું. માંડવીના દરિયાકાંઠે અનેક જીવોના વસવાટથી તેમના ફોટા લેવાના શરૂ કર્યા. ખાસ કરીને સીગલ અને સુરખાબ (ફ્લેમિંગો) વિશે ઝીણવટભર્યો અભ્યાસ કરી તેમના ફોટોગ્રાફ લેવા કલાકો સુધી એક જગ્યાએ સ્થિર બેસી રહેતા. અનેક સમયે કાદવમાંથી પણ ચાલીને યોગ્ય જગ્યાએ પહોંચતા હતા. સીગલના ફોટા લેવા હું નીચેથી બુંદી ઉપર તરફ ફેંકું. સીગલ તેને હવામાં જ કેચ કરી લે અને મારા પિતાશ્રી આ ફોટા ઝડપી લે. એ સમયે ડિજિટલ ફોટોગ્રાફી ન હોવાથી એક એક ફોટા યોગ્ય પડાય તેની કાળજી લેવી પડે. નહિં તો ફોટાની કિંમત ખૂબ જ વધી જાય કે જે પરવડે નહીં. આ ફોટાઓ ઘરમાં જ સેટ-અપ કરેલા ડાર્ક રૂમમાં ડેવલપ કરવામાં આવે અને પસંદ કરેલ ફોટાને ટાઈટલ આપી તેને વિવિધ સ્પર્ધા માટે મોકલી આપવામાં આવતા.

વિવિધ કલા માટે કુદરતે તેમને જે બક્ષીસ આપેલ હતી, તે થકી ઉત્તરોત્તર તેમની કલા ફોટોગ્રાફી ક્ષેત્રે ઝળકતી ગઈ અને ઉત્તરોત્તર તેઓ દ્વારા ઉત્તમ પ્રકારના ફોટાઓ નિર્માણ પામતા ગયા. પ્રખ્યાત ફોટોગ્રાફર ટી. એલ. લાલે પણ તેમને આ ક્ષેત્રે સારું એવું પ્રોત્સાહન પૂરું પાડ્યું.

નેચર ફોટોગ્રાફીના ફોટાઓ તેમણે અખિલ ભારતીય હરીફાઈઓમાં મોકલવાનું શરૂ કર્યું. ગુજરાત લલિતકલા એકેડેમિએ અને ગુજરાત જંગલ ખાતાએ રોકડ ઇનામો આપી તેમને નવાજ્યા. આ રીતે દેશમાં અનેક સ્થળેથી તેમને પ્રોત્સાહન મળતું ગયું. ત્યારબાદ તેઓએ આંતરરાષ્ટ્રીય હરીફાઈઓમાં પણ ભાગ લેવાનું શરૂ કર્યું અને એ હરીફાઈઓમાં પણ તેઓના ફોટોગ્રાફ્સને પુરસ્કાર પ્રાપ્ત થતા ગયા. સ્વિટ્ઝરલેન્ડની ફોટોગ્રાફી સોસાયટીએ તેમને AF/AP નો ખિતાબ એનાયત કર્યો. ફોટોગ્રાફી સોસાયટી ઓફ અમેરિકાએ તેમને TWO STARનું માનપત્ર આપ્યું. ઇન્ટરનેશનલ એક્ઝીબિશન - હોંગકોંગમાં પણ તેમને ચંદ્રક પ્રાપ્ત થયો. ફોટોગ્રાફી સોસાયટી ઓફ રીપબ્લિક ઓફ ચાઈનાએ એમને રજત ચંદ્રકથી નવાજ્યા. ઓસ્ટ્રેલિયા મેઇનલેન્ડ ઇન્ટરનેશનલ સાલોન ઓફ ફોટોગ્રાફીએ તેમને સુવર્ણ ચંદ્રકથી નવાજ્યા. આ ખિતાબ મેળવવામાં તેઓશ્રી એકલા જ અને પ્રથમ ભારતીય હતા. આ સિવાય પણ અનેક દેશી અને વિદેશી સંસ્થાઓએ તેઓશ્રીને સર્ટીફિકેટ્સ સાથે સન્માનપત્ર એનાયત કરેલ છે.

સરી જતી ક્ષણો ક્યારેય પાછી આવતી નથી અને કેમેરામાં કેદ કરેલી દરેક પળ ક્યારેય સરી જતી નથી.

જેમના માટે આજે અમે સહુ પરિવારજનો ગૌરવ અનુભવીએ છીએ એવા અમારા પૂજનીય પિતાશ્રી રમણીકલાલ કરમશી શાહને કોટી કોટી વંદન...

***– તેમના સમગ્ર પરિવારજન વતી કેકીન રમણીકલાલ શાહ***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૫૦

### શ્રી ભરૂચ તીર્થ
### (શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન)



અમદાવાદ - મુંબઈ રેલવે તેમજ સડક માર્ગ આવતા ભરૂચ ગામની શ્રીમાળી પોળમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળ નાયક શ્રી મુનિસુવ્રતસ્વામીની શ્યામ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ પ્રાચીન નગર અનેક રીતે જૈન ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુરૂ ગૌતમસ્વામીએ અષ્ટાપદ તીર્થ પર રચેલા જગચિંતામણિ સ્તોત્રમાં ભરૂચમાં બિરાજેલા ભગવાન મુનિસુવ્રત સ્વામીની સ્તુતિ કરી છે. તો ભગવાન મુનિસુવ્રત સ્વામીએ ઘોડાને અહિંયા જ પ્રતિબોધ કર્યો હતો. વળી આ તીર્થમાં અનેક સમર્થ આચાર્યોએ મંદિરની પ્રતિષ્ઠા કરાવી છે તથા ગ્રંથોની રચના કરી છે. આ પ્રાચીન નગર હોવાને કારણે અહિંયા ઠેર ઠેર પ્રાચીન કલાકૃતિઓનાં દર્શન થાય છે.

આ ભરૂચમાં ભગવાન મુનિસુવ્રત સ્વામીના સમયનું અશ્વાવબોધ તીર્થ, સિંહલદ્વીપની રાજકુમારી સુદર્શનાનો શકુનિકા વિહાર તથા કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે જેની પ્રતિષ્ઠા કરી હતી અને કુમારપાળે જેની આરતી ઉતારી હતી તે વિહાર આજે મસ્જિદના રૂપમાં પરિવર્તન પામ્યો છે. પુરાતત્ત્વવેત્તાઓના મત મુજબ ભરૂચની અત્યારની જુમ્મા મસ્જિદ જ આ પ્રાચીન મંદિર હશે. એમ માનવામાં આવે છે કે આવા આક્રમણકાળે પ્રભુ પ્રતિમાને ક્યાંક સુરક્ષિત રાખવામાં આવી હશે અને સમય જતાં નવું મંદિર બંધાવી, એ પ્રાચીન પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હશે, જે આજે મંદિરમાં બિરાજી રહી છે. આ મંદિર સિવાય બીજા અગિયાર મંદિરો અહીં આવેલા છે.

## તીર્થ દર્શન-૫૧

### શ્રી ઝઘડિયા તીર્થ
### (શ્રી આદિનાથ ભગવાન)



ભરૂચથી ૩૨ કિ.મી. દૂર અને અંકલેશ્વર - રાજપીપળા રેલવે માર્ગ પર આવેલા ઝઘડિયા ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની શ્વેત વર્ણની ૧૦૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ મૂર્તિ શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ ભવ્ય અને આકર્ષક છે. એ પ્રમાણમાં નાની હોવા છતાં એની સુંદરતામાં ઓછી ઊતરે એવી નથી. વળી મંદિરનાં શિખરો અને બહારના તોરણદ્વારની કલા પણ દર્શનીય છે. વિ.સં. ૧૯૨૧માં આ ગામની નજીક ખેતરમાંથી મળેલી શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ પર વિ.સં. ૧૨૦૦ મહા સુદ ૧૦નો લેખ મળે છે અને તે મંત્રી શ્રી પૃથ્વીલાલ દ્વારા પ્રતિષ્ઠિત થઈ હતી તેવી વિગત મળે છે. વિ.સં. ૧૯૨૮માં એ સમયના રાજા શ્રી ગંભીરસિંહજીએ ફરીવાર પ્રતિષ્ઠા કરી. વિ.સં. ૧૯૫૯માં અહીંના શ્રી સંઘે રાણા છત્રસિંહ પાસેથી મંદિરનો વહીવટ લઈને ફરી જીર્ણોધ્ધાર કરાવ્યો.

એમ કહેવાય છે કે રાણાની પાસે પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ એટલે વડોદરા અને ભરૂચ નગરના શ્રાવકો રાણાની પાસે પ્રતિમાઓ લેવા આવ્યા. રાણાએ કહ્યું કે મારા નગરમાં કોઈ જિનમંદિર નથી અને કોઈ જિનશ્રાવકનું ઘર નથી એ દુઃખદ વાત છે. પરંતુ આ પ્રતિમાઓ તમને આપવી એ મારા માટે અને રાજ્ય માટે કલંક કહેવાય. આથી રાણાએ શ્રાવકોને વ્યાપારની બધી સગવડ કરી આપી અને મંદિરનું નિર્માણ કર્યું. ત્રીસ વર્ષ સુધી આ જિન મંદિરની સંભાળ લીધા બાદ તે શ્રી સંઘને સુપ્રત કર્યું.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*કાબેલ મિત્રો હોવા એ નસીબની વાત છે, બહુ ઓછા લોકોના હાથમાં આ પ્રકારની લકીર દોરાયેલી હોય છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ડૉ. કુમારપાળ દેસાઇને કોલકાતાના વિચારમંચ દ્વારા સર્વોચ્ચ સન્માન

છેલ્લા ૩૬ વર્ષથી કોલકાતામાં કાર્યરત 'વિચારમંચ' સંસ્થા દ્વારા સાહિત્ય, શિક્ષણ, સંશોધન, ચિત્રકલા, સેવાનાં ક્ષેત્રે રાષ્ટ્રવ્યાપી કાર્ય કરનારને સન્માનિત કરવામાં આવે છે. તાજેતરમાં ૧૭મી માર્ચ, ૨૦૨૪ રવિવારે કોલકાતાના કાશીપુરમાં આવેલા એજ્યુકેશન સેન્ટરમાં ભારતના જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં ડૉ. પ્રિયદર્શના જૈન, ડૉ. રાહુલ અવસ્થી, શ્રી માલચંદ તિવારી વગેરેને એમના ક્ષેત્રમાં પ્રદાન કરવા માટે સન્માન અર્પવામાં આવ્યું. આ પ્રસંગે ઉદ્યોગપતિ અને સમાજસેવી શ્રી રંજીતસિંહ કોઠારી અને પૂર્વ આઈ.સી.એસ. અધિકારી શ્રી ચંચલમલ બચ્છાવત તેમજ અનેક શૈક્ષણિક સંકુલોનાં સ્થાપક સરદારમલ કાંકરિયા દ્વારા **ગુજરાતના સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને વિચારમંચનું સર્વોચ્ચ સન્માન 'હેમચંદ્ર આચાર્ય સાહિત્ય સન્માન' અર્પણ કરવામાં આવ્યું.** આ પ્રસંગે કોલકાતાનાં સાહિત્યરસિકો તથા વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી ઉત્તમભાઈ મોમાયાને 'સાંયરા રત્ન' બિરૂદ અપાયું

અબડાસા તાલુકાના સાંયરા ગામનાં સામાજિક કાર્યકર શ્રી ઉત્તમભાઈ ખેતશી મોમાયાને શ્રી કચ્છી દશા ઓસવાળ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ, સાંયરા વિકાસ મંડળ અને સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા "સાંયરા રત્ન" ઍવોર્ડ સાથે બિરૂદ અપાયું હતું.

શ્રી ઉત્તમભાઈ મોમાયાની સમગ્ર ગ્રામજનો અને સમાજ તથા જરૂરતમંદોને ઉપયોગી થવાની સેવાઓ અને સમાજસેવાનાં કાર્યને બિરદાવવામાં આવેલ.

સાંયરા મહાજન પ્રમુખ ભદ્રેશભાઈ પટેલ, શાંતિલાલભાઈ લોડાયા, હરીશભાઈ લોડાયા, તરૂણભાઈ લોડાયા, ચંદ્રકાંતભાઈ ખોનાનાં વરદ્ હસ્તે ઉત્તમભાઈને સન્માનપત્ર અર્પણ કરવામાં આવેલ. સાંયરા ગ્રામ પંચાયત, સાંયરા યુથ ફોરમ, સાંયરા સહિયર તથા ગામની વિવિધ સંસ્થાઓ, પ્રાથમિક શાળા સ્ટાફ અને વિવિધ મંડળો દ્વારા તેઓશ્રીનું બહુમાન કરવામાં આવેલ. સરપંચ હાજી કાસમ મંધરા, ધીરેનભાઈ ગોર, બિપીનભાઈ મોમાયા, પ્રબોધ મુનવર, રતિલાલ ધ્રોળ તથા વિશાળ સંખ્યામાં સાંયરાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. શણગારેલી બગીમાં ઉત્તમભાઈનો વરઘોડો વાજતે ગાજતે આખા ગામમાં ફરી વળ્યો હતો. ઉત્તમભાઈની શ્રેષ્ઠ કામગીરીને સૌએ બિરદાવી હતી.

## ભાવનગર કચ્છ સમાજ

**તા. ૧૦મી માર્ચ ૨૦૨૪ ને રવિવારે ભાવનગર કચ્છ સમાજ દ્વારા વડીલો, વડીલ દંપતીઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો**

ભાવનગરને કર્મભૂમિ બનાવી છેલ્લા ૩૭ વર્ષોથી કચ્છી પરિવારોનું ભાવનગર કચ્છ સમાજ તેના અનેક વૈવિધ્યસભર, ઉમદા અને વિશિષ્ટ કાર્યક્રમો માટે જાણીતો છે. ૧૦મી માર્ચને રવિવારે ભાવનગર કચ્છ સમાજ દ્વારા વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૬.૩૦ વાગ્યાથી માં આશાપુરાના જયઘોષ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સમાજના જે વડીલોએ આયુષ્યના ૭૫થી વધુ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા ૧૫ સભ્યોનું વયજયેષ્ઠ અભિવાદન કરવામાં આવ્યું. આ ઉપરાંત સમાજના જે દંપતીઓએ લગ્ન જીવનના પચાસ વર્ષથી વધુ સમય વિતાવ્યો હોય તેવા ચાર સન્માનનીય દંપતીઓનું સ્વર્ણિમ સહજીવન અભિવાદન તથા સમાજના ત્રણ તેજસ્વી તારલાઓ જેમણે અભ્યાસમાં અસાધારણ સિધ્ધિ પ્રાપ્ત કરી પરિવારને અને સમાજને ગૌરવ અપાવ્યું તેવા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. આ તમામ અભિવાદન કાર્યક્રમમાં ૭૫ વર્ષના ભારતેન્દુભાઈથી લઈ ૯૬ વર્ષના ઝવેરબા ધરમશીભાઈ હાજર રહ્યા હતા અને સમાજના તમામ પરિવારજનોને આશીર્વાદ આપ્યા હતા. આ અભિવાદનમાં સમાજના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને મહેમાનોના વરદ્ હસ્તે તમામ વડીલોને એક ટ્રોફી, સ્મૃતિભેટ, શ્રીફળ અને સાકરપડો અર્પણ કરવામાં આવ્યા હતા. આ વડીલોના ચહેરા ઉપરનું સ્મિત અને રાજીપો કાર્યક્રમની સફળતા હતી. આ ઉપરાંત સમાજના સમાજ સિવાયના અનેક લોકોની સેવા અને તબીબી માર્ગદર્શન કરનાર સમાજના ઉપપ્રમુખ અને શહેરના જાણીતા

રેડિયોલોજિસ્ટ ડૉ. રવિભાઈ પટેલનું સમાજના પ્રમુખ અને આમંત્રિત મહેમાનોના વરદ્ હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં શાલ ઓઢાડી સન્માન ઉપરાંત સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. કચ્છ સમાજના સહમંત્રી અને હાલમાં જ ગુજ. મેરીટાઈમ બોર્ડમાંથી નિવૃત્ત થયા તે શ્રી અશોકભાઈ અંજારીયાનું અભિવાદન સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ અને મહેમાનોના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જેમાં તેઓના તમામ પરિવારજનોએ પણ ઉમળકાભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગરથી નિવૃત્ત સંયુક્ત સચિવ અને પાટીદાર સંદેશના તંત્રી શ્રી શામજીભાઈ પટેલ અને મૂળ કચ્છના વતની અને હાલ મોડાસા નગરપાલિકાના પ્રમુખ શ્રી રોહિતભાઈ પટેલ, કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને જાણીતા લેખક શ્રી કાંતિલાલ ગોર તથા ભાવનગર શહેર ભાજપાના પ્રમુખ શ્રી અભયસિંહ ચૌહાણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહેમાનોએ કાર્યક્રમને બિરદાવ્યો હતો અને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં બહારગામથી કચ્છની દીકરીઓ અને વિદ્યાર્થીઓ ઉપરાંત શહેરના જાણીતા અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ અને મહાનુભાવોને આમંત્રિત કરાયા હતા. જેમાં મહાવીર મંડપના શ્રી ઈશ્વરભાઈ લશ્કરી, ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના શ્રી રવિન્દ્રભાઈ ઘેવરીયા, ડૉ. તેજસ દોશી, કિરણભાઈ ગાંધી, વિવિધ બેંકના અધિકારીશ્રીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહના માર્ગદર્શનમાં કચ્છ સમાજની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## કવિ કલા વૃંદ સંસ્થા - ભુજ

કવિ કલા વૃંદ સંસ્થા - ભુજ દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એકલો જાને રે..., જલારામ પરબના પ્રણેતા અને રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા મગનભાઈ જી. ઠક્કરે સંસ્થાના મહિલા પ્રતિનિધિ અને સહમંત્રી આરતીબેન એન. રાઠોડનું સન્માન કરેલ. જ્યારે વરિષ્ઠ મહિલા ચંદ્રિકાબેન એ. શાહનું સન્માન વિનોદ એ. ગોર દ્વારા સંસ્થાના પ્રમુખ દિલીપ આચાર્યના પ્રમુખસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં કરવામાં આવેલ.

આ પ્રસંગે અમૃતલાલ શાહ, મદનભાઈ ભટ્ટ, અશ્વિન જાની, જગદીશ ગોર, અતુલ જાની વગેરે સભ્યો ઉપસ્થિત રહેલ હતા. જેમાં વિશ્વ મહિલા દિન ઉજવણી પ્રસંગેનું મગનભાઈ ઠક્કર, દિલીપ આચાર્યએ પ્રવચન કરતાં નારી શક્તિના મહિમા સાથે મહિલા સેવાને વિવિધ રીતે બિરદાવી હતી. જ્યારે આરતી રાઠોડે નારી વેદના વર્ણવતું સ્વરચિત કાવ્ય પઠન કરેલ હતું. અન્ય ઉપસ્થિત સભ્યોએ નારીની વિવિધ પ્રવૃત્તિ ક્ષેત્રેની સેવા કાર્યને વર્ણવી કાવ્યો રજૂ કર્યા હતા.

## માનવ જ્યોત - ભુજ

### ઉત્તરાંચલનો યુવાન બે વર્ષે ઘરે પહોંચ્યો પરિવારજનો સાથે થયું ફેરમિલન

ઉત્તરાંચલ રાજ્યનો યુવાન દનીશઅલી (ઉં.વ. ૨૫) બે વર્ષ પહેલા ગૂમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. પરિવારજનોએ તેની ખૂબ જ ચિંતા સેવી હતી.

આખરે તે રખડતો - ભટકતો અનેક રાજ્યોનાં શહેરો અને ગામડાંઓમાંથી થઈને સોમનાથનાં 'નિરાધારનો આધાર સેવાશ્રમ' મધ્યે પહોંચ્યો હતો. સોમનાથ આશ્રમના સંચાલકોએ તેની ખૂબ જ સરભરા કરી સારવાર કરી.

માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા સોમનાથ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે આ મુસ્લિમ યુવાન દનીશઅલીને સાથે ભુજ તેડી આવી, ઉત્તરાંચલ પોલીસનો સંપર્ક કરી તેનું ઘર શોધી કાઢતાં પરિવારજનોમાં ખુશી છવાઈ હતી અને પરિવારનાં તેના ભાઈ અને કાકા તેને તેડવા ભુજ આવી પહોંચ્યા હતા. બે વર્ષ પછી મિલન થતાં ભાવુક દૃશ્યો સર્જાયા હતા. આખરે બે વર્ષ પછી તે પોતાનાં ઘર સુધી પહોંચ્યો છે.

માનવતાના આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, દીપેશ શાહ, રફીક બાવા, ઉમરશી ધુલ્લા, દિલીપ લોડાયા, પ્રેમજીભાઈ, વાલજી કોલી સહભાગી બન્યા હતા.


**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| ■ આનંદ મંગલ | :.......100/- | ■ આરોગ્ય હેલ્થ ટીપ્સ | :......100/- |
| ■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ | :.......100/- | ■ સફળતા | :........ 75/- |
| ■ આરોગ્યના અમૃત | :.......150/- | ■ પહેલું સુખ તે જાતે નર્યા | :........ 70/- |

WhatsApp
99130 12120

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૨

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. 'મંગલ મંદિર'ના ભૂતપૂર્વ તંત્રી સ્વ. પ્રેમીલાબેન કુરૂવાનું કન્યાદાન ________ એ કર્યું હતું.
(શ્રી મોરારજીભાઈ દેસાઈ, તેમના મામા, તેમના પિતા શ્રી ભવાનજીભાઈ નથુભાઈ મૈશેરી)

૨. ________ વ્યક્તિએ દેહદાન અને ચક્ષુદાન કરેલ છે.
(શ્રી શામજીભાઈ રામજીભાઈ ગાલા, શ્રી હરખચંદ પ્રેમજીભાઈ શાહ, શ્રી મધુબેન રવિચંદ્ર ગાંધી)

૩. માર્ચના અંકમાં અયોધ્યા - રામ મંદિરનો વિસ્તૃત લેખ લખનાર લેખક : ________
(ભરતકુમાર ઠાકર, અશોકભાઈ મહેતા, ડૉ. મિહિર વોરા)

૪. ગંધાર તીર્થનો વિ.સં. ૧૮૧૦માં ________ એ જીર્ણોધ્ધાર કર્યો હતો.
(શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, હરકુંવર શેઠાણી, શ્રી હીરવિજયસૂરીશ્વરજી)

૫. ટેલીફોનની શોધ ________ એ વર્ષ ________માં કરી હતી.
(વેન એગટ, ગ્રેહામ બેલ / ૧૯૦૦, ૧૮૭૬, ૧૯૦૪)

૬. પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે જાન્યુઆરી માસમાં કુલ ________ વ્યક્તિઓએ લાભ લીધો. (૫૪૭, ૭૮૬, ૫૪૦)

૭. શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો ભૂમિપૂજન સમારોહ તા. ________ ના રોજ કરવામાં આવેલ હતો.
(તા. ૧૨-૨-૨૦૦૦, તા. ૧૩-૨-૨૦૦૦, તા. ૬-૧-૨૦૦૨)

૮. વયસ્ક સમિતિ દ્વારા કચ્છનો ________નો પ્રવાસ ________ ના રોજ રાખવામાં આવેલ હતો.
(૨ દિવસનો, ૩ દિવસનો, ૪ દિવસનો / ફેબ્રુઆરી ૬-૭-૮ / ૩-૪-૫ / ૮-૯-૧૦)

૯. મેડિકલ સેન્ટરનો પ્રારંભ – પાલડી ખાતે ________, બોપલ ખાતે ________ અને ચાંગોદર ખાતે ________ થયો હતો. (૨૦૨૩, ૨૦૨૧, ૨૦૨૦, ૧૯૯૭, ૧૯૮૫, ૨૦૦૨)

૧૦. સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો પૈકીના એક શૂરવીર : ________ (સુભાષચંદ્ર બોઝ, રાસબિહારી બોઝ, પૂરણસિંહ)

## • મણકા—૧૧ ના સવાલોના સાચા જવાબો •

૧. બાલ સમૃધ્ધિ યોજના **તા. ૨-૧૦-૧૯૯૬** ના દિવસે ચાલુ થયેલ છે.

૨. 'મંગલ મંદિર'નો માર્ચ ૨૦૦૧નો અંક **ભૂકંપ** વિશેષાંક તરીકે પ્રગટ થયો હતો.

૩. ફેબ્રુઆરી ૨૦૨૪ના અંકમાં એક વડાપ્રધાન – **મોરારજી દેસાઈ** વિશે લેખ છે.

૪. સ્વતંત્ર સંગ્રામના ૭૫ શૂરવીરોમાંના એક શૂરવીર : **સત્યેન્દ્ર બોઝ**

૫. ભારત દેશને વર્ષ **૧૯૪૭**માં આઝાદી મળી અને વર્ષ **૧૯૫૦**માં દેશ પ્રજાસત્તાક બન્યો.

૬. અયોધ્યા શ્રી રામ મંદિરની પ્રતિષ્ઠા **૨૨મી જાન્યુઆરી**ના દિવસે થઈ હતી.

૭. શાહીબાગ મેડિકલ સેન્ટરમાં ડિસેમ્બર માસમાં કુલ **૪૯૬** વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૫૦૦, ૪૯૬, ૩૯૧)

૮. જૂન ૨૦૦૧માં કચ્છની સ્કૂલો - દવાખાના માટે રૂા. **૩૧.૩૦ લાખ**ના ફંડની ફાળવણી કરવામાં આવી હતી.

૯. પરમકૃપા મેડિકલ સેન્ટર – દાંત વિભાગને 'મા કમલા ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ' દ્વારા રૂા. **૧૧** લાખનું દાન આપવામાં આવેલ.

૧૦. પાલડી મેડિકલ સેન્ટરમાં મેડિકલની **૩૪** બ્રાંચો કાર્યરત છે.

***મણકા-૧૧ (મંગલ મંદિર માર્ચ-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. પૂજા બારૈયા / મનીષા વાઘેલા
૨. નીલમ હિતેશ સંઘવી
૩. જિતેન્દ્ર મકવાણા / દીપક મકવાણા
૪. કાજલ કે. વાઘેલા
૫. નવનીત ત્રિકમલાલ પટેલ
૬. રમણિકલાલ કે. ગોસર
૭. કિંજલ દિવ્યેશ શેઠ
૮. રોનકબેન આઈ. શેખ
૯. મહેન્દ્ર ડી. પૂજ
૧૦. કામિની સ્નેહલભાઈ શેઠ
૧૧. જ્યોતિ એલ. શાહ
૧૨. હેમલબેન શાહ
૧૩. ફાલ્ગુની ડી. ડુંગાણી
૧૪. અલ્કા દિનેશ વોરા

*ઉપરોક્ત ૧૪ નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | |
|---|---|---|
| ૧. | **કાજલ કે. વાઘેલા** | મો. ૯૩૨૭૮ ૩૭૮૨૦ |
| ૨. | **મહેન્દ્ર ડી. પૂજ** | મો. ૯૯૨૪૫ ૮૫૨૪૫ |
| ૩. | **કામિની સ્નેહલભાઈ શેઠ** | મો. ૯૨૨૮૯ ૭૯૬૫૩ |
| ૪. | **હેમલબેન શાહ** | મો. ૬૩૫૪૩ ૧૧૦૮૬ |
| ૫. | **ફાલ્ગુની ડી. ડુંગાણી** | મો. ૯૪૨૯૮ ૧૩૬૬૭ |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

હાર્દિક શુભકામનાઓ સાથે...

**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**

**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

## ઉડતી નજરે.... માસ ફેબ્રુઆરી-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ૭૦૧<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ૮૨<br>● બોડી ચેક-અપ ૪૩૦<br>● સોનોગ્રાફી ૧,૨૮૪<br>● ટી.એમ.ટી. ૪૫<br>● ઑપરેશન ૧૩<br>● અન્ય ૮,૩૦૨ | ૧૦,૮૫૭ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ૪૫૩<br>● સ્ત્રીઓ ૨૮૩<br>● બાળકો ૩૨<br>● કેન્ટીન ૪,૨૩૦ | ૪,૯૯૮ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ૧૩૬<br>● સ્ત્રીઓ ૫૨<br>● બાળકો ૨ | ૧૯૦ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૩૨ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ૧,૯૦૫<br>● મ્યુઝીયમ ૧,૮૨૦<br>● કેન્ટીન ૩,૫૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર ૪૬૫<br>● ડિસ્પેન્સરી ૭૮ | ૭,૮૧૮ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૦૯ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ૨૫૫<br>● સોનોગ્રાફી ૨૪૪<br>● ઑપરેશન ૨૦<br>● અન્ય ૬,૪૪૮ | ૬,૯૬૭ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૧૯ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● એક્સ-રે ૯૨<br>● સોનોગ્રાફી ૩૭<br>● બોડી ચેક-અપ ૨૯<br>● પેથોલોજી લેબોરેટરી ૧૫૩<br>● કેમ્પ ૪૮<br>● અન્ય ૪૪૯<br>● ફોક્સ લાઈટીંગ કંપની ૧૭૮ | ૯૮૬ |
| | *માસ ફેબ્રુઆરી – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | ૩૨,૬૭૬ |

## NanoNine® શબ્દ રમત-૨૦૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | | ૬ | ૭ | ૮ |
| ૯ | | | | ૧૦ | | | | ૧૧ | | | ૧૨ |
| | | | ૧૩ | | | | ૧૪ | | | ૧૫ | ૧૬ |
| ૧૭ | | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | | | |
| ૨૧ | | | | | ૨૨ | | ૨૩ | | | ૨૪ | |
| | | | | ૨૫ | | ૨૬ | | | ૨૭ | | |
| ૨૮ | ૨૯ | | ૩૦ | | | | | ૩૧ | | | ૩૨ |
| | ૩૩ | ૩૪ | | | | ૩૫ | ૩૬ | | | | |
| | | | | ૩૭ | | ૩૮ | ૩૯ | | | | |
| ૪૦ | | | ૪૧ | | | ૪૨ | | | ૪૩ | | ૪૪ |
| | | ૪૫ | | | | | ૪૬ | ૪૭ | | ૪૮ | |
| ૪૯ | | | | | ૫૦ | | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૨૦-૦૪-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. પૂર્વ દિશા તરફનું (૪)
૪. ગધેડાને મારવાનો દંડો (૩)
૬. મોટું (૩)
૯. હનુમાનજી, બજરંગ બલી (૩)
૧૦. સુંદર અંગોવાળી સ્ત્રી (૩)
૧૧. શહીદ થવું તે, શહીદી (૪)
૧૪. શત્રુતા, દુશ્મનાવટ (૨)
૧૫. સ્વામી, પતિ _____ વેદ (૨)
૧૮. ટૂંકી બાયનું ખૂલતું નાનું પહેરણ (૩)
૨૦. ભાઈબંધ, હિતેષી દોસ્તાર (૨)
૨૧. કુટુંબ કબીલો, ફેમિલી (૪)
૨૨. જુદું, નોખું, અલગ (૪)
૨૪. થાકવું તે, સુસ્તી (૨)
૨૬. બાળ ભાષામાં ખાવાને કહેવાય (૨)
૨૮. યોગ સાધના કરનાર (૨)
૩૦. ગ્રામોફોન વાજાની થાળી (અં) (૩)
૩૧. બારી (૪)
૩૩. રહીશ, નિવાસી, રહેનારું (૪)
૩૫. સાદગી, સાદાપણું (૩)
૩૭. લડાઈનું મેદાન (૫)
૪૦. કરજ, ઋણ આપવું (૨)
૪૨. લગણ, સુધી (૨)
૪૫. આગમન, જન્મ, પ્રાચીન જૈન ધર્મગ્રંથ (૩)
૪૬. રીત અને રિવાજ (૫)
૪૯. રત્નોની ખાણ, સમુદ્ર (૪)
૫૦. વિદ્યાર્થી (૨)

### ઊભી ચાવીઓ

૧. પાર્વતીજીનું એક નામ (૨)
૨. શ્રી વિષ્ણુ ભગવાનનું વાહન (૩)
૩. બુદ્ધિ, પ્રજ્ઞા, અક્કલ (૨)
૪. પગલું, કદમ (૩)
૫. નાશ પામેલું, પાયમાલ (૨)
૬. માઘ – માહ મહિનો, મોટું (૨)
૭. દુર્ઘટના, અકસ્માત, વિપત્તિ, મુસીબત (૩)
૮. માથું નમાવ્યું હોય એવું (૫)
૧૧. શરમ, ઝંખવાણું પડી ગયેલું (૪)
૧૨. અંધારૂ, તમોગુણ (૨)
૧૩. ભાગોળ, આગળનું મેદાન (૩)
૧૬. માથું (૩)
૧૭. કાપડ વેચનાર (૪)
૧૮. પ્રભાત, પરોઢ, મળસ્કું (૩)
૧૯. ખરીદ કરેલો ચાકર,
_____ બેગમ બાદશાહ (૩)
૨૩. મૃત્યુના દેવ (૨)
૨૫. રામબાણ, ઈલાજમાં કારગત (૪)
૨૭. વેલ, વેલી (૨)
૨૯. ગીરો, ઘરેણે મૂકવું (૪)
૩૦. નર્મદા નદીનું એક નામ (૨)
૩૧. દારૂ, શરાબ (અં) (૩)
૩૨. નખરા કરનાર (૫)
૩૪. સોનું, સુવર્ણ, કનક (૨)
૩૫. જોડાયેલું (૩)
૩૬. જબરદસ્તી, બળજબરી, ગુંડાગીરી (૪)
૩૮. મિલન, મેળાપ, કચરો, ગંદકી (૨)
૪૦. પતિનો નાનો ભાઈ,
ભાભી તેરા _____ દિવાના (૩)
૪૧. સમુદ્ર, દરિયો (૩)
૪૩. દુશ્મન (૨)
૪૪. શિકારી પક્ષી, શકરો (૨)
૪૫. આકડો, અર્ક (૨)
૪૭. શરીર, દેહ, કાયા (૨)
૪૮. વચન, બોલી, વાચા (૨)

### નાનકડી કથાઓ

★ *ગઈકાલે મારો છોકરો મને કહે, પિતાજી, હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં, કેમકે તમે પણ કદી દાદા-દાદીને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલ્કત મળી ગયાનો આનંદ થયો!!*

★ *પિતાજીના ગયા પછી સંપત્તિની વહેંચણી કર્યા બાદ ઘરડી મા ને પોતાના ઘરે લઈ જતી દીકરી બોલી, હું ખૂબ નસીબદાર છું. મારા ભાગે તો જીવન આવ્યું છે!!*

## NanoNine® શબ્દ રમત-૨૦૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | વ | ર્ન | ર | | ક | વ | ચ | | ક | પા | સ |
| વા | ન | | મ | હે | મા | ન | | ટા | પ | ટી | પ |
| હ | | મ | તિ | | ડ | રા | મ | ણું | | | નું |
| | પ | દ | યા | ત્રા | | જી | ત | | સ | ગું | |
| વ | ર | | ળ | | લ | | લ | ક્ષ્મી | પૂ | જ | ન |
| સં | મ | ત | | મ | હે | તા | બ | | ત | ન | ય |
| ત | પ | | મ | હૂ | ર | ત | | સ | | | ન |
| | દ | લ | વા | ડી | | | ઇ | મા | ર | ત | |
| મિ | | તા | લી | | | તા | રા | જ | | થા | ળ |
| જા | ત | | | ચ | | વ | ન | | સ | ગ | |
| ગ | ર | મા | ગ | ર | મ | | | જ | ડ | ત | ર |
| રૂ | | ન | મ | ણ | | | બા | રી | ક | | ણ |

*ફેબ્રુઆરી-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. હસમુખ દેઢિયા – અડાલજ
૨. પ્રભા શેઠિયા – વલસાડ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સરલા શાહ – અમદાવાદ
૬. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૮. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૯. દમયંતી દંડ – અમદાવાદ
૧૦. યેશા મહેતા – અમદાવાદ
૧૧. મીના ખરીદીયા – અમદાવાદ
૧૨. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૩. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૪. ચારૂ વોરા – અમદાવાદ
૧૫. કામિની શેઠ – અમદાવાદ
૧૬. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૭. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૮. સરોજ ચંદુરા – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

ચારૂ વોરા – અમદાવાદ

## જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો

**(અનુસંધાન : પાના નં. – ૨૪ ઉપરથી ચાલુ)**

☞ ગુજરાતી સાહિત્યના અભિન્ન અંગો સમાન અખાના છપ્પા, કબીરના દોહા, સુભાષિતો તથા આગમવાણીને જાણવાના, સમજવાના અને જીવનમાં ઉતારવાના છે.

☞ મનગમતા ગીતો, પ્રાર્થના, હાલરડાંને ગણગણવાના છે.

☞ ગુજરાતી ભાષા, ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતી ભોજન અને ગુજરાતની સંસ્કૃતિને જાણી, ગુજરાતી હોવાનું ગૌરવ મેળવવાનું છે.

આમ, આવા અવનવા પ્રશ્નોના સાર્થક અને વાચકમિત્રોને ખૂબ જ રસ પડે તેવા સંકલિત અને મૌલિક ઉત્તરો અમારા દ્વારા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ તમામ પ્રશ્નો તેના ઉત્તર સહિત અમે આવતા અંકમાં આપની સમક્ષ રજૂ કરવાના છીએ. અમારા આ ભાવવિશ્વની ઉઘડતી નાનકડી બારીમાંથી જગતને જીવન ઉપયોગી એવું અમે જે જોયું, જે અનુભવ્યું, જે જાણ્યું અને જે માણ્યું તેની પર આ અક્ષરોનો અભિષેક છે. અમારી રચનાઓનો માળો આપને નિમંત્રણ આપે છે. આપ પળ બે પળ ત્યાં વિસામો લેવા પધારો. અમારા આ માળામાં આપનું ભાવજગત ભળે અને ઉર્મિઓ લહેરાય તેવી આશા રાખીએ છીએ.

*૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી,*
*સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮*

## દર્પણ

ધનના ઢગલા ખૂટતા નથી
મન ક્યારેય તૂટતા નથી
વૈચારીક શક્તિ વેર વિખેર છે,
સમય ટાણે શૈ શક્તિ સ્તંભ છે
કેડી એવી ચિંધી છે
સુખ અને સરસ્વતી દીધી છે
દુઃખ ટાણે સૌ સાથે છે
સમાજની ઓથ જેણે લીધી છે
જેણે સમાજની સમજણ દીધી છે
જેણે અંધકાર હટાવી
ઉજાસના કિરણો દીધા છે
જેને અમે કચ્છી સમાજ કીધા છે.

*રણજિતસિંહ રાણા*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## NanoNine® Sudoku

**ફેબ્રુઆરી-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૧ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. પ્રભા શેઠિયા – વલસાડ
૩. રીચા મહેતા – ભુજ
૪. ચંદ્રિકા શાહ – સુરત
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. ચંદ્રા શાહ – અમદાવાદ
૭. જ્યોતિ ગડા – અમદાવાદ
૮. નયના કારાણી – અમદાવાદ
૯. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૦. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૧. ભાવના ગોગરી – અમદાવાદ
૧૨. જય ગોગરી – અમદાવાદ
૧૩. નયના ગોગરી – અમદાવાદ
૧૪. રોનક શેખ – અમદાવાદ
૧૫. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૬. યેશા મહેતા – અમદાવાદ
૧૭. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૮. મીના ખરીદીયા – અમદાવાદ
૧૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૦. ભૂપેન્દ્ર બાબરીયા – અમદાવાદ
૨૧. પંકજ જૈન (ગાંધી) – અમદાવાદ
૨૨. કલ્પના પાલાણી – અમદાવાદ
૨૩. કામિની શેઠ – અમદાવાદ
૨૪. સરોજ ચંદુરા – સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. પંકજ જૈન (ગાંધી) – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૩અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૦૪-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

**ક્રમાંક - ૧૧૬૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | 6 | | | 9 | | |
| | 9 | | | | 8 | | 3 | |
| 1 | | 3 | 9 | | 2 | 7 | | 6 |
| 5 | | | | 4 | 6 | | | |
| 6 | 2 | 1 | | | | 3 | 4 | 7 |
| | | | 2 | 3 | | | | 8 |
| | 5 | | 1 | | 7 | 8 | | 3 |
| 8 | 1 | | 3 | | | | 7 | |
| | | 7 | | | 5 | | 9 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 6 | 5 | 8 | | 2 | | 7 |
| | 7 | | | | | | 3 | |
| | 3 | | 7 | | 2 | 8 | | |
| 4 | | | 2 | | 6 | | | |
| | 2 | 1 | | | | 6 | 8 | |
| | | 5 | 8 | | 1 | | | 2 |
| 2 | | 3 | 4 | | | | 6 | |
| | 1 | | | | | | 7 | |
| 6 | | 7 | | 9 | 8 | 1 | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | 9 | | 6 | 3 | 5 | 1 | |
| | | 2 | | | 7 | 4 | | |
| 4 | | 3 | 2 | | | | 7 | 8 |
| 6 | | 4 | 9 | | | | | 7 |
| 2 | | | | 3 | | | | 9 |
| | | 1 | | | 5 | 8 | | 3 |
| 9 | 4 | | | 8 | 6 | | | 5 |
| | | 6 | 5 | | 9 | 7 | | |
| | 1 | | 3 | 7 | | 6 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 1 | | 7 | | | 2 | 4 |
| | | | | | | 7 | 5 | |
| | 3 | 7 | 5 | 4 | 8 | | | |
| 5 | | | | 6 | | 9 | | 2 |
| | 2 | | 9 | | 5 | | 4 | |
| 1 | | 9 | | 8 | | 5 | | 6 |
| | | 8 | 3 | 5 | 2 | | 9 | 7 |
| | 9 | 5 | | | | | | |
| 3 | 7 | | | 9 | 4 | 1 | 6 | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૬૩**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 3 | 9 | 8 | 1 | 7 | 5 | 6 |
| 8 | 7 | 6 | 4 | 5 | 3 | 9 | 2 | 1 |
| 9 | 5 | 1 | 2 | 7 | 6 | 8 | 4 | 3 |
| 4 | 6 | 9 | 3 | 1 | 2 | 5 | 8 | 7 |
| 3 | 8 | 5 | 6 | 4 | 7 | 1 | 9 | 2 |
| 1 | 2 | 7 | 5 | 9 | 8 | 3 | 6 | 4 |
| 7 | 9 | 2 | 1 | 6 | 5 | 4 | 2 | 8 |
| 5 | 3 | 8 | 7 | 2 | 4 | 6 | 1 | 9 |
| 6 | 1 | 4 | 8 | 3 | 9 | 2 | 7 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 1 | 2 | 9 | 8 | 5 | 6 | 4 | 7 |
| 6 | 9 | 7 | 4 | 3 | 2 | 1 | 5 | 8 |
| 8 | 4 | 5 | 6 | 7 | 1 | 9 | 2 | 3 |
| 2 | 6 | 4 | 1 | 9 | 7 | 8 | 3 | 5 |
| 7 | 8 | 9 | 5 | 6 | 3 | 4 | 1 | 2 |
| 1 | 5 | 3 | 2 | 4 | 8 | 7 | 6 | 9 |
| 5 | 2 | 8 | 7 | 1 | 6 | 3 | 9 | 4 |
| 9 | 3 | 1 | 8 | 2 | 4 | 5 | 7 | 6 |
| 4 | 7 | 6 | 3 | 5 | 9 | 2 | 8 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 5 | 3 | 8 | 4 | 9 | 1 | 6 | 2 |
| 1 | 8 | 2 | 6 | 7 | 3 | 5 | 9 | 4 |
| 4 | 6 | 9 | 1 | 2 | 5 | 8 | 3 | 7 |
| 3 | 1 | 6 | 5 | 8 | 2 | 4 | 7 | 9 |
| 2 | 4 | 8 | 9 | 1 | 7 | 6 | 5 | 3 |
| 5 | 9 | 7 | 3 | 6 | 4 | 2 | 1 | 8 |
| 9 | 3 | 4 | 2 | 5 | 1 | 7 | 8 | 6 |
| 8 | 7 | 5 | 4 | 3 | 6 | 9 | 2 | 1 |
| 6 | 2 | 1 | 7 | 9 | 8 | 3 | 4 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 6 | 8 | 7 | 2 | 8 | 9 | 3 |
| 9 | 2 | 7 | 8 | 3 | 1 | 6 | 4 | 5 |
| 8 | 5 | 3 | 9 | 6 | 4 | 7 | 2 | 1 |
| 1 | 8 | 4 | 2 | 5 | 7 | 3 | 6 | 9 |
| 2 | 3 | 5 | 4 | 9 | 6 | 1 | 8 | 7 |
| 7 | 6 | 9 | 3 | 1 | 8 | 2 | 5 | 4 |
| 3 | 4 | 1 | 6 | 2 | 5 | 9 | 7 | 8 |
| 5 | 7 | 2 | 1 | 8 | 9 | 4 | 3 | 6 |
| 6 | 9 | 8 | 7 | 4 | 3 | 5 | 1 | 2 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### સંસ્કૃત સંમેલનમાં લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા

સોમનાથમાં સંસ્કૃત ભારતી દ્વારા સંસ્કૃત જિલ્લા સંમેલન યોજાયું હતું. જેમાં સંસ્કૃત ગરબા, લઘુનાટક - નાટક, અભિનય ગીત વગેરે જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

સંસ્કૃત ભાષાનો વધુને વધુ પ્રચાર કઈ રીતે કરી શકાય એ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગીર-સોમનાથ સંસ્કૃત ભારતી દ્વારા સોમનાથ ટ્રસ્ટ અને વિવિધ શૈક્ષણિક - ધાર્મિક - સામાજિક સંસ્થાઓના સહયોગથી જિલ્લા સંસ્કૃત સંમેલનનું આયોજન સોમનાથ શ્રી રામ મંદિર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. *(તા. ૪-૩-૨૦૨૪)*

### સુધા મૂર્તિ હવે રાજ્યસભાના સાંસદ

પ્રખ્યાત લેખિકા અને સામાજિક કાર્યકર સુધા મૂર્તિને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. સુધા મૂર્તિ પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ઈન્ફોસિસના સહ સ્થાપક નારાયણ મૂર્તિનાં પત્ની છે. બ્રિટીશ પી.એમ. ઋષિ સુનક તેમના જમાઈ છે.

રાજ્યસભામાં નોમિનેટ થયા બાદ સુધા મૂર્તિએ કહ્યું, 'હું ખુશ છું. પરંતુ હવે મને લાગે છે કે મને મોટી જવાબદારી સોંપવામાં આવી છે. પી.એમ. મોદીએ અગાઉ પણ મારા કામની પ્રશંસા કરી છે. હું તેમનો આભાર માનવા માગું છું. હું ખુશ છું કે હવે મને ગરીબોની મદદ માટે એક મોટું પ્લેટફોર્મ મળી ગયું છે. *(તા. ૮-૩-૨૦૨૪)*

### કેડબરીના ૨૦૦ વરસ...

કેડબરીએ ૪ માર્ચે ૨૦૦ વરસ પૂરા કર્યા. ૧૦૦થી વધુ દેશોમાં બિઝનેસ કરતી કેડબરીનો ભારતીય માર્કેટમાં દબદબો છે. ભારતમાં ચોકલેટ માર્કેટમાં કેડબરીની ભાગીદારી ૬૦ ટકા છે. ૩૧ હજાર કરોડ રૂપિયાની નેટવર્થ સાથે કેડબરીની ડેરી મિલ્ક ચોકલેટ આખી દુનિયામાં ફેમસ છે.

૧૮૨૪ની વાત છે. લંડનના બિઝનેસમેન જોન કેડબરીએ તેના ભાઈ બેન્જામિન કેડબરી સાથે મળીને બર્મિંગહામની બુલ સ્ટ્રીટમાં એક દુકાન ભાડે લીધી હતી. આ સ્ટોરનું નામ કેડબરી બ્રધર્સ હતું. શરૂઆતમાં બંને ભાઈઓએ ડ્રિન્કિંગ ચોકલેટ વેચવાનું શરૂ કર્યું. જેમાંથી તેમને સારો નફો મળ્યો. ૩૦ વર્ષ પછી એટલે કે ૧૯૫૪માં બંનેએ લંડનમાં નવી ઓફિસ ખોલી.

આજ સુધી આ વિશ્વાસ અને દબદબો વિશ્વવિખ્યાત બની ગયો છે. *(તા. ૯-૩-૨૦૨૪)*

### દેશનો પહેલો પ્રોજેક્ટ અમદાવાદમાં

**સ્ટ્રીટ પોલના વીડિયો કોલિંગ બોક્સનું બટન દબાવતા પોલીસ આવશે...**

રસ્તા પર રાતે ફરતી બહેન-દીકરીઓ હવે સુરક્ષા માટે આશ્વસ્ત બની શકે છે કારણકે આ વખતે વચન આપનાર તેનો ભાઈ કે પરિવારજન નહીં પરંતુ પોલીસ છે. અમદાવાદ પોલીસ આ વખતે બહેન-દીકરીઓ, સિનિયર સિટીઝન અને નાના બાળકોની સુરક્ષા માટે અનોખો પ્રોજેક્ટ લઈને આવી રહી છે. જેમાં ખાસ કરીને એવા સંજોગોમાં જ્યાં પરિવાર પહોંચી ન શકે ત્યારે તાત્કાલિક પોલીસ પહોંચી જશે. મુશ્કેલીમાં ફસાયેલી જે તે વ્યક્તિ એક બટન દબાવશે તો થોડીવારમાં જ તેમનો મેસેજ પોલીસ કંટ્રોલ રૂમ સુધી પહોંચી જશે અને વીડિયો સાથે તે વાત કરી શકશે. આ સ્થિતિનો તાગ મેળવીને તાત્કાલિક નજીકની પોલીસ અથવા જરૂર પડ્યે સિનિયર અધિકારી પણ ત્યાં પહોંચી શકે તે માટેની આખી વ્યવસ્થા અમદાવાદ શહેર પોલીસમાં પ્રથમ વખત થઈ છે. દેશના ૮ શહેરમાંથી આ પ્રોજેક્ટની શરૂઆત કરનારનું અમદાવાદ શહેર દેશમાં સૌપ્રથમ શહેર છે. *(તા. ૧૦-૩-૨૦૨૪)*

### ૮૫ વરસના જૂનાગઢનાં નેશનલ ચેમ્પિયન ભાનુબેન

જુનાગઢનાં ભાનુમતીબેન પટેલની ઉંમર અત્યારે ૮૫ વર્ષ

છે. સાત ચોપડી સુધી અભ્યાસ કર્યો. શરૂઆતનું જીવન ભલે ગમે તેવું રહ્યું પણ અત્યારે ભાનુબેન એકદમ સેલિબ્રિટી લાઈફ જીવી રહ્યાં છે.

લોકો જ્યારે જીવનમાં નિરાશ થઈ ખાટલે પડ્યા હોય, એ ઉંમરે ભાનુબેન લોકોની પ્રેરણા બન્યા છે. હમણાં થોડા દિવસો પહેલાં જ એમણે ફક્ત જુનાગઢને નહીં, પૂરા ગુજરાતને ગર્વ અપાવ્યું છે.

પુણેમાં યોજાયેલી માસ્ટર્સ એથ્લેટીક્સ સ્પર્ધમાં ૫ કિ.મી. દોડી ભાનુબેન નેશનલ લેવલે ગોલ્ડ મેડલ જીતી લાવ્યા છે અને આવા તો અનેક મેડલ તેઓ છેલ્લા ૧૦ વર્ષમાં જીત્યા છે.

હા, છેલ્લા ૧૦ વર્ષમાં જ. કેમકે એ પહેલાં તો તેઓ ક્યારેય દોડવા જતા પણ નહીં. એટલે કે ૭૫ વર્ષની ઉંમરે દોડવાનું શરૂ કર્યું અને આજે કેટલીય નેશનલ અને ઇન્ટરનેશનલ સ્પર્ધાઓ જીતી ચૂક્યા છે. ભાનુબેન વ્યવસાયે શિક્ષક છે. આજે ૮૫ વર્ષે પણ હજુ તેઓ જોબ કરે છે. આ ઉંમરે પણ આટલા ફીટ રહી શકે છે, જે પ્રેરણાદાયક છે. *(તા. ૧૧-૩-૨૦૨૪)*

## લદાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અને બંધારણીય સુરક્ષાની માંગ સાથે પર્યાવરણવાદી ૨૧ દિવસના અનશન પર ઉતર્યા

લદાખને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો અને બંધારણીય સુરક્ષાની માંગ સાથે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. પ્રખ્યાત પર્યાવરણવાદી અને રેમન મેગ્સેસ ઍવોર્ડ વિજેતા સોનમ વાંગચુક ૨૧ દિવસની ભૂખ હડતાળ પર છે. સોમવારે તેનો છઠ્ઠો દિવસ હતો. વાંગચુકનું કહેવું છે કે, કેન્દ્રએ લદાખમાં લોકશાહી આપવાનો ઈન્કાર કર્યો હતો. મોટા ઉદ્યોગપતિઓના દબાણમાં સરકાર વચનથી મુકરી રહી છે. *(તા. ૧૨-૩-૨૦૨૪)*

## અંબાણી પરિવાર ચોરવાડમાં

અંબાણી પરિવારના અનંત અને રાધિકા તેઓના દાદી કોકિલાબેન સાથે ધીરૂભાઈ અંબાણીની જન્મભૂમિ ચોરવાડ અને બાજુના ગામ કુકસવાડાની મુલાકાતે પહોંચ્યા હતા. અનંત અને રાધિકાના પ્રિ-વેડિંગ બાદ સૌપ્રથમવાર ચોરવાડ ખાતે તેઓ પહોંચ્યા હતા. અનંત અંબાણી, રાધિકા અને કોકિલાબેન અંબાણીએ ચોરવાડ ખાતે ઝુંડ ભવાની માતાજીના દર્શન કર્યા હતા. તેમજ રાત્રે સ્નેહ ભોજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. અ તકે અનંતે જણાવ્યું કે, આ ગામમાંથી આગામી ૧૦ વર્ષમાં ૧૦ ધીરૂભાઈ ઊભા થવા જોઈએ.

*(તા. ૧૨-૩-૨૦૨૪)*

## સુપ્રીમ કોર્ટ : ઇલેક્ટોરલ બોન્ડનો વિવાદ

ચૂંટણી પંચે ૧૪ માર્ચે પોતાની વેબસાઈટ પર ઇલેક્ટોરલ બોન્ડની માહિતી પબ્લિશ કરી છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ SBI એ ૧૩ માર્ચે ચૂંટણી પંચને આ માહિતી આપી હતી. SBI એ સીલબંધ એન્વેલપમાં પેનડ્રાઇવ આપી હતી. જેમાં બે પાસવર્ડ પ્રોટેક્ટેડ PDF ફાઈલ હતી. એક ફાઇલમાં બોન્ડ ખરીદનારાઓની માહિતી છે અને બીજી ફાઈલમાં આ બોન્ડ્સ રોકડ કરનાર રાજકીય પાર્ટીઓની માહિતી. *(તા. ૧૪-૩-૨૦૨૪)*

## CAA

નાગરિકતા સંશોધન કાયદા (CAA) વિરૂધ્ધ ભારતમાં વિરોધ પક્ષોની ટીકા વચ્ચે પાકિસ્તાન અને અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે. પાકિસ્તાને CAA કાયદાને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. સાથે જ અમેરિકાએ પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

*(તા. ૪-૩-૨૦૨૪)*

## અરીહા : નવી દિલ્હીમાં જૈન પ્રતિનિધિ મંડળ જર્મન રાજદૂતને મળ્યા

જર્મનીની ચાઈલ્ડ સર્વિસ દ્વારા ફસાયેલી ત્રણ વર્ષની ગુજરાતી જૈન દીકરી અરીહા શાહને ભારત લાવવા માટે લાંબા સમયથી અભિયાન ચાલી રહ્યું છે. મળતી માહિતી મુજબ જર્મનીમાં અરીહાની પાલક માતાને ફરીથી મે ૨૦૨૪માં એટલે કે માત્ર અઢી વર્ષમાં જ ત્રીજી વખત બદલવા જઈ રહ્યા છે. ત્યારે હવે ૧૨ માર્ચ ૨૦૨૪ના રોજ જૈન સમુદાયના વરિષ્ઠ પ્રતિનિધિઓએ જર્મનીના રાજદૂત ડૉ. ફિલીપ એકરમેનના નવી દિલ્હી સ્થિત નિવાસ સ્થાને જઈને રૂબરૂ મુલાકાત કરી હતી. આ અંગે આગેવાન યતીન શાહે જણાવ્યું કે આ મુલાકાત દરમિયાન અમે એક ભારતીય દીકરી સાથે જર્મનીમાં થઈ રહેલા માનવ, સાંસ્કૃતિક અને ધાર્મિક અધિકારોના બેફામ હનન વિશેની સચોટ માહિતીઓ પુરાવા સાથે જર્મન રાજદૂતને સોંપી હતી. આ સાથે તેમને જમીની હકીકતથી પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. *(તા. ૧૨-૩-૨૦૨૪)*

## ઓલિમ્પિક માટે સ્પોર્ટ્સ સિટી બનાવવા તૈયારી

અમદાવાદના ગોધાવીની પ્રતિ વારે ૨ હજારની જંત્રી દરની ૩૦૦ એકર જમીન ટ્રસ્ટોએ ૧૦ હજારના ભાવે ખરીદી.

સરકાર આ સહિત ૭૦૦ એકર જમીન સંપાદિત કરશે.

ખેડૂતો સહિત અંદાજે ૨૦૦ અલગ અલગ માલીકો પાસેથી જમીન લેવાઈ છે.

ગોધાવી - મણિપુરને સ્પોર્ટસ સિટી - સ્પેશિયલ ઝોન તરીકે ડેવલપ કરવા માટે રાજ્ય સરકારે કમર કસી છે. પણ આ પહેલા ગોધાવીની જ ૩૦૦ એકર જમીન આ જ હેતુ માટે એક ટ્રસ્ટે ખરીદી હોવાનું આધારભૂત સૂત્રોનું કહેવું છે. જંત્રી રેટ પ્રમાણે અહીં વારનો ભાવ બે થી અઢી હજાર છે. જેની સામે ૧૦ હજારના ભાવે જમીન ટ્રસ્ટે ખરીદી છે. આ જમીન એક જ પટ્ટામાં છે પરંતુ ૨૦૦થી વધુ ખાતેદારોના નામની ૩૦૦ એકર જમીન હતી. હજુ બાકીની ૭૦૦ એકર જમીન પણ આ ટ્રસ્ટ ખરીદશે અથવા સરકાર આ જમીનો સંપાદિત કરશે. અમદાવાદના એક મોટા બિલ્ડર ગ્રુપે પણ અહીં જમીન ખરીદી હતી. તેમણે પણ ટ્રસ્ટને જમીન વેચી દીધી છે. સરકારે અહીં એક પ્રોજેક્ટ માટે અગાઉ ૩ હજાર વારના ભાવે જમીન સંપાદન કરી હતી તેના કરતા પણ વધુ ભાવે ટ્રસ્ટે જમીન ખરીદી છે.

*(તા. ૧૪-૩-૨૦૨૪)*

## સુપ્રીમ કોર્ટના કૂકની દીકરી અમેરિકામાં ભણશે

સુપ્રીમ કોર્ટના કૂકની પુત્રી પ્રજ્ઞાને અમેરિકાની બે યુનિવર્સિટીઓમાંથી શિષ્યવૃત્તિ મળી છે. જે બાદ CJI ડી.વાય. ચંદ્રચુડે બુધવારે તેમનું સન્માન કર્યું હતું. CJI એ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો દ્વારા હસ્તાક્ષર કરેલું પુસ્તક ભેટ આપ્યું અને તેમને અભિનંદન પાઠવ્યા હતા. પ્રજ્ઞા હવે કાયદા અને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવા અમેરિકા જશે. *(તા. ૧૪-૩-૨૦૨૪)*

## મહારાષ્ટ્ર જમ્મુ-કાશ્મીરમાં ૨૫ એકર જમીન ખરીદશે

મહારાષ્ટ્ર આવું કરનાર પ્રથમ રાજ્ય બનશે. શિંદે સરકાર તેના પ્રવાસીઓ માટે જમ્મુ - કાશ્મીરમાં ૮.૧૬ કરોડ રૂપિયામાં રાજ્ય ભવન બનાવશે. *(તા. ૧૪-૩-૨૦૨૪)*

## પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાના ઘરે ફરી એકવાર કિલકારી

પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાના ઘરે ફરી એકવાર કિલકારી ગુંજી ઉઠી છે. તેના માતા ચરણ કૌરે એક પુત્રને જન્મ આપ્યો છે. મૂસેવાલાના પિતા બલકૌર સિંહે પોતે સોશિયલ મીડિયા પર આ માહિતી જણાવી છે. ગાયક સિદ્ધુ મૂસેવાલા તેના માતા-પિતા – ૫૮ વર્ષીય માતા ચરણકૌર અને ૬૦ વર્ષીય બલકૌર સિંહનો એકમાત્ર સંતાન હતો જેની હત્યા મે ૨૦૨૨માં કરાઈ હતી.

*(તા. ૧૭-૩-૨૦૨૪)*

## દિલ્હીમાં વિશ્વના સૌથી મોટા સાહિત્ય ઉત્સવમાં કચ્છના સર્જકો

### પબુ ગઢવી, ડો. વીમી સદારંગાણી, કલાધર મુતવાએ પ્રસ્તુતિ કરી

સાહિત્ય અકાદમી અને ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા દિલ્હી ખાતે યોજાયેલા વિશ્વના સૌથી મોટા સાહિત્ય ઉત્સવ (વર્લ્ડ લાર્જેસ્ટ લીટરેચર ફેસ્ટીવલ)માં કચ્છી ભાષાને પ્રથમવાર સ્થાન મળ્યું હતું. જેમાં કચ્છના ત્રણ સર્જકો છવાઈ ગયા હતા. પબુ ગઢવી 'પુષ્પ'એ કચ્છી સાહિત્ય તેમજ વીમી સદારંગાણી અને કલાધર મુતવાએ સિંધી સાહિત્ય કૃતિ પ્રસ્તુત કરી કચ્છનું ગૌરવ વધાર્યું હતું. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસમાં આ ઈવેન્ટને વર્લ્ડ રેકોર્ડ તરીકે નોંધવામાં આવી હતી. અકાદમીએ એક જ દિવસમાં ૪૭ ભાષાના ૯૪ જેટલા લેખકો-કવિઓને મંચ પૂરું પાડ્યું હતું. આ સાહિત્યિક ઉત્સવ દરમિયાન ૧૫૦ સત્રમાં ૧૦૦થી વધુ ભારતીય ભાષાના ૧૧૦૦ જેટલા સાહિત્યકારોએ ભાગ લઈ પોતાની ભાષાને રાષ્ટ્રીય ફલક પર મૂકી હતી. *(તા. ૧૮-૩-૨૦૨૪)*

## નારાયણ મૂર્તિએ પૌત્રને આપી ભેટ

ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિએ તેમના ૪ મહિનાના પૌત્ર એકાગ્ર રોહન મૂર્તિને ૨૪૦ કરોડ રૂપિયાના શેર ભેટમાં આપ્યા છે. મૂર્તિએ તેમના પૌત્રને કંપનીમાં ૧૫ લાખ શેર આપ્યા છે જે ૦.૦૪% હિસ્સાની સમકક્ષ છે.

*(તા. ૧૯-૩-૨૦૨૪)*

## હેપ્પીનેસ ઇન્ડેક્સ

યુ.એન.ના એક રીપોર્ટ અનુસાર, પાકિસ્તાન ભારત કરતાં વધુ ખુશ દેશ છે. ૨૦મી માર્ચ એટલે કે વર્લ્ડ હેપ્પીનેસ ડે નિમિત્તે સંયુક્ત રાષ્ટ્રસંઘે હેપ્પીનેસ ઈન્ડેક્સ રીપોર્ટ જાહેર કર્યો છે. આમાં ભારત ૧૨૬મા સ્થાને છે. તે જ સમયે આર્થિક સંકટનો સામનો કરી રહેલ આપણો પડોશી દેશ પાકિસ્તાન આ યાદીમાં ૧૦૮મા નંબર પર છે.

રીપોર્ટ અનુસાર આ ૧૪૩ દેશોની સમૃદ્ધિ માપવા માટે ૬ પેરામીટર પર પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં

સંબંધિત દેશના માથાદીઠ જીડીપી, સામાજિક સહયોગ, ઉદારતા અને ભ્રષ્ટાચાર, સામાજિક સ્વતંત્રતા, સ્વસ્થ જીવનના આધારે રેન્કીંગ કરવામાં આવ્યું હતું.

ફિનલેન્ડે સતત ૭મી વખત વિશ્વના સૌથી ખુશ દેશોની યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અહીં માત્ર ૫૫ લાખની વસ્તી છે. તે જ સમયે, અફઘાનિસ્તાન છેલ્લા સ્થાને રહ્યું. રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌથી વધુ ખુશ દેશો યુરોપીયન છે.

*(તા. ૨૦-૩-૨૦૨૪)*

## વિદેશના સમાચાર

### પુતિન પાંચમીવાર રશિયાના રાષ્ટ્રપતિ બન્યા

વ્લાદિમીર પુતિન સતત પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા છે. ૧૫-૧૭ માર્ચના રોજ યોજાયેલા મતદાનમાં તેમને ૮૮% મત મળ્યા હતા. તેમના વિરોધી નિકોલે ખારીતોનોવને ૪% મત મળ્યા હતા. વિરોધી વ્લાદિસ્લાવ દાવાનકોવ અને લિયોનીદ સ્લટસ્કી ત્રીજા અને ચોથા સ્થાને રહ્યા હતા.

*(તા. ૧૮-૩-૨૦૨૪)*

### પાકિસ્તાન - ચીને યુ.એન.માં ઇસ્લામોફોબિયા વિરૂદ્ધ વોટીંગ કરાવ્યું

**સીએએ - રામ મંદિરનો ઉલ્લેખ કર્યો**
**ભારતે કહ્યું : હિંદુઓ - શીખો સાથે પણ છે ભેદભાવ**

સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીમાં ઈસ્લામોફોબિયા (ઈસ્લામ પ્રત્યે નફરત) વિરૂધ્ધ ઠરાવ પસાર કરવા માટે મતદાન થયું હતું. આ પ્રસ્તાવ પાકિસ્તાન દ્વારા ચીનના સહયોગથી લાવવામાં આવ્યો હતો. ભારતે આ મતદાનમાં ભાગ લીધો ન હતો. પાકિસ્તાને ઈસ્લામોફોબિયાનો ઉલ્લેખ કરતાં CAA અને રામ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો છે. યુ.એન.માં ભારતના રાજદૂત રૂચિરા કંબોજે તેની આકરી ટીકા કરી હતી.

'માત્ર એક નહીં પણ તમામ ધર્મો વિરૂદ્ધ નફરતની ટીકા થવી જોઈએ' – ભારતે યુ.એન.માં કહ્યું હતું કે માત્ર એક ધર્મના નામે નહીં પરંતુ તમામ ધર્મોના નામે થતા દરેક ભેદભાવની ટીકા થવી જોઈએ.

રૂચિરાએ કહ્યું, 'દાયકાઓથી પુરાવા એ વાત તરફ ઈશારો કરે છે કે અન્ય ધર્મો પણ ભેદભાવ અને નફરતનો શિકાર બન્યા છે. હિંદુ, બૌદ્ધ અને શીખો સાથે પણ ભેદભાવ કરવામાં આવે છે.'

ભારતે કહ્યું : યુ.એન. ધર્મના નામે વિભાજીત ન થાય. ભારતે કહ્યું કે આ ઠરાવ સાથે એવું ન થવું જોઈએ કે ભવિષ્યમાં વિવિધ ધર્મોની નફરત વિરૂધ્ધ ઠરાવ પસાર કરવામાં આવે. આ કારણે સંયુક્ત રાષ્ટ્ર ધર્મના નામે અલગ અલગ જુથોમાં વહેંચાઈ જશે. યુ.એન.એ ધર્મથી આગળ વિચારવું જોઈએ.

૧૧૫ દેશોએ ઈસ્લામ પ્રત્યે નફરત વિરૂદ્ધ લાવવામાં આવેલા ઠરાવને સમર્થન આપ્યું હતું. જો કે ભારત, બ્રાઝીલ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી, યુક્રેન અને બ્રિટન સહિત ૪૪ દેશો મતદાનમાં ગેરહાજર રહ્યા હતા.

*(તા. ૧૭-૩-૨૦૨૪)*

### હાલમાં વિશ્વમાં માત્ર સર્વાઇકલ કેન્સરની રસી ઉપલબ્ધ છે

કેન્સરની ૭મી રસી ટ્રાયલ પર છે અને સંશોધનો પાછળ રૂા. ૨.૪૫ લાખ કરોડ ખર્ચાયા છે. હજુ માત્ર સર્વાઈકલ કેન્સરની રસી શોધાઈ છે.

ભારતીય મૂળના ડૉ. ટોની ધિલ્લોને આંતરડાના કેન્સર માટેની વિશ્વની પ્રથમ રસી બનાવવામાં સફળતા મેળવી છે. પરંતુ આ સફર સરળ નહોતી. લંડન મેડિકલ કોલેજમાં તેમની પ્રથમ અરજી ફગાવી દેવાઈ હતી જ્યારે કોઈ વરિષ્ઠે ભલામણ કરી નહોતી તેમજ તેમના માતા-પિતાને પણ ખ્યાલ નહોતો કે તેમનો પુત્ર શું કરી રહ્યો છે.

*(તા. ૧૮-૩-૨૦૨૪)*

### બિલાવલ ભુટ્ટોની બહેનનો રાજકારણ પ્રવેશ

પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટોની બહેન આસિફાએ પણ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. આસિફા તેના પિતા અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ખાલી કરેલી સીટ પરથી ચૂંટણી લડશે. ૩૧ વર્ષની આસિફાએ સિંધની શહીદ બેનઝીરાબાદ સીટ પરથી ઉમેદવારી નોંધાવી છે.

આઠ દિવસ પહેલા ૧૧ માર્ચે તે પાકિસ્તાનની ફર્સ્ટ લેડી બની હતી. આ પદ રાષ્ટ્રપતિની પત્નીનું હોય છે. જો કે ઝરદારીને તેમની પુત્રીને ફર્સ્ટ લેડી બનાવી હતી. તેમની પત્ની અને પાકિસ્તાનના પ્રથમ મહિલા વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની ૨૦૦૭માં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી આસિફાને બેનઝીરના પડછાયા તરીકે રજૂ કરે છે.

*(તા. ૧૮-૩-૨૦૨૪)*

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

## પૃથ્વીની બહેન તરીકે ઓળખાતો ગ્રહ : શુક્ર

★ આકાર અને વજનમાં પૃથ્વી સાથે સામ્યતા ધરાવતા ગ્રહ શુક્રને પૃથ્વીની બહેનની ઓળખ મળી છે.

★ શુક્ર પૃથ્વીની સૌથી નજીકનો ગ્રહ છે.

★ શુક્રના ઈવનિંગ સ્ટાર, શુક્ર તાર વગેરે નામ છે. તે પૃથ્વી પરથી નરી આંખે જોઈ શકાય છે.

★ શુક્રને કોઈ ઉપગ્રહ નથી.

★ શુક્ર પર દિવસ અને રાતનું તાપમાન સરખું રહે છે.

★ શુક્ર સૂર્યની પ્રદક્ષિણા ૨૨૫ દિવસમાં પૂરી કરે છે.

★ શુક્રની આસપાસ સલ્ફ્યુરીક એસિડથી થયેલા વાદળો છે.

★ શુક્રને અંગ્રેજીમાં રોમન દેવી 'વિનસ'નું નામ મળેલું છે.

★ શુક્રની સપાટી પર હંમેશ ૪૬૨ સેન્ટીગ્રેડ જેટલું તાપમાન રહે છે.

★ શુક્ર પોતાની ધરી પર ૨૪૩ દિવસમાં એક ચક્ર પૂરું કરે છે. એટલે તેનો એક દિવસ તેના વર્ષ કરતાં પણ મોટો હોય છે.

## શનિ ગ્રહને સુંદર બનાવતા વલય

ગેસના બનેલા વિરાટ ગ્રહોની આસપાસ વલયો હોય છે. વલય એટલે ગ્રહની ફરતે રચાયેલી રીંગ જેવી રચના. જેમાં રજકણો અને વાયુઓ હોય. બધા જ ગ્રહોમાં શનિના વલયો અનોખા છે. તે સ્પષ્ટ, ચમકદાર અને નયનરમ્ય છે. આ વલયો શનિનાં આભૂષણ કહેવાય છે.

ઈ.સ. ૧૬૧૦માં ગેલીલિયોએ દૂરબીનમાં શનિના વલયો જોયા હતા. ઈ.સ. ૧૬૫૫માં ક્રિશ્ચિયન હ્યુજીએ વધુ શક્તિશાળી દૂરબીનથી શનિના વલયો જોયા અને તેને રકાબી સાથે સરખાવ્યા. ઈ.સ. ૧૬૭૫માં જીવોવાની કેસીની નામના વિજ્ઞાનીએ શનિના વલયો અનેક છે અને વચ્ચે જગ્યા હોવાની શોધ કરી.

શનિના વલયો તેનો કોઈ ચંદ્ર તૂટીને બનેલો હોવાનું કહેવાય છે. બીજી વાત મુજબ શનિના જન્મ વખતે જ રહ્યો સહ્યો કચરો તેની આસપાસ વલયાકારે ફરવા લાગ્યો તેમ મનાય છે. આ વલયો પાણી અને બરફના કણોના બનેલા છે. શનિના મુખ્ય વલયોમાં ૧૪ જેટલી ખાલી જગ્યા છે. તેને સબ ડિવિઝન કહે છે. આ જગ્યામાં કેટલાક નાના વલય છે તેને રીંગલેટ કહે છે.

શનિના કેટલાક વલયો ખાડા ટેકરા સ્વરૂપે છે. એક વલયમાં તો બે મોટા ચંદ્ર પણ પ્રદક્ષિણા કરે છે. શનિનો સૌથી મોટો ચંદ્ર એન્સ લેડ્સ છે. તેના જ્વાળામુખીને કારણે એક વલય બન્યું છે. શનિના વલયો રંગબેરંગી છે.

## કેવા ગ્રહો ઉપર સજીવ સૃષ્ટિ હોઈ શકે?

ખગોળશાસ્ત્રીઓ આપણી સૂર્યમાળાની બહારના ગ્રહોનો અભ્યાસ કરીને કોઈ ગ્રહ ઉપર સજીવ સૃષ્ટિ છે કે કેમ તેના સંશોધનો કરી રહ્યા છે. ઘણા ગ્રહો પૃથ્વીથી લાખો પ્રકાશ વર્ષ દૂર છે. આવા ગ્રહો ટેલિસ્કોપ વડે દેખાતા પણ નથી. ખગોળશાસ્ત્રીઓ તેના તારાના રંગ અને ગતિવિધિનો અંદાજ કાઢે છે. સજીવ સૃષ્ટિ છે કે નહીં તે જોઈ શકાતું નથી પરંતુ સજીવ સૃષ્ટિને અનુકૂળ ગ્રહ કેવા હોય તે ખગોળશાસ્ત્રીઓએ નક્કી કર્યું છે.

કોઈપણ ગ્રહ પોતાના સૂર્યથી તદ્દન નજીક ન હોવો જોઈએ કે જ્યાં પ્રચંડ તાપમાન હોય. વળી એટલો બધો દૂર પણ ન હોવો જોઈએ કે તીવ્ર ઠંડી પડે. ગ્રહ ઉપર પાણી હોવું જોઈએ. સજીવ સૃષ્ટિના કોષોમાં ૮૦ ટકા પાણી હોય છે. પાણી વિના જીવનરસ બને જ નહીં. સજીવના શરીરનું બંધારણ મુખ્યત્વે કાર્બન ઉપર આધારીત છે. એટલે ગ્રહ ઉપર કાર્બન ધરાવતા રસાયણો હોવા જોઈએ અને છેલ્લે જમીન જોઈએ. પણ ગ્રહો માત્ર વાયુ અને વાદળોના ગોળા હોય છે. નક્કર ભૂમિ કે ખડકોવાળી સપાટી હોય તેવા ગ્રહ ઉપર જીવન હોવાની શક્યતા હોય છે. આજ સુધી વિજ્ઞાનીઓને સૂર્યમાળાની બહાર આમાંથી થોડી શરતોનું પાલન કરતા હજારો ગ્રહો મળી આવ્યા છે. તેને એક્સ્ટ્રા સોલર પ્લેનેટ કહે છે. પરંતુ ક્યાંય જીવસૃષ્ટિ હોય તેવું હજી સુધી જણાયું નથી.

## ચીનની કુદરતી અજાયબી : શાઈલીન સ્ટોન ફોરેસ્ટ

પૃથ્વી પર વૃક્ષોના અનેક જંગલ જોવા મળે પણ ચીનમાં તો એક પથ્થરનું અજાયબ જંગલ છે. ચીન વિશાળ દેશ હોવાથી વિવિધ ભૌગોલિક રચના ધરાવતા અનેક વિસ્તારોથી બનેલો છે.

યુનાન પ્રાંતમાં ૨૫૦ ચો.કિ.મી.માં આવેલું પથ્થરનું જંગલ કુદરતી અજાયબી છે.

શાઈલોન સ્ટોન ફોરેસ્ટ તરીકે ઓળખાતા આ વિસ્તારમાં અણિયાળા નાના મોટા પથ્થરો ઝાડીની જેમ ઉગી નીકળ્યા છે. જમીન પર કાટખૂણે ઊભેલા આ પથ્થરો શિલ્પકૃતિ જેવા લાગે. આ ખડકો ૨૭ કરોડ વર્ષ જૂના હોવાનું કહેવાય છે. જમીન પર નજીક નજીક ઉભેલા એક સરખા આકારના સ્થંભો જંગલ જેવું દૃશ્ય ઊભું કરે છે. તેથી તેને સ્ટોન ફોરેસ્ટ કહે છે. ઘણા સહેલાણીઓ આ જંગલ જોવા આવે છે.

## કેન્યાનું ફ્લેમિંગોનું સ્વર્ગ : લેક નાકુસ

આફ્રિકા એટલે વિશ્વભર માટે જંગલી પ્રાણીઓ જોવા માટેનું સફારીનું સ્થળ. આફ્રિકાના દેશો તેના જંગલો, ઘાસિયા મેદાનો અને પ્રાણી-પક્ષીઓની વિવિધતા માટે જાણીતા છે. કેન્યાનું લેક નાકુસ પણ તેની વિશેષતાને કારણે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામ્યું છે. આ તળાવ તેમાં આવતા લાખો ફ્લેમિંગો માટે જાણીતું છે. આખા શિયાળા દરમિયાન આ વિસ્તારમાં ફ્લેમિંગો સિવાય કંઈ જ નજરે પડતું નથી. તળાવની આસપાસના મેદાનોમાં કાળા ગેંડા, જીરાફ અને જંગલી ભેંસો પુષ્કળ જોવા મળે છે. હિંસક પ્રાણીઓ ઓછા હોવાથી આ વનસ્પતિઆહારી પ્રાણીઓ મુક્ત રીતે ફરતા જોવા મળે છે. આ સ્થળ દર વર્ષે લાખો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

## ઇજનેરી અજાયબી : જિઓ ડેસિક ડોમ

ફૂટબોલ, એ નાના ષટકોણ આકારના ટુકડા જોડીને બનાવેલો ગોળાકાર દડો છે. સપાટ ચામડાના ટુકડા જોડીને સંપૂર્ણ ગોળાકાર દડો એ ભૌમિતિક કરામત છે. ઇ.સ. ૧૯૫૪માં બકમિન્સ્ટર ફૂલર નામના ઇજનેરે ધાતુના બનેલા એક સરખા કદના ત્રિકોણ ટુકડા જોડીને એક વિશાળ ગોળો તૈયાર કર્યો. આ ગોળો ત્રિકોણની ત્રણે બાજુએ એકબીજાના આધારથી ટકી રહે છે. આવો જ અર્ધગોળાકાર એક વિશાળ ગુંબજ બને. આ ગુંબજને થાંભલાના ટેકાની પણ જરૂર નહીં. આ ગુંબજને જિઓડેસિક ડોમ કહે છે. તેની હેઠળ રમતગમતના સ્ટેડિયમ પણ બને. ફ્લોરીડાના ડિઝનીલેન્ડમાં સ્પેસથી અર્થ ડોમ વિશ્વવિખ્યાત છે. પ્લેનેટોરીયમ અને વેધશાળાઓ જિયોડેસિક ડોમ આકારના જ બને છે. અમેરિકાના મિસૂરી બોટનિકલ ગાર્ડનમાં આવેલું ક્લાઇમેટ્રીન ગ્રીનહાઉસ જિઓડેસિક ડોમ આકારનું છે. તેનો વ્યાસ ૪૨ મીટર અને ઊંચાઈ ૨૧ મીટર છે. તે એલ્યુમિનિયમના સળીયાના ષટકોણોથી બનેલો છે. વિશ્વમાં સૌથી મોટો જાપાનનો ફુકુઓકા ડોમ ૨૧૬ મીટર વ્યાસનો છે. તેમાં ૩૮૫૬૧ પ્રેક્ષકો બેસીને રમતગમત અને કાર્યક્રમો માણી શકે છે.

## સ્કોટલેન્ડના દરિયામાં તરતી પવનચક્કી

પવનચક્કી એટલે પવનમાંથી વીજળી મેળવવાનો સ્રોત. સંખ્યાબંધ પવનચક્કી વડે પુષ્કળ માત્રામાં વીજળી મેળવી શકાય છે. ઘણા દેશોમાં આવા વિન્ડ ફાર્મ જોવા મળે છે, તે જમીન પર હોય છે પરંતુ સ્કોટલેન્ડના પીટર્સહેડના દરિયામાં તરતી પવનચક્કીઓ કાંઠાના લગભગ ૨૦,૦૦૦ ઘરોમાં વીજળી પૂરી પાડે છે.

સ્કોટલેન્ડના આ વિન્ડફાર્મમાં પાંચ પવનચક્કી છે. દરેક ૮૩૦ ફૂટ ઊંચી છે. તેના પાયાના ૨૫૬ ફૂટ પાણીની સપાટી નીચે છે. એક પવનચક્કી ૬ મેગાવોટ પાવર આપે છે. આ પાવર વપરાય નહીં તો વિરાટ લિથિયમ બેટરીમાં સ્ટોર થાય છે.

દરિયામાં તરતી આ પવનચક્કીના તળીયે ૧૧૧ ટનના લંગર બાંધીને ઊભી રાખવામાં આવે છે. લંગરનો વ્યાપ ૧૬ ફૂટ છે. પવનચક્કી દરિયાના પાણીમાં ઊભી તરતી રહે છે.

---

નજર નહીં પડે દેશમાં
હવે માણસ કોઈ રડતો,
સાંભળ્યું છે,
લેવામાં આવશે હવે,
આંસુઓ પર પણ વેરો.

★

ખુરશી પર 'બેસનારે'
ચૂંટણીમાં તો –
'ઊભવું' જ પડતું હોય છે.

*– અરવિંદ સોમૈયા*


॥ શુભેચ્છા સહ... ॥

**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**

**હ. જયંતીભાઈ નીસર**

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

**(મણકો : ૧૧)**

## ડૉ. કમલેશ એન. શાહ – સિનિયર ફિઝીશિયન

**હૃદયરોગ, ડાયાબિટીસ અને મનના રોગોના નિષ્ણાત**



અશોક મહેતા

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરની વાત કરીએ તો આપણને સહેજે ખ્યાલ આવે કે અહીં ખૂબ જ ઉચ્ચ કોટીના તેમજ ખૂબ જ અનુભવી ડૉક્ટર્સ પોતાની સેવા આપી રહ્યા છે અને અહીં આવતા દર્દીઓના યોગ્ય નિદાન કરી તેઓને ફરીથી તંદુરસ્ત બનાવી, સમાજમાં પરત મોકલી રહ્યા છે અને તેથી જ અહીં દર્દીઓની સારી એવી ભીડ જોવા મળે છે.



**ડૉ. કમલેશ એન. શાહ**
**M.D. (Medicine), FICA (USA)**

મંગલ મંદિરની **'આપણા ડૉક્ટર્સને પહેચાનો'**ની કોલમના મણકા નં.-૧૧ માં આજે આપણે ખૂબ જ સિનિયર ફિઝીશિયન ડૉ. કમલેશ એન. શાહની વાત કરીશું કે જેઓ પોતાના ક્ષેત્રનો તો બહોળો અનુભવ ધરાવે છે, પરંતુ સાથે સાથે એ જાણીને પણ આપણને આનંદ થશે કે તેમના પરિવારના દરેક સભ્ય સારી એવી શૈક્ષણિક લાયકાત ધરાવે છે અને તેઓ દરેક પોતાના સ્થાને રહી સમગ્ર ભારત દેશની પ્રગતિમાં પોતાનો યત્કિંચિત ફાળો નોંધાવી રહેલ છે.

ડૉ. કમલેશભાઈ, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં એપ્રિલ-૨૦૧૯ના પ્રથમ અઠવાડિયામાં જોડાયેલ હતા. અહીં તેઓ પોતાના દોઢ કલાકના સમયગાળામાં દરરોજના લગભગ ૧૦ પેશન્ટની સારવાર કરતા રહ્યા છે. અઠવાડિયામાં તેઓશ્રી અહીં ૪ દિવસ પોતાની સેવા આપતા હોવાથી અઠવાડિયાના ૪૦ પેશન્ટના હિસાબે, મહિનામાં ૧૬૦ પેશન્ટ, એક વર્ષમાં ૧૯૦૦ પેશન્ટ અને તેમના અહીંના ૫ વર્ષના સમયગાળામાં લગભગ ૭૫૦૦થી ૮૦૦૦ પેશન્ટને સાજા-નરવા કરી, તેઓને સમાજમાં પરત મોકલેલ છે.

ડૉ. કમલેશભાઈ વર્ષ ૨૦૧૯માં જ અમદાવાદ આવી સ્થિર થયા. એ અગાઉ તેઓશ્રી પોતાની જન્મભૂમિ કપડવંજમાં જ કાર્યરત રહેવા પામેલ હતા. અહીં તેઓ પોતાની ૧૫ બેડની પ્રાઈવેટ હોસ્પિટલ "રત્નાકર હોસ્પિટલ" ચલાવતા હતા કે જેની સ્થાપના તેઓએ વર્ષ ૧૯૮૦માં કરેલ હતી. ત્યારબાદ સતતપણે વર્ષ ૨૦૧૯ સુધી એટલે કે ૩૯ વર્ષ સુધી તેને ચલાવી, કપડવંજ અને તેની આજુબાજુના વિસ્તારની જનતાની સેવા જારી રાખેલ હતી. એક તરફ તેમની વધતી જતી ઉંમર અને બીજી તરફ તેમના પરિવારના મોટાભાગના સભ્યો અમદાવાદમાં સ્થિર થયેલ હોવાથી વર્ષ ૨૦૧૯માં તેઓએ કપડવંજમાં પોતાનો કારોબાર આટોપી, અમદાવાદ પધાર્યા અને અહીં રહી તેઓએ પોતાની સેવા આપવાનું શરૂ કર્યું.

વર્ષ ૨૦૧૯માં ૩૯ વર્ષનો અનુભવ ધરાવતા સિનિયર ડૉક્ટર જ્યારે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરને પ્રાપ્ત થયા એ આ સેન્ટરનું સદ્‌ભાગ્ય જ કહેવાય. અને તેથી જ આપણે એક સિનિયર ફિઝીશિયન ડૉક્ટરની જીવન કથનીનું અધ્યયન કરીશું.

તેઓશ્રીનો જન્મ તા. ૧૮-૪-૧૯૫૩ના રોજ પોતાની માતૃભૂમિ કપડવંજ ખાતે થયેલ હતો. તેઓએ તેમનું બાળપણ અહીં જ વિતાવ્યું. કપડવંજની સી.એન. વિદ્યાલયમાં અભ્યાસ કરી વર્ષ ૧૯૬૯માં ૮૪ ટકા માર્કસ સાથે મેટ્રીકની પરીક્ષામાં સફળતા મેળવી. એ સમયે તેમની વિશેષતા એ રહેલ કે શાળાજીવન દરમિયાન તેઓ અવારનવાર વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવી ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ, હંમેશાં અવ્વલ નંબરે રહેતા.

મેટ્રીકમાં ઉત્તીર્ણ થયા બાદ તેઓએ અમદાવાદની મેડિકલ કોલેજમાં એડમિશન લીધું અને વર્ષ ૧૯૮૦માં બી.જે. મેડિકલ કોલેજમાંથી એમ.ડી. મેડિસીનની પદવી પ્રાપ્ત કરી. ત્યારબાદ તેઓશ્રીએ વર્ષ ૧૯૮૧માં એફ.આઈ.સી.એ. (યુ.એસ.એ.)ની પદવી પણ પ્રાપ્ત કરેલ હતી.

એમ.ડી. ફિઝીશિયન થયા બાદ વર્ષ ૧૯૮૦માં જ

તેઓએ પોતાના વતન કપડવંજમાં ૧૫ બેડની "રત્નાકર હોસ્પિટલ" શરૂ કરી અને તેને સતતપણે વર્ષ ૨૦૧૯ એટલે કે ૩૯ વર્ષ સુધી ચલાવી, અહીંની અને તેની આજુબાજુના વિસ્તારની જનતાના મેડિકલના આ વિભાગની સેવાઓ જારી રાખી. અહીં રહી તેઓએ ડાયાબિટીસના અંદાજિત ૨૦,૦૦૦થી વધુ; હૃદયરોગના ૧૫૦૦૦થી વધુ અને માનસિક રોગના ૮૦૦૦થી વધુ દર્દીઓની સેવા-સુશ્રુષા કરી, તેઓને સમાજમાં સારી રીતે કાર્યરત કરેલ હતા.

આ સમય દરમિયાન તેઓએ કપડવંજમાં મેડિકલ વિભાગની અન્ય વિવિધ સેવાઓ જેવી કે સાઈકિયાટ્રીક, સ્કીન એન્ડ કોસ્મેટીક્સ, ઇ.એન.ટી. વગેરે વિભાગોના ડૉક્ટરોની સેવા તેમજ પરીક્ષણ વિભાગની સોનોગ્રાફી, ૨-ડી ઇકો વગેરે ચાલુ કરાવેલ હતી. સાથે સાથે તેઓશ્રીએ અન્ય સામાજિક સેવાઓને પણ પોતાના લક્ષમાં લીધી અને તે દ્વારા પણ જાહેર જીવનના નીચે મુજબના વિવિધ વિભાગોમાં કાર્યરત રહ્યા.

## મેડિકલ વિભાગની જાહેર સેવાઓ

★ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન – I.M.A. ના સેક્રેટરી તરીકે ૧૯૮૦થી ૧૯૮૨ સુધી અને પ્રમુખ તરીકે ૧૯૮૯થી ૧૯૯૦ સુધી પોતાની સેવાઓ આપી.

★ તેઓશ્રી જ્યારે આ એસોસિએશનના પ્રમુખપદે બિરાજમાન હતા ત્યારે 'શ્રીમતી લતીકાબેન એલ. પ્રધાન આઈ.એમ.એ. હોલ' કપડવંજની જનતાને અર્પણ કરવામાં આવેલ હતો.

★ આ સમયગાળા દરમિયાન તેઓશ્રીને 'બેસ્ટ હેલ્થ કેર ઇન રૂરલ એરીયા'નો નેશનલ ઍવોર્ડ - દિલ્હીથી પ્રાપ્ત થયેલ હતો.

★ તેઓશ્રીએ વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૦૮ના સમયગાળામાં (૧) ડાયાબિટીસની માયાજાળ, (૨) મનની માયાજાળ ભાગ-૧, (૩) હૃદયરોગ તથા બ્લડ પ્રેશરની માયાજાળ અને (૪) મનની માયાજાળ ભાગ-૨ નામના પુસ્તકો પ્રકાશિત કરેલ હતા. આ સાથે આપણે એ પણ નોંધ લઈએ કે તેઓના હવે પછી નીચે મુજબના પુસ્તકો પ્રકાશિત થવાના છે : (૧) જીવનની માયાજાળ ભાગ-૧ અને ૨, (૨) શ્રીનાથજીના વૃત્તાંત : સવાલ-જવાબો અને (૩) કૃષ્ણત્વ.

## સામાજિક સેવાઓ

તેઓશ્રીની સામાજિક સેવાઓની યાદી નીચે મુજબ બનાવી શકાય :

★ શ્રી સી.આર. પરીખ બ્લડ બેંક - કપડવંજની કાયમી મેમ્બરશીપ.

★ શ્રી કપડવંજ કેળવણી મંડળ તથા રેડ ક્રોસ સોસાયટી - કપડવંજની વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૪ સુધીની સેવાઓ.

★ શ્રી સમસ્ત ખડાયતા સુરક્ષા ટ્રસ્ટ - અંકલેશ્વરના ટ્રસ્ટી તરીકેની સેવા.

## સાહિત્ય વિભાગની સેવાઓ

તેઓશ્રીની સાહિત્ય વિભાગની સેવાઓના અનુસંધાને તેઓના મેડિકલ વિભાગને લગતા તથા સામાજિક વિભાગને લગતા લેખો નીચે મુજબના સામયિકોમાં પ્રકાશિત કરવામાં આવી રહેલ છે.

★ ખડાયતા જ્યોતિ - અમદાવાદ

★ ખડાયતા યુવક - મુંબઈ

★ ખડાયતા દર્પણ - વડોદરા

★ મંગલ મંદિર - અમદાવાદ

## ધાર્મિક પ્રવૃત્તિઓ

તેઓશ્રી આધુનિક શિક્ષણ પામેલા છે છતાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ તેટલા જ મગ્ન રહેવા પામેલ છે. તેઓશ્રીની ધાર્મિક પ્રવૃત્તિઓની ગણના કરીએ તો તેઓ અમદાવાદ, વડોદરા અને અંકલેશ્વરની સિનિયર સિટીઝન સંસ્થાઓમાં તથા વૈષ્ણવ મંદિરોમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય, શ્રીનાથજીનું પ્રાગટ્ય, શ્રીકૃષ્ણને મળીએ વગેરે વિષયો પરના સેમિનારોમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથેના વક્તવ્યો આપતા રહ્યા છે.

## મેડિકલ સેમિનારો

હૃદયરોગ તથા ડાયાબિટીસની સચિત્ર સમજુતીઓ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે યોગ્ય વક્તવ્ય આપતા રહ્યા છે.

## અમદાવાદમાં આગમન

વર્ષ ૨૦૧૯માં કપડવંજથી અમદાવાદમાં આગમન થયા બાદ તેઓશ્રીની પ્રવૃત્તિઓ તેમના ૭૧ વર્ષની જૈફ વયે પણ નીચે મુજબ ચાલુ રહેવા પામેલ છે.

★ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનું પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર : સવારમાં ૯.૦૦થી ૧૦.૩૦

★ શ્રી પ્રમુખ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ - મણિનગર :

સવારમાં ૧૧.૩૦ થી ૧.૦૦

★ શ્રી હોપ મેડિકેર સેન્ટર - આંબાવાડી : બપોરના ૧.૦૦થી ૨.૦૦

★ દર ૧૫ દિવસે ગુરૂવારે, શ્રી હરિ પોલીક્લિનિક, મીનાબજાર - કપડવંજ : સવારમાં ૧૦.૦૦થી ૨.૦૦

● **પારીવારિક માહિતી :**

આ પ્રકારની ભાતીગળ કારકિર્દી ધરાવનાર ડૉ. કમલેશભાઈની આપણે પારીવારિક વાત કરીએ તો તેમના પિતાશ્રીનું નામ નિરંજનપ્રસાદ ભોગીલાલ શાહ અને માતુશ્રીનું નામ શારદાબેન નિરંજન શાહ છે. તેઓશ્રી જ્ઞાતિએ 'જનોડ એકડો વીસા ખડાયતા' જ્ઞાતિના છે. તેઓશ્રી વૈષ્ણવ સંપ્રદાયને અનુસરે છે.

તેમના ધર્મપત્નીશ્રીનું નામ જ્યોતિબેન શાહ છે કે જેઓ કોમર્સ ગ્રેજ્યુએટ છે. તેઓને લગ્નજીવન થકી ૩ દીકરી અને ૧ દીકરો પ્રાપ્ત થયેલ છે.

મોટી દીકરી સ્મૃતિ શાહ બી.ઈ., આઈ.સી.ની ડિગ્રી ધરાવે છે તથા ડાયેટીસિયન છે અને જમાઇ ડૉ. જિનેશ શાહ એમ.ડી. મેડિસીન અને એમ.બી.એ.ની ડિગ્રી ધરાવે છે અને હાલે પોતાના ક્ષેત્રમાં કાર્યરત રહેલ છે.

તેમની વચેટ દીકરી શ્વેતા ઠક્કર માસ્ટર ઈન કોમ્પ્યુટર છે અને બી.એ. બી.એડ.ની ડિગ્રી ધરાવે છે. જ્યારે તેમના જમાઈ શ્રી જીગર ઠક્કર માસ્ટર ઈન કોમ્પ્યુટર છે અને 'સિમેન્સ ઈન્ડિયા'માં એચ.આર. તરીકે ફરજ બજાવે છે.

તેમની નાની દીકરી ડૉ. સ્તુતિ શાહ ફિઝીયોથેરાપિસ્ટ છે કે જ્યારે જમાઈ ડૉ. જયમીન શાહ ઓર્થો ઓન્કોલોજિસ્ટ છે.

તેમનો પુત્ર ઉર્મિલ અને પુત્રવધૂ નીલુ બંને એમ.ટેક. (યુ.એસ.એ.) છે અને અત્યારે યુ.એસ.એ.માં રહી ત્યાં પોતાનું કાર્ય કરે છે.

આ પ્રકારે ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા પરિવારના ડૉ. કમલેશભાઈ પોતાની ૭૧ વર્ષની જૈફ વયે જે સ્ફુર્તિથી આજે પણ કાર્યરત રહેવા પામેલ છે એવા ડૉક્ટરશ્રીને શત્ શત્ વંદન અને શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનું પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર આવી ઉચ્ચ પ્રતિભા ધરાવતા ડૉક્ટરોથી જે કાર્યરત રહેલ છે તે કાર્ય થકી આ સમાજ પણ ગર્વ અનુભવે છે અને સામાન્ય સમાજના લોકો માટે સેવાની જે આહલેક જગાવેલ છે તેનો પણ અધિક આનંદ સાથે ગર્વ લઈ શકાય તેવી હકીકતોનું જે નિરૂપણ થઈ રહેલ છે તેને સ્મૃતિમાં જાળવી રાખીએ એ જ મુખ્ય બીના છે. ■

## પેન્શનર જીવે તો લાખનો!

મારી નોકરી ચાલુ હતી ત્યારે વડીલ સહકાર્યકરો કહેતા, 'જીવશું તો લાખના પણ ચાલુ નોકરીએ મરી જઈશું તો સવા લાખના!' કારણકે એ વખતે ચાલુ નોકરીએ કર્મચારીનું અવસાન થાય તો પછી એક સંતાનને વારસ તરીકે એની લાયકાત મુજબ રહેમરાહે નોકરી મળતી. હવે નથી મળતી.

જ્યારે હવે મારા જેવા હજારો પેન્શનરો માટે લખી શકાય કે, 'જીવીએ તો લાખના પણ મરી જઈશું તો રાખના.' કારણકે જીવીએ ત્યાં સુધી તગડું પેન્શન મળે છે, વળી એ સતત વધતું રહે છે. જ્યારે ખાનગી જોબ કરતાં સંતાનો ફક્ત ૧૫થી ૨૫ હજારમાં કાળી મહેનત કરે છે. વાસ્તવમાં, એમનું શોષણ થઈ રહ્યું છે પણ લાચારીવશ એ હકીકત ભૂલીને 'ન મામા કરતા...' એમ સ્વિકારીને મન મનાવી લીધું છે. ત્યારે પેન્શનર આજે પણ એના કુટુંબને વડ જેવી શીતળ છાયા આપે છે, કહોને હજુ એ 'ફળદાયી' છે. તેથી એ ઘરમાં 'આડો આવે' તો પણ કામનો છે. કારણકે ક્યાંક 'આડું દેવા' ઉપયોગી છે. વળી એ જેમ જેમ ઘરડો થતો જાય છે તેમ તેમ 'અમૂલ્ય' થતો જાય છે કારણકે વય મુજબ પેન્શનની ટકાવારી વધતી જાય છે. તેથી ક્યાંક તો વડીલના પેન્શનથી જ ઘર ચાલે છે. આ સત્ય હકીકત છે. વડીલો વૃક્ષ જેવા છે, ફળ સાથે શીતળ છાંયો આપે. બાગબાં થકી બાગની શોભા વધે છે. આકાશમાં તો ક્યારેક સંધ્યા ખીલે પણ ઘર ઘરમાં વડીલોની જીવનસંધ્યા સદા ખીલતી રહે એ માટે સૌની ફરજ છે. વડીલો અનેક સારા માઠા અનુભવોનાં વટવૃક્ષ છે. એમનો લાભ લઈએ.

*– જગદીશચંદ્ર છાયા*

## પ્રેમનો કારોબાર

સનમનો વિચાર આવતા રોકી શકે કોઈ,
દિલના દ્વાર માટે એવું તાળું ક્યાં જડે?

શેર બજાર જેવો પ્રેમનો કારોબાર છે,
જ્યાં નફો ઓછો અને ખોટ ઝાઝી પડે.

ક્યાં જોવાય છે કદી રંગ-રૂપ પ્રણયમાં,
નાજુક વેલ વીંટળાય બરછટ થડે.

થઈ તો જાય, પણ નિભાવવો છે મુશ્કેલ,
કદી પોતાનો જ અહમ તો કદીક જમાનો નડે.

રચાય કશ્મકશ, દિલ અને દિમાગ લડે,
હો ગુનો ગમે એનો, 'નેહ' આંખોથી આંસુ દડદડે.

*નેહા શાહ 'નેહ'*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## *તનિષ્કના શો રૂમની મુલાકાતનો એક અનોખો કાર્યક્રમ યોજાયો*

શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિએ મંગળવાર, તા. ૧૯-૩-૨૦૨૪ના રોજ ''સોનાના ઘરેણાની જાણકારી'' વિશે એક અદ્વિતીય કાર્યક્રમ યોજેલ હતો કે જે મહિલાઓના જીવન માટે ખૂબ જ અભ્યાસપ્રદ અને રસદાયક બની રહેલ હતો. ''સોનાના દાગીનાની જાણકારી'' વિશેનો આ કાર્યક્રમ તનિષ્ક જ્વેલરી શો રૂમ - મણિનગર ખાતે યોજવામાં આવેલ હતો કે જેમાં સંસ્થાની ૬૦થી પણ વધુ બહેનો ઉપસ્થિત રહેવા પામેલ હતી.

આ કાર્યક્રમ યોજવાનો હેતુ સંસ્થાની બહેનોને સોનાના ઘરેણા વિશે સચોટ અને વિસ્તૃત માર્ગદર્શન સરળ ભાષામાં અને તે પણ ભરોસાપાત્ર માધ્યમ દ્વારા પૂરો પાડવાનો હતો.

સોનાના દાગીનાની જાણકારી માટે તનિષ્ક જ્વેલરી શો રૂમની પસંદગી એટલા માટે કરવામાં આવેલ હતી કે એ કંપની તેના ગ્રાહકો સાથે ખૂબ જ પ્રામાણિકપણે વર્તન કરી રહેલ છે અને જન સમુદાયમાં તેની છાપ એક આદર્શ કંપની તરીકે રહેવા પામેલ છે. તનિષ્ક જ્વેલરી એ ટાટા ગ્રુપની કંપની છે. ટાઈટન કંપની દ્વારા વર્ષ ૧૯૯૪થી તનિષ્ક જ્વેલરીનું નિર્માણ કરવામાં આવે છે. 'Honesty is the Best Policy'ના સિદ્ધાંત પર આ કંપની કાર્યરત રહેવા પામેલ છે અને પોતાના આદર્શ મૂલ્યો તથા નીતિમત્તાના કારણે જ સવિશેષપણે પ્રચલિત બની રહેલ છે.

ટાટા ગ્રુપ ૧૦૦ વર્ષથી પણ જૂનું છે અને તેની કંપનીઓની ટાટા સોલ્ટથી ટાટા મોટર્સ સુધીની લાંબી રેન્જ છે. આ ટાટા ગ્રુપ દર વર્ષે C.S.R. ફંડમાં ૨ ટકા નહીં પણ ૨૨ ટકા જેટલી રકમ યોગ્ય સંસ્થાઓ દ્વારા વાપરે છે. તેઓએ ટાટા ચેરીટેબલ ટ્રસ્ટ બનાવેલ છે કે જે અંતર્ગત અનેક હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, રીસર્ચ સેન્ટર વગેરે કાર્યરત રહેવા પામેલ છે. ટાટા ગ્રુપ રાષ્ટ્રીય સ્તરે કોઈ પણ જાતના પ્રચાર - પ્રસાર કર્યા વગર રાષ્ટ્રીય ઉત્થાનના કાર્યો વર્ષોથી કરતી આવેલ છે અને તેથી જ જમશેદજી ટાટા ચેરીટી પર્સન નંબર-૧ તરીકે ભારતભરમાં વિખ્યાત બની ચૂકેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિના આ કાર્યક્રમની સમજુતી આપવાની સંપૂર્ણ જવાબદારી તનિષ્ક શો રૂમના ફ્લોર મેનેજર શ્રી ગુંજનભાઈ પારેખના શિરે રહેવા પામેલ હતી કે જેઓ આ શો રૂમ સાથે વર્ષ ૨૦૦૮થી જોડાયેલા છે. તેઓશ્રી સોનાની તથા હીરાની પરખ અને તેની વિવિધ બનાવટો વિશે સારું એવું જ્ઞાન અને તેની સાથે બહોળો અનુભવ પણ ધરાવે છે.

તેઓશ્રીએ કાર્યક્રમની શરૂઆતમાં સોનાના દાગીના ખરીદતા પહેલા જે તકેદારી રાખવી જોઈએ તેના વિશે એક વીડિયો દર્શાવેલ હતો કે જેના અંશો નીચે મુજબ રહેવા પામેલ હતા.

★ અન્ય જ્વેલરી કરતાં તનિષ્ક બ્રાન્ડ જ્વેલરી કઈ રીતે ઉત્તમ છે?

★ અન્ય જ્વેલરી કરતાં તનિષ્કની જ્વેલરી કઈ રીતે મોંઘી છે?

★ ૯૧૬ હોલ માર્ક ધરાવતા ઘરેણા ખરેખર કેટલા વિશ્વસનીય છે?



*કાર્યક્રમ દરમિયાન હાજર રહેલ બહેનો*



*સોનાના ઘરેણા વિશે સમજ આપતા શ્રી ગુંજનભાઈ પારેખ*



*તનિષ્ક જ્વેલરી શો રૂમના મેનેજરનું બહુમાન કરતા સમિતિના સભ્યો*




*તનિષ્ક શો રૂમ – કાર્યક્રમનું સ્થળ*

★ ઘરેણાની બનાવટમાં મિલાવટ કઈ રીતે થઈ શકે?

આ વીડિયો શો દ્વારા ઉપરોક્ત દરેક પ્રશ્નોના જવાબ યોગ્ય રીતે મળી જવા પામેલ હતા. સાથે સાથે એ પણ જાણકારી પ્રાપ્ત થયેલ હતી કે તનિષ્ક પોતાના ઘરેણાની શુદ્ધતા અને વજનની ચોક્સાઈની ગેરંટી આપે છે કે જે માટે તેઓ કેરેટ મીટરનો સહારો લે છે. આથી ગ્રાહકોને તેમના પર પૂરો ભરોસો બેસે છે. તેઓના ઘરેણાની ડિઝાઈન યુનીક રહેવા પામે છે કે જે ગ્રાહકોના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની રહે છે.

ત્યારબાદ અત્રે ઉપસ્થિત સંસ્થાની બહેનોને બીજો એક વીડિયો પણ બતાવવામાં આવેલ હતો કે જેમાં ડાયમંડના કલર, કટ અને કેરેટ વિશેની સુંદર જાણકારી આપવામાં આવેલ હતી. બજારમાં લેબગ્રોન હીરા પણ મળતા થયેલ હોવાથી હીરાની પરખ પ્રમાણમાં ખૂબ જ અઘરી બને છે. આ હીરાનો ભાવ સાચા હીરા કરતા ખૂબ જ ઓછો હોવાથી તેનું ચલણ બજારમાં ખૂબ જ વધી જવા પામેલ છે. સાચા હીરા માટેના સર્ટીફિકેટ આપતી યોગ્ય સંસ્થાઓ વિશેની માહિતી પણ તેમણે આપેલ હતી.

એક તરફ વધતી જતી મોંઘવારી અને તેના કારણે વધતા જતા સોનાના ભાવ અને અન્ય તરફ બહેનોમાં વધતો જતો સોના તરફનો લગાવ વગેરેને ધ્યાનમાં રાખીને તનિષ્કે સોના અંગેની કેટલીક સ્કીમો બહાર પાડી છે, જેવી કે Gold Harvest Scheme, Old Gold exchange scheme વગેરે વગેરે. આ સ્કીમો વિશે શ્રી ગુંજનભાઈએ ઉપસ્થિત બહેનોને સારી એવી માહિતી પૂરી પાડેલ હતી.

ઉપરોક્ત જાણકારીની વિગતો પૂર્ણ થયા પછી સૌ હળવા મિજાજમાં આવી ગયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત બહેનોના મનોરંજન માટે તનિષ્ક દ્વારા જે કરાઓકે સિસ્ટમની વ્યવસ્થા કરી રાખવામાં આવેલ હતી તે કરાઓકે પર ગીતો ગાવાનું શરૂ કરવામાં આવેલ હતું. ઉપસ્થિત બહેનોએ તાલબધ્ધ અને લયમય થઈને જૂના પિક્ચરોના ગીતો ખૂબ જ સરસ રીતે ગાયા હતા કે જેના કારણે સંપૂર્ણ વાતાવરણ રંગમય અને આનંદમય બની જવા પામેલ હતું.

હેર ડોનેશન અભિયાન અંતર્ગત કુ. રાજવી નેહલ વિનોદ થારાણીને મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ તનિષ્ક દ્વારા ઉપસ્થિત બહેનોના હાથે કેક કટીંગ કરાવી આ પ્રસંગની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી. સાથે સાથે ચા-કોફી, લીંબુ પાણી અને જૈન વાનગીની સૌએ મિજબાની માણેલ હતી.

કાર્યક્રમના અંતભાગે મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા શ્રી ગુંજન પારેખ તથા તેમની ટીમનું બુકે દ્વારા બહુમાન કરવામાં આવેલ હતું.

આ શો રૂમની મુલાકાત બાદ દરેક બહેનોના મનને ખાત્રી થયેલ હતી કે હવે આપણે ભવિષ્યમાં ક્યારેય પણ સોનાના દાગીના ખરીદવામાં છેતરાશું નહીં અને નાના રોકાણથી છેલ્લામાં છેલ્લી ડિઝાઈનના ઘરેણા ખરીદ કરી શકીશું.

આજનો આ કાર્યક્રમ તનિષ્ક દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ હતો કે જેની નોંધ લઈ સૌ છૂટા પડ્યા હતા.

***સુલુબેન જલદીપ શાહ***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

***નોંધ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની 'મહિલા ઉત્કર્ષ સમિતિ'ની પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવવા મોબાઈલ નંબર : ૮૦૦૦૯ ૭૨૯૬૯ પર ફોન કરવા વિનંતી.***

# વયસ્ક સમિતિ

તા. ૨૩-૩-૨૦૨૪ને શનિવારે બપોરના ૩ વાગ્યાથી વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ યોજાઈ ગયો હતો.

સૌ પ્રથમ કન્વીનર શ્રી દિલીપ દંડે સૌને આવકાર્યા હતા. ત્યારબાદ આજના દિવસને અનુલક્ષીને છ ગાઉ યાત્રાની ઝાંખી કરાવવામાં આવી હતી. ત્યારબાદ 'પાલ' માટે નીચેની વ્યક્તિઓ તરફથી ડોનેશન મળેલ હતું. તેમનું બહુમાન કરવામાં આવેલ હતું.

રૂા. ૫૫૦૦/- શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહ
રૂા. ૧૧૦૦/- શ્રીમતી સુશીલાબેન નિરંજન મૈશેરી
રૂા. ૧૧૦૦/- શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર
રૂા. ૧૧૦૦/- શ્રીમતી કલ્પનાબેન હરખચંદ પોલડિયા
રૂા. ૧૧૦૦/- શ્રીમતી ચેતના વિજય મોરબીયા
રૂા. ૧૧૦૦/- શ્રીમતી રેખાબેન મનહર વિશનજી દેઢિયા
રૂા. ૧૧૦૦/- શ્રી કૃણાલ શાંતિલાલ ગોસર
રૂા. ૧૧૦૦/- શ્રી નરેન્દ્ર હરિલાલ સંઘવી
રૂા. ૧૧૦૦/- શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
રૂા. ૧૧૦૦/- શ્રી નવીન વાડીલાલ મહેતા
રૂા. ૧૧૦૦/- શ્રી ભૂપેન્દ્ર નેણશી બાબરીયા

ત્યારબાદ 'કસુંબા' પિક્ચર નિહાળીને સૌએ શેત્રુંજયની રક્ષા કરનારની ભારોભાર પ્રશંસા કરી. અંતમાં સૌએ પાલમાં ચૌવિહાર કરી છૂટા પડ્યા.


***દિલીપ દંડ***
***કન્વીનર - વયસ્ક સમિતિ***

## વયસ્ક સમિતિ

***વયસ્ક સમિતિ દ્વારા છેલ્લા ૧૮ વર્ષથી સભ્યો માટે અવારનવાર સંગીત / હાસ્ય કાર્યક્રમ / જાદુ / કવિતાઓ / અલગ અલગ ડૉક્ટરોના લેક્ચરો / હાઉસી / અંતાક્ષરી વગેરે કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. એવી રીતે મહારાષ્ટ્ર / મધ્ય પ્રદેશ / રાજસ્થાન અને ગુજરાતમાં પણ ૧-૨ દિવસના વિવિધ સ્થળોના પ્રવાસના કાર્યક્રમો યોજ્યા છે.***

***આગળના અમદાવાદમાં ૧ દિવસના પ્રોગ્રામ કરવા અને બહારગામના પ્રવાસો અંગે આપ સહુ સભ્યોના સૂચનો આવકાર્ય છે.***

***કન્વીનર - વયસ્ક સમિતિ***



*જન્મ દિવસની કેક કાપતા શ્રી રમણિકલાલ ગોસર*



*શ્રીમતી નિર્મળા કોઠારીનું બહુમાન કરતા શ્રી નરેન્દ્ર કોઠારી*




*શ્રીમતી રેવંતીબેન ગોસરનું બહુમાન કરતાં શ્રીમતી શિલ્પીબેન શાહ*



શ્રીમતી રેખાબેનનું બહુમાન કરતાં શ્રીમતી વિમળાબેન શાહ



શ્રીમતી ચેતનાબેનનું બહુમાન કરતાં શ્રીમતી વિમળાબેન શાહ



શ્રી ભૂપેન્દ્ર નેણશી બાબરીયાનું બહુમાન કરતાં શ્રી રજનીકાંત પારેખ



શ્રીમતી દક્ષાબેન શાહનું બહુમાન કરતાં શ્રી નરેન્દ્ર કોઠારી



શ્રીમતી રેખાબેન મનહર દેઢિયાનું બહુમાન કરતાં શ્રીમતી વિમળાબેન શાહ



શ્રીમતી નવલબેન શાંતિલાલ શાહનું બહુમાન



શ્રીમતી સુશીલા નિરંજન મૈશેરીનું બહુમાન કરતાં કમલબેન શાહ

## નાનકડી કથા

માતાના નામે હતી તે જગ્યા પોતાના નામે કરી લેવાની ઈચ્છાથી બંને ભાઈઓ મા પોતાના ઘરે રહે, તે બાબતને લઈને બંને ભાઈઓ ઝઘડવા લાગ્યા. તેઓએ મા ને પૂછ્યું તો માએ કહ્યું, 'હું જે ત્રણ ગોળીઓ લઉં છું, તેના નામ જે બતાવી આપે, તેના ઘરે હું જઈશ.' બંને ભાઈઓ નીચું જોઈ ગયા.

# યુવા વિકાસ સમિતિ

## પાલીતાણા છ ગાઉ યાત્રાનો કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત યુવા વિકાસ સમિતિ દ્વારા પાલીતાણા છ ગાઉ યાત્રાનો બે દિવસીય કાર્યક્રમ તારીખ ૨૨ અને ૨૩ માર્ચ, ૨૦૨૪ના રોજ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રા દરમિયાન અમો દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ કે જેમના સહકાર થકી અમે આ કાર્યક્રમને સફળ બનાવી શક્યા. અમોએ આ દાતાશ્રીઓનું બહુમાન કરીને જ યાત્રા શરૂ કરી હતી. જેમાં શ્રી પંકજભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય), ડૉ. કેતનભાઈ શાહ, શ્રી નિખિલભાઈ શાહ, શ્રી અનિલભાઈ શાહનંદ, શ્રીમતી ઉર્વશીબેન મનીષભાઈ સાવલાનું બહુમાન વડીલ યાત્રીકો દ્વારા તિલક કરી શ્રીફળ અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું.

આ યાત્રામાં તારીખ ૨૧ માર્ચ રાત્રિના બસ પાલડી ભવન પરથી ઉપડીને સવારના પાલીતાણા પહોંચ્યા હતા. ત્યારબાદ સવારના નવકારશી કરી અને બપોરનું ભોજન પણ પાલીતાણામાં જ લીધું હતું. ત્યારબાદ બસ હસ્તગિરી તરફ રવાના થઈ હતી. સાંજનો ચોવિહાર હસ્તગિરીમાં કરીને રોહિશાળા તીર્થના દર્શન કર્યા અને શેત્રુંજી નદીની આરતી નિહાળી, પાલીતાણા પરત ફર્યા હતા. ટ્રાફિક ખૂબ જ હોવાથી રસ્તામાં પીયુષભાઈ પારેખ અને અંકિત મહેતાએ રસ્તો ખુલ્લો કરાવીને બસને જલ્દીથી જગ્યા પર પહોંચાડી. ત્યારબાદ થોડો આરામ કર્યા બાદ રાત્રિના ૨.૩૦ કલાકે છ ગાઉ યાત્રા પ્રારંભ કરીને દરેક યાત્રીક નીચે પાલમાં ભેગા થયા. સાંજે ૫.૦૦ કલાકે સોનગઢ ખાતે ચોવિહાર માટે રવાના થયા. ત્યાં ચોવિહાર કર્યા બાદ અમદાવાદ માટે પ્રસ્થાન કર્યું.

આ યાત્રા દરમિયાન અમોને ડોનેશનની જરૂર જણાતા અમોએ બસમાં જાહેરાત કરેલ હતી. તેમાં કલીકટ ગ્રુપ, નાસીક ગ્રુપ, સવિતાબેન બાફના, મોનાબેન સુરાના, પાનયા શાહ, સુનંદાબેન પારેખ, સમ્યક રાજેશભાઈ, જીયાંશ જયદીપ શાહ, જિનાંશ જયદીપ શાહ તરફથી યોગદાન પ્રાપ્ત થયેલ અને પ્રોગ્રામ સંપૂર્ણ કરેલ.

તે દરમિયાન દરેક યાત્રીકનું રૂા. ૧૦૦/- દ્વારા સંઘપૂજન કરવામાં આવ્યું.

સંઘપૂજનના લાભાર્થી : પીયૂષ રવિલાલ પારેખ, વંદનાબેન ગડા, હીનાબેન દિનેશભાઈ શાહ, કંચનબેન ધીરજલાલ શાહ, સવિતાબેન બાફના, વિરેન્દ્રભાઈ વોરા, વર્ષાબેન સંજીવભાઈ શાહ, ધીરજલાલ મારૂ, બીના કૌશિક શાહ, કૌશિક બિપીનભાઈ શાહ.

દરેકની અનુમોદના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અમને ડૉ. કેતનભાઈ શાહનો ખૂબ જ સાથ સહકાર પ્રાપ્ત થયેલ છે. તેમના પ્રયાસથી અમોને રૂમ બુકિંગ તેમજ ભોજનશાળામાં બુકિંગ, બસ માટેની વ્યવસ્થા ખૂબ જ ઝડપી રીતે કરી આપેલ. તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

## રંગારંગ કાર્યક્રમ દ્વારા ઉજવાયો ધૂળેટી ઉત્સવ

તારીખ ૨૫ માર્ચ ૨૦૨૪ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન ખાતે ધૂળેટીનો રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૫૦થી વધુ વ્યક્તિઓએ હર્ષોલ્લાસભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડીજે સાઉન્ડ સાથે જીવનના તમામ રંગોને હર્ષથી વધાવવા માટે આનંદ સહિત ભાગ લેવામાં આવ્યો હતો.

સ્વ. શ્રી અમૃતલાલ નાનજી શાહ અને સ્વ. શ્રી નવીનભાઈ નાનજી શાહ (નવનીત)ના સ્મરણાર્થે હ. લીલાવતીબેન અમૃતલાલ શાહ (તલવાણા) તરફથી રંગબેરંગી ગુલાલ પૂરો પાડવામાં આવ્યો હતો. ડાન્સ અને ગુલાલની સાથે ખૂબ જ મજા માણીને બપોરનું ભોજન સૌએ સાથે લીધું અને પાણીનો બગાડ ના થાય તેનું પૂરતું ધ્યાન આપીને ઈકો ફ્રેન્ડલી ધૂળેટી ઉજવવામાં આવી. આ કાર્યક્રમમાં સમિતિ સાથે ડૉ. કેતનભાઈ શાહ અને પીયૂષભાઈ પારેખનો સાથ સહકાર અને માર્ગદર્શન મળેલ હતું. તેમનો ખૂબ ખૂબ આભાર.

*જયદીપ મૈશેરી, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

# અંગદાન સમિતિ : રક્તદાન અનુમોદના

મુંબઈથી આવેલ પેશન્ટ શ્રી અરવિંદભાઈ વેરશી ભેદા (કચ્છ ગામ મોખા)ને બાયપાસ સર્જરી માટે મેરીંગો સીમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન એમને ત્રણ બોટલ બ્લડની જરૂર હોવાથી અમદાવાદ ગ્રુપમાં મેસેજ મૂક્યા બાદ ત્રણ રક્તદાતા સ્વેચ્છાએ તૈયાર થઈ ગયા હતા.

| | | |
|---|---|---|
| ૧. | અનિલભાઈ હંસરાજ ગોગરી | નારોલ, અમદાવાદ |
| ૨. | વિમલ રમણિકલાલ છેડા | વસ્ત્રાપુર, અમદાવાદ |
| ૩. | કિંજલ અરવિંદ ભેદા | મલાડ, મુંબઈ |

*ત્રાણેય રક્તદાતાઓની ખૂબ ખૂબ અનુમોદના.*

*કન્વીનર - અંગદાન સમિતિ*

# બાળ કલ્યાણ સમિતિ

## બાલ સમૃદ્ધિ યોજના હેઠળ સંબંધિત બાળકોને મળવાપાત્ર રકમ અંગે જાણકારી – વાલીઓ માટે ખાસ

સમિતિ દ્વારા બાલ સમૃદ્ધિ યોજના હેઠળ આજથી ૧૮ વર્ષ પહેલા જન્મેલા બાળકોના નામે સમાજ તરફથી ચોક્કસ રકમનું રોકાણ UTI અને HDFC મ્યુ. ફંડમાં કરવામાં આવ્યું હતું.

જેમના રોકાણોને ૧૮ વર્ષ પૂરા થયા છે તેઓના નામ નીચે મુજબ છે. તેઓએ પોતાના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ (મ્યુચ્યુઅલ ફંડ તરફથી મળેલા) સાથે સમાજનો તરત સંપર્ક કરવો ખૂબ જરૂરી છે. જેથી પાકતી રકમ તેઓને મળી શકે. પુખ્ત વયના થયેલા જે બાળકનું ખાતુ બેંકમાં ન હોય તો તેમના નામનું બેંક ખાતું તેમના વાલીઓએ તરત જ ખોલાવી લેવું. રકમ પુખ્ત વયના થયેલા બાળકના નામે જ મળશે.

અગર કોઈએ પાકતી રકમ લઈ લીધી હોય અથવા બાળકનું સ્ટેટસ મ્યુ. ફંડમાં ફેરફાર કરાવી લીધું હોય તો સમાજના કાર્યાલયમાં આ સમિતિને જાણ કરશો. જેથી તેની અમો અમારા રેકોર્ડમાં યોગ્ય નોંધ કરી શકીએ.

*નિરંજન મૈશેરી, કન્વીનર - બાળ કલ્યાણ સમિતિ*

### UTIમાં મળવાપાત્ર રકમના સંબંધિત બાળકોની યાદી

*રૂ. ૩૦૦૦/- ડિપોઝીટ કરવામાં આવેલ હોય તેવા બાળકોના નામની યાદી*

| ક્રમ | બાળકનું નામ | KJSS રેફરન્સ નં. |
|---|---|---|
| ૧. | સૌરીન હસમુખલાલ અમૃતલાલ કોરડિયા | ૦૭/૧૯૯૮-૯૯ |
| ૨. | પીન્ટુ સેવંતીકુમાર રવજી વોરા | ૧૩/૧૯૯૮-૯૯ |

### HDFC Childrens Gift Fund

*રૂ. ૫૦૦૦/- ડિપોઝીટ કરવામાં આવેલ હોય તેવા બાળકોના નામની યાદી*

| ક્રમ | બાળકનું નામ | KJSS રેફરન્સ નં. |
|---|---|---|
| ૧. | જયણા હરેશ હીરાલાલ કુબડિયા | ૦૯/૨૦૦૦-૦૧ |
| ૨. | મિન્ક (સ્તુતિ) જયસુખ જયંતીલાલ વોરા | ૧૨/૨૦૦૦-૦૧ |
| ૩. | રાજવી ચંદ્રકાંત વિશનજી રાંભિયા | ૧૬/૨૦૦૦-૦૧ |
| ૪. | હેત કમલેશ નલીનભાઈ સાવલા | ૧૭/૨૦૦૦-૦૧ |
| ૫. | તીર્થ મૈત્રી અનિસ કોઠારી | ૨/૨૦૦૧-૦૨ |
| ૬. | દેવમ રસીકલાલ રવજી વોરા | ૩/૨૦૦૧-૦૨ |
| ૭. | કૃણાલ નૈમેશ નરેન્દ્ર રતિલાલ શાહ | ૪/૨૦૦૧-૦૨ |
| ૮. | રૂતાંશુ હિતેશ ધીરજલાલ સંઘવી | ૬/૨૦૦૧-૦૨ |
| ૯. | ચૈત્ય અંકુર કાંતિલાલ ભણસાલી | ૯/૨૦૦૧-૦૨ |
| ૧૦. | જીલ રાયશી હીરજી દેઢિયા | ૧૪/૨૦૦૧-૦૨ |
| ૧૧. | જૈનિલ કમલ પ્રફુલ્લ સંઘવી | ૧૫/૨૦૦૧-૦૨ |
| ૧૨. | ક્યવન સુનિલ દેવજી ગોગરી | ૨/૨૦૦૨-૦૩ |
| ૧૩. | કવિષા પ્રદીપ કાંતિલાલ સંઘવી | ૧૫/૨૦૦૨-૦૩ |
| ૧૪. | યશ નકુલ માણેકજી દંડ | ૧૭/૨૦૦૨-૦૩ |
| ૧૫. | શ્રેયાંસ રાજેશ રામજીભાઈ ગોગરી | ૨૫/૨૦૦૨-૦૩ |
| ૧૬. | વૈભવી યોગેશ દેઢિયા | ૩૧/૨૦૦૨-૦૩ |
| ૧૭. | ધ્રુવી જયેશ અજિત મહેતા | ૩૩/૨૦૦૨-૦૩ |
| ૧૮. | ક્રિશ પ્રકાશ કિરણ મહેતા | ૩૬/૨૦૦૨-૦૩ |
| ૧૯. | હિતાર્થ શર્વિલ સત્યેન્દ્ર શાહ | ૩૭/૨૦૦૨-૦૩ |
| ૨૦. | ભૂમિ દીપક માણેકજી દંડ | ૦૧/૨૦૦૩-૦૪ |
| ૨૧. | મોહિત દર્શન રસીકભાઈ વોરા | ૦૯/૨૦૦૩-૦૪ |
| ૨૨. | લોકેશ બ્રિજેશ સુરેન્દ્રકુમાર શાહ | ૧૧/૨૦૦૩-૦૪ |
| ૨૩. | કેયુરી મુકેશ ઝવેરીલાલ શેઠ | ૧૨/૨૦૦૩-૦૪ |
| ૨૪. | માનસી હિતેશ પ્રભુદાસ મહેતા | ૫/૨૦૦૪-૦૫ |
| ૨૫. | ચાર્મિ કેતન નરેન્દ્ર લોડાયા | ૮/૨૦૦૪-૦૫ |
| ૨૬. | ધ્રુવી કેતન ધનેશભાઈ શાહ | ૧૧/૨૦૦૪-૦૫ |
| ૨૭. | મીત મયુર શામજીભાઈ ગાલા | ૧૨/૨૦૦૪-૦૫ |
| ૨૮. | આરવ રૂપેશ કાંતિલાલ સાવલા | ૧૩/૨૦૦૪-૦૫ |
| ૨૯. | રૂષિલ જીજ્ઞેશ કનૈયાલાલ મહેતા | ૧૪/૨૦૦૪-૦૫ |
| ૩૦. | માનવ રાજેશકુમાર ઝુમખલાલ શાહ | ૧૫/૨૦૦૪-૦૫ |
| ૩૧. | કશ્વી અજય જયસુખલાલ મહેતા | ૧૬/૨૦૦૪-૦૫ |
| ૩૨. | કૈવલ્ય રવિન્દ્ર પ્રકાશભાઈ શાહ | ૧૭/૨૦૦૪-૦૫ |
| ૩૩. | હીર નીલેશ હીરાલાલ કુબડિયા | ૧/૨૦૦૫-૦૬ |

૩૪. સિધ્ધ પીયુષ ભોગીલાલ શાહ ૨/૨૦૦૫-૦૬
૩૫. સમકિત ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા ૩/૨૦૦૫-૦૬
૩૬. પર્વ રાજેન્દ્ર વાડીલાલ મહેતા ૧૦/૨૦૦૫-૦૬
૩૭. સખી સત્યેન્દ્ર ગોપાલજી સંઘવી ૪/૨૦૦૫-૦૬
૩૮. અર્હમ વિપુલ જયંતીલાલ દેઢિયા ૫/૨૦૦૫-૦૬
૩૯. પ્રેક્ષા દિલીપ હીરજી વોરા ૭/૨૦૦૫-૦૬
૪૦. પર્વ દિલીપ હીરજી વોરા ૮/૨૦૦૫-૦૬
૪૧. મહેક વિનોદ હીરાચંદ દંડ ૯/૨૦૦૫-૦૬
૪૨. પર્વ રાજેન્દ્ર વાડીલાલ મહેતા ૧૦/૨૦૦૫-૦૬
૪૩. મન અલ્પેશ મહેતા ૧૨/૨૦૦૫-૦૬
૪૪. સિધ્ધાર્થ મનીષ ખોના ૧૩/૨૦૦૫-૦૬
૪૫. વિહાન જય નરેન્દ્ર ખોના ૧૫/૨૦૦૫-૦૬
૪૬. નિત્યા આશિષ જાદવજી શાહ ૧૬/૨૦૦૫-૦૬
૪૭. હેત્વી પીયૂષ રવિલાલ પારેખ ૧૭/૨૦૦૫-૦૬
૪૮. શુભ નિખિલ પ્રફુલભાઈ ખોના ૧૮/૨૦૦૫-૦૬
૪૯. હેનલ (જીલ) રાયશી હીરજી દેઢિયા ૧૯/૨૦૦૫-૦૬
૫૦. મોક્ષ મિતેશકુમાર રમણલાલ લોડાયા ૨૦/૨૦૦૫-૦૬
૫૧. વંશિકા રૂષિલ ભોગીલાલ શાહ ૨૧/૨૦૦૫-૦૬
૫૨. દર્શિત સંજીવ સૂર્યકાંત શાહ ૨૨/૨૦૦૫-૦૬
૫૩. ખેલીન દીપક કલ્યાણજી છેડા ૨૩/૨૦૦૫-૦૬

## શ્રી કચ્છી વિશ્રામગૃહ પર અચલગચ્છીય મહારાજ સાહેબની પધરામણી

જિન શાસન શિરોમણી અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના કૃપાપાત્ર શિષ્ય પ્રશિષ્યો એવા પ.પૂ. ગણિવર્યશ્રી રાજરત્ન સાગરજી મ.સા. તેમજ પ્રવર્તક શ્રી પુણ્યોદય સાગરજી મ.સા., પ.પૂ. મુનિશ્રી અનંતરત્નસાગરજી મ.સા. સાથે મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા. આદિ ઠાણા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પધાર્યા હતા ત્યારે દરેક વિભાગમાં પગલા કરી સૌને ધર્મલાભ રૂપ આશિર્વાદ આપ્યા હતા.

શ્રી કચ્છથી પધારેલા દર્દીઓની શ્રી નીતિનભાઈ ગાલાએ મુલાકાત કરાવી સૌને આશિર્વાદ અપાવ્યા હતા.

ગુરૂ ભગવંતોએ મંગલાચરણ કરાવી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય કાર્યપદ્ધતિને બિરદાવી આશિર્વાદ પાઠવ્યા હતા.

*નીતિન ધનજી ગાલા*
*સહ કન્વીનર, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૫-૦૨-૨૦૨૪થી તા. ૧૫-૦૩-૨૦૨૪ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | કિશોર હીરજી નાગડા | ભુજ | ૨૬-૦૨-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | વિક્રમકુમાર ચીમનલાલ બ્રોકર | અમદાવાદ | ૨૨-૦૨-૨૪ |
| ૨. | ગૌતમ શાંતિલાલ શાહ | ભુજ | ૦૮-૦૩-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | હિરેન પ્રેમચંદ સાવલા | થાણા | ૨૦-૦૨-૨૪ |
| ૨. | મહેશ ઠાકરશી લોડાયા | અમદાવાદ | ૨૦-૦૨-૨૪ |
| ૩. | વિનોદ કરમશી મોમાયા | કચ્છ | ૦૪-૦૩-૨૪ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | પંકજ મેઘજી ગોગરી | અમદાવાદ | ૨૧-૦૨-૨૪ |
| ૨. | મણિલાલ કુંવરજી દેઢિયા | મુંબઈ | ૦૪-૦૩-૨૪ |
| ૩. | દિનેશ હીરજી શાહ | અમદાવાદ | ૦૬-૦૩-૨૪ |
| ૪. | ગુલાબ રતનશી સાયા | અમદાવાદ | ૦૭-૦૩-૨૪ |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અગત્યની જાહેરાત

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્વામિવાત્સલ્ય – વાર્ષિક કાર્યક્રમ સમયે "બ્લડ ડોનેશન કેમ્પ"માં જેઓએ રક્તદાન કરેલ હોય એ રક્તદાતાઓને અપીલ કરવામાં આવે છે કે તેઓએ પોતાના પ્રમાણપત્ર (સર્ટીફિકેટ) શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટના લાઈબ્રેરી વિભાગમાંથી રૂબરૂ આવીને મેળવી લેવા.*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **નવીન જેઠાભાઈ હીરજી લાલકા**
  ઈ-૩૦૩, રત્નદીપ ટાવર,
  અર્જુન ટાવરની બાજુમાં,
  સી.પી. નગર, ઘાટલોડિયા,
  અમદાવાદ-૩૮૦ ૦૬૧.
  મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧, ૯૪૦૯૬ ૩૭૮૭૫
- **મનહરલાલ વિશનજી મોનજી શાહ (દેઢિયા)**
  બી-૬૦૧, શ્લોક એલિઝીયમ,
  આર.સી. ટેકનિકલ કોલેજ, ગણેશકુંજ બંગ્લોઝ પાસે,
  સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.
  મો. ૯૩૧૬૧ ૩૬૧૫૦, ૯૮૨૫૦ ૦૭૪૩૧
- **ઇશ્વર નાનજી મોરારજી ગઢેચા**
  એફ-૧૦૨, શ્રી શરણ-૨,
  આનંદ નિકેતન સ્કૂલ પાસે,
  ખ્યાતિ સર્કલ પાસે, શીલજ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૯.
  મો. ૭૮૫૯૯ ૫૨૯૬૯, ૯૯૭૯૮ ૭૧૦૭૭

### અવસાન નોંધ

- **બુધવાર, તા. ૧૩-૩-૨૦૨૪**
  **લીલાવંતીબેન કલ્યાણજી છેડા** (ઉં.વ. ૮૭) (રાયણ - અમદાવાદ)નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

*પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ

રૂા. ૨૯,૪૦૦/- એપોલો હોસ્પિટલ ઈન્ટરનેશનલ લિમિટેડ - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર - અમદાવાદ

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૧૫,૦૦૦/- શ્રી પદમકુમાર ધનજી નાગડા - હુબલી (કર્ણાટક)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## કેસર કેરી પછી ગુજરાતના બીજા ફળ કચ્છી ખારેકને GI ટેગ મળ્યો

કચ્છની ખાસિયત બની ગયેલી કચ્છી ખારેકને GI ટેગ મળ્યો છે. ગુજરાતમાં કેસર કેરી પછી કચ્છી ખારેક બીજું ફળ છે જેને કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ, ડિઝાઇન એન્ડ ટ્રેડમાર્ક અંતર્ગત જીઓગ્રાફિકલ ઈન્ડેક્સ (GI) ટેગ આપવામાં આવ્યો છે. કચ્છના ખેડૂતોની આ એક મોટી વૈશ્વિક ઉપલબ્ધિ છે.

કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ, ડિઝાઈન એન્ડ ટ્રેડમાર્ક (CGPTD) એ હાલમાં જ એક યાદી બહાર પાડી હતી જેમાં યુનાઈટેડ ફાર્મર પ્રોડ્યુસર કંપની દ્વારા કચ્છી ખારેકને GI ટેગ મળે એ માટે સંયુક્ત રજૂઆતો કરવામાં આવી હતી. જેની અરજી સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટી દ્વારા જૂન ૨૦૨૧માં કરવામાં આવી હતી. જે અંતર્ગત દાંતીવાડા યુનિવર્સિટીના તે સમયના રીસર્ચ સાયન્ટીસ્ટ સી. એમ. મુરલીધરને મુંદ્રા ખાતે કચ્છી ખારેકનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કચ્છી ખારેકને આ જે દરજ્જો મળ્યો છે તે એક બહુ મોટી કૃષિ સફળતા છે. આના થકી કચ્છની ખારેકને એક અલગ દરજ્જો મળ્યો છે. આના કારણે કચ્છના ખેડૂતોમાં તેને લઈને માર્કેટીંગ અને ઉત્પાદનની નવી માનસિકતા ઊભી થશે.

૨૦૧૧માં ગુજરાતના ગીરમાં થતી કેસર કેરીને GI માર્ક મળ્યો હતો. એ પછી કચ્છી ખારેક બીજું ફળ છે. જો કે કૃષિ શ્રેણીમાં ગુજરાતના ભાલીયા ઘઉંને GI માર્ક મળેલો છે.

કચ્છમાં છેલ્લા ૪૦૦ વર્ષથી ખારેક આવી હોવાનું મનાય છે. મધ્ય એશિયાઈ વિસ્તારોમાંથી હજ કરીને આવતા વેપારીઓ દ્વારા કચ્છના મુંદ્રા વિસ્તારમાં ખજૂરનો વિકાસ થયો હોવાનું મનાય છે. એવો પણ ઉલ્લેખ છે કે કચ્છના રાજાઓને ત્યાં આરબ ગાર્ડનરો કામ કરતાં અને તેમણે ખારેકની ઉત્તમ જાત વિકસાવી હોય. **હાલમાં કચ્છમાં બે કરોડ ખારેકના વૃક્ષો છે જેમાંથી ૧૭ લાખ જેટલાં દેશી જાતના છે.** ખારેકનું દરેક વૃક્ષ પોતાની રીતે આગવું અને અનોખું છે. મુંદ્રાની દરેક વાડીમાં થતી ખારેકની આગવી ખાસિયતો છે. જેમાં સ્વાદથી લઈને રંગની વિવિધતા જોવા મળે છે. જી.આઈ. જર્નલમાં ખાસ નોંધવામાં આવ્યું છે કે **કચ્છ એકમાત્ર એવો પ્રદેશ છે જ્યાં દેશની ૮૫ ટકા ખારેક થાય છે.** સામાન્ય રીતે જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં ખારેકના ફૂલો આવે છે. જુન-જુલાઈમાં તેને ઉતારવામાં આવે છે. હાલમાં ગુજરાતની ૧૯ હજાર હેક્ટર જમીનમાં ખારેકનું ઉત્પાદન થઈ રહ્યું છે.

*"ગુજરાત સમાચાર"ના સૌજન્યથી*

# સૌને પોસાય એવાં ઓછી કિંમતનાં વસાવવા જેવાં અણમોલ પુસ્તકો

### સાંપ્રત સમયમાં નારી
**લે. બેલા ઠાકર** [₹ 90]

આજની સ્ત્રી શું ઝંખે છે, તે ક્યાં જવા ઇચ્છે છે, એની માંગ, એની મૂંઝવણ અને એની મર્યાદા વિશે એ કેટલી સ્પષ્ટ છે એનું દર્શન વિવિધ ઉદાહરણો દ્વારા આ પુસ્તકમાં કરાવ્યું છે. લગ્નજીવનની પરંપરા અને પુરુષના સ્વામિત્વને આજની સ્ત્રી કેવી રીતે જુએ છે અને એની અપેક્ષાઓ કેવી છે એ સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કરતું આ પુસ્તક દરેક મહિલાએ અવશ્ય વાંચવું જોઈએ.

### નિજી આકાશ
**લે. રંજના હરીશ** [₹ 80]

ગુજરાતી સાહિત્યમાં સાવ અનોખી ભાત પાડતું આ પુસ્તક મહિલાઓ માટે પ્રેરણાની પરબ સમાન છે. એમાં અરુંધતી રોય, ટોની મોરિસન, પ્રતિભા અગ્રવાલ, ઇન્દિરા ગોસ્વામી, વિજયાલક્ષ્મી પંડિત, હેલન કેલર જેવી દેશ-વિદેશની અનેક મહિલા પ્રતિભાઓનું ચરિત્ર-આલેખન છે

### કલ્લુની કમાલ અને બીજી વાતો
**લે. અરુણિકા મનોજ દરૂ** [₹ 70]

ટૂંકી છતાં માર્મિક 15 બાળવાર્તાઓનો આ સંગ્રહ, બાળકોને ભરપૂર મોજ આપશે. પ્રાસંગિક ચિત્રોને કારણે આકર્ષક બનેલું આ પુસ્તક બાળકો વારંવાર વાંચવા પ્રેરાશે એવો વિશ્વાસ છે

### કદલીવન
**લે. વિનોદિની નીલકંઠ** [₹ 80]

પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓ પર થતા અત્યાચાર અને મહિલાઓને થતા અન્યાય વિશે સતેજ કલમ ચલાવનાર વિનોદિની નીલકંઠની આ મહિલાપાત્ર-પ્રધાન નવલકથા છે. એમાં નારીનાં અનેક સ્વરૂપો પ્રગટ થાય છે. કદલીવનમાં ઝમકુ ડોસી અને ઉમિયા માસીમાં નારીના વિરલ સ્વરૂપનું દર્શન થાય છે.

### રાષ્ટ્રગુરુ સમર્થ રામદાસ
**લે. સ્મિતા ભાગવત** [₹ 130]

છત્રપતિ શિવાજીના સમયગાળાના રાષ્ટ્રગુરુ રામદાસના જીવન-આધારિત આ વિરલ-વિશિષ્ટ નવલકથા છે. સ્વામી રામદાસ વિદ્વાન કવિ અને રાજનીતિજ્ઞ હતા. એમના વિપુલ સાહિત્યસર્જન ઉપરાંત સમાજઘડતરની અને રાષ્ટ્રનિર્માણની એમની ભાવના આ નવલકથામાં અદ્ભુત રીતે ઘાટ પામી છે

### ગુજરાતી રંગભૂમિનાં ગીતો
**સંપા. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'** [₹ 200]

નાટક અને કવિતાને ચાહતી પ્રત્યેક વ્યક્તિ માટે આ પુસ્તક અણમોલ છે. પ્રાચીન સમયની આપણી નાટ્ય-પરંપરાનો એમાં અભ્યાસ પણ છે અને નાટક દરમિયાન સ્ટેજ પર ગવાતાં ૪૦થી વધુ કવિઓનાં 400 જેટલાં ગીતોની ઝલક પણ આ પુસ્તકમાંથી મળે છે. દરેક ગીત લય અને અર્થ બંને દૃષ્ટિએ અત્યંત રોચક છે. ગુજરાતી સાહિત્યમાં કદાચ આવું પુસ્તક બીજું કોઈ નથી.

### જીવનસરગમ
**લે. બિંદુબહેન કચરા** [₹ 150]

સંગીતની સરગમમાં ભલે સાત જ સૂર હોય, જીવનની સરગમમાં તો અગણિત સૂર હોય છે. આ તમામ સૂર સમજવામાં ક્યારેક આપણું આયખું ઓછું પડે છે ! આ પુસ્તકમાં જીવનને સુખમય અને હર્યુંભર્યું બનાવવાની પ્રેરણા આપતા 42 લેખો છે

### રેવા ખંડ
**લે. ભાનુપ્રસાદ જોશી** [₹ 100]

આ પુસ્તક અધ્યાત્મપ્રેમીઓ અને પ્રકૃતિપ્રેમીઓ માટે ખૂબ પ્રેરણાદાયક છે. આમ તો સ્કંદપુરાણના રેવા ખંડનો આ ગુજરાતી અનુવાદ છે; પરંતુ એમાં નર્મદા નદીની ભવ્યતા, એનો ઇતિહાસ અને એની રમણીયતાનો અનુભવ પણ થાય છે

### કાવ્યસમુચ્ચય ભા. 2
**લે. રામનારાયણ વિ. પાઠક** [₹ 30]

300થી વધુ પૃષ્ઠસંખ્યા ધરાવતું, ગુજરાતી ભાષાનાં 144 વિરલ અને વિશિષ્ટ કાવ્યોની સમૃદ્ધિ સહિતનું આ પુસ્તક કવિતાપ્રેમીઓએ તાત્કાલિક વસાવી લેવું જોઈએ. કલાપી, ખબરદાર, ગોવર્ધનરામ, દલપતરામ, નરસિંહરાવ, ન્હાનાલાલ, બળવંતરાય, મણિલાલ ન. દ્વિવેદી જેવા સમર્થ કવિઓની યાદગાર કવિતાઓ આ પુસ્તકમાં ઉપલબ્ધ છે

### વેંત છેટું આકાશ
**લે. સ્મિતા ભાગવત** [₹ 100]

ફ્રાન્સ દેશની એક કૉન્ફરન્સમાં ઉપસ્થિત રહેલાં લેખિકાએ એમના અનુભવો આ પુસ્તકમાં આલેખ્યા છે. એ દૃષ્ટિએ આ પ્રવાસવર્ણન કહી શકાય, પરંતુ અહીં માત્ર પ્રવાસનું વર્ણન નથી. બે દેશ વચ્ચેની સંસ્કૃતિનો તુલનાત્મક અભ્યાસ પણ એમાં છે અને લેખિકાની આગવી દૃષ્ટિના અવલોકનનો જાદુ પણ એમાં છે. એમાં સંસ્મરણો પણ છે અને સંસ્કૃતિ પણ છે

### બસ, હવે હું જાઉં છું
**લે. ધીરજ બારુપાર** [₹ 90]

આ પુસ્તકમાં 18 નવલિકાઓ છે. દરેક નવલિકાનો વિષય જરા હટકે છે. દરરોજ આપણી આસપાસની દુનિયામાં બનતી દુર્ઘટનાઓ એમાં આલેખાઈ છે. આત્મહત્યા કરતાં પહેલાં માણસ ભીતરથી કેટલો રિબાતો હશે અથવા એના ગુસ્સાનો જ્વાળામુખી એની અંદર કેવો ભભૂકતો હશે, એવી સંવેદના વ્યક્ત કરતી આ નવલિકાઓ છે

### અમે મુસાફર
**લે. દિલીપ રાણપુરા** [₹ 170]

મુલ્લા નસરુદ્દીન વિશે અનેક રસપ્રદ અને હાસ્યસભર કથાઓ આપણે વારંવાર વાંચી છે અથવા સાંભળી છે. આ પુસ્તકમાં લેખકે નસરુદ્દીનનું સમગ્ર જીવનચરિત્ર આલેખ્યું છે. મુલ્લા નસરુદ્દીન કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા, તેઓ મહાન સૂફી હતા. આચાર્ય રજનીશ તો મુલ્લા નસરુદ્દીનની અનેક પ્રસંગકથાઓ પોતાનાં પ્રેરક વક્તવ્યોમાં માર્મિક રીતે વારંવાર રજૂ કરતા હતા. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારનું પુસ્તક કદાચ આ એકમાત્ર છે

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

જીવનમાં એક મિત્ર
કૃષ્ણ જેવો હોવો જોઈએ
જે તમારા માટે યુદ્ધ ન લડે
પણ સાચું માર્ગદર્શન તો જરૂર આપે

લાગણી છલકાય જેની વાતમાં
એક બે જણ હોય તેવા લાખમાં
શબ્દ સમજે એ સગાં
મન સમજે એ મિત્ર

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
**(મહાવીર ગ્રુપ - ધામાવાળા)**
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi VEDA
Essence of Nature

HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



**Book Shelf**

English & Gujarati books

For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com
16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009
Like Us On | Book Shelf | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK ESTD 1995
Multi-State Bank

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**

મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



**SKYBLUE STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

South Bopal : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
Krutika Haria : 9099047163

Surdhara : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
Piyush Salva : 9879568027



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડૉ.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યુટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઈન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

Bharat B. Gala
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬


*દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી, કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.*

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**